જાન્યુઆરી ઉમરાહ
રવા.તા.૨૭/૦૧/૨૦
www.kaki.world
KAKI FOREX
રઝાક એન્ડ સન્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9426579900 Ph. 079-26588888, 22166666

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૨૦-૧૨-૨૦૧૯ શુક્રવાર
AHMEDABAD
ESTABLISHED-1991

Regd. Ministry of Minority Affairs (Haj-Division) Govt. of India
મોઈન હજ ટુર્સ
રમઝાન ઉમરાહ ૨૦૨૦
હજ્જ-૨૦૨૦
દિવસ-૩૦ થી ૩૨ રવાનગી: ૨૩/૦૪/૨૦
દિવસ-૩૮ થી ૪૦ રવાનગી: ૨૮/૦૬/૨૦
079-25393331, 9427027782, 9687627782

Regd. No.Guj.168/2018-2019 Valid up to Dt. 31-12-2019 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 • વર્ષ-૨૯ અંક-૧૩૯ • ૨૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૧ • 20 DECEMBER- 2019 • PAGES 12 • મૂલ્ય ₹ ૫.૦૦



૨૧ શનિ, ૨૨ રવિ, ડિસેમ્બર, ૨૦૧૯
સમય: સવારે ૧૦ થી ૮ રાત્રે
૧૨૦ થી વધારે શૈક્ષણિક અને કારકિર્દી ને લગતા સ્ટોલ.
સ્કોલરશીપ અને શૈક્ષણિક લોન ની માહિતી.
નામાંકિત શિક્ષણવિદો દ્વારા વિવિધ વિષયો પર સેમિનાર અને
વિવિધ શૈક્ષણિક માર્ગ દર્શક કાર્યક્રમો.
અભ્યાસ થી કારકિર્દી સુધી પહોચવા માટે ની યોગ્ય દિશા.
૧૫૦ થી વધુ વિશેષજ્ઞો દ્વારા વ્યક્તિગત કારકિર્દી માર્ગ દર્શન.
જોબ ફેર અને સાયન્સ ફેર.
નામાંકિત શાળાઓ યુનિવર્સિટી સંસ્થાઓ દ્વારા સીધી માહિતી.
સફળ લોકો સાથે સીધા સંવાદ.
કલમ સે કામયાબી, તય હૈ.
કાલે થી...
IANT Presents
3rd AHMEDABAD MEGA edufest
A Unique Education & Career Fair
21st & 22nd Dec. 2019 River Front Ground, Bh. Tagore Hall, Ahmedabad
10 AM TO 8 PM
વધુ માહિતી માટે સંપર્ક કરો:
૯૯૭૯૪ ૫૫૫૬૮ - ૯૬૩૮૩ ૭૭૨૨૯

# દેશભરમાં CAAનો પ્રચંડ વિરોધ : અનેક અટકાયતો, કેટલાક ભાગોમાં ઈન્ટરનેટ બંધ

## ઉત્તરપ્રદેશ, દિલ્હી, કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત સહિતના મોટાભાગના રાજ્યોમાં નાગરિકતા કાયદાનો વિરોધ કરવા દેખાવકારો માર્ગો પર ઉતર્યા, કેટલાક સ્થળોએ પોલીસ ફાયરિંગ અને ટીયરગેસના શેલ છોડાયા, અનેક ભાગોમાં મોબાઈલ ઈન્ટરનેટ સહિત વોઈસ કોલિંગ સેવા પણ બંધ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯

નાગરિકતા સુધારા કાયદા વિરૂદ્ધ ગુરૂવારે પણ દેશભરમાં દેખાવો ચાલુ રહ્યા હતા. પટના, દિલ્હી, લખનઉ, હૈદરાબાદ, અમદાવાદ સહિતના મોટાભાગના રાજ્યો તથા શહેરોમાં દેખાવકારો માર્ગો પર નીકળી પડ્યા હતા. લખનઉમાં દેખાવો હિંસક બની ગયા હતા અને ઠેર-ઠેર આગચંપી અને તોડફોડના બનાવો બન્યા હતા. પોલીસની ગાડીઓ સહિત અનેક ગાડીઓમાં આગ ચાંપી હતી. ટોળાને કાબૂમાં રાખવા માટે પોલીસે લાઠીચાર્જ પણ કર્યો હતો. દેખાવકારોએ પરિવર્તન ચોક પર એનડીટીવીની ઓબી વેન પર પણ હુમલો કર્યો હતો અને તેને નુકસાન પહોંચાડ્યું હતું. આ પહેલા ઉત્તરપ્રદેશના સંભલમાં દેખાવકારોએ રાજ્ય પરિવહન નિગમની બસોને આગ ચાંપી દીધી હતી. દિલ્હીમા નવા કાયદા વિરૂદ્ધ દેખાવકારોની ભીડ વધતા દિલ્હી મેટ્રોના ૨૦ સ્ટેશનો બંધ કરાયા હતા. બીજી તરફ દેશભરમાં ચાલી રહેલા દેખાવો વચ્ચે ગૃહમંત્રી અમિત શાહે ઈમરજન્સી બેઠક બોલાવવાની ફરજ પડી છે. સૂત્રો અનુસાર લખનઉમાં હિંસાને લઈ સરકાર ભારે ચિંતામાં છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી જી કિશન રેડ્ડી અને કેન્દ્રીય ગૃહસચિવ અજયકુમાર ભલ્લા આ બેઠકમાં સામેલ થયા હતા. દિલ્હીમાં વકીલ પ્રશાંત ભૂષણ, સામાજિક કાર્યકર હર્ષ મંદર જેવા લોકોની અટકાયત કરાઈ હતી. કર્ણાટક અને ઉત્તરપ્રદેશમાં પણ સેંકડો લોકોની અટકાયત કરાઈ હતી.

### નાગરિકતા કાયદાના વિરોધમાં દેશ ભડકે બળ્યો, ઠેર-ઠેર ચક્કાજામ, બસોને આગચંપી, તોડફોડ, ટ્રેનો રોકાઈ, બે પોલીસ ચોકીને આગને હવાલે કરાઈ

**આ અંગે ૧૦ મહત્વના મુદ્દા**

૧. દેશના મોટાભાગના શહેરોમાં નાગરિકતા સુધારા કાયદા વિરૂદ્ધ લોકો માર્ગો પર ઉતરી આવ્યા છે ત્યારે ૨૦૧૪માં પ્રથમવાર ચૂંટાયા બાદ વડાપ્રધાન મોદી સામે આ પ્રથમ એવો મોટો પડકાર ઉભો થયો છે. આ વિવાદાસ્પદ કાયદો પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાંથી ૨૦૧૪ પહેલા આવેલા બિન મુસ્લિમ લોકોને શરણ આપે છે. ટિકાકારોએ કહ્યું કે, ધર્મના આધારે ભાગલા પાડતો આ કાયદો દેશના બંધારણીય માળકાને પડકારે છે.

૨. આ અઠવાડિયે હિંસક રહેલા દિલ્હીમાં હજારો સમર્થકો સાથે લાલ કિલ્લા તરફ કૂચ કરી રહેલા સ્વરાજ ઈન્ડિયાના પ્રમુખ યોગેન્દ્ર યાદવની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે દેશભરમાં બુધવારે સાંજે રેલીની પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. દિલ્હીમાં અનેક સ્થળોએ ટ્રાફિક ડાયવર્ટ કરાયો હતો અને મેટ્રોને ૨૦ સ્ટેશનો બંધ રખાયા હતા.

૩. દિલ્હી સહિતના અનેક શહેરોમાં વોઈસ, ઈન્ટરનેટ અને એસએમએસ સેવા બંધ રાખવામાં આવી હતી. દિલ્હીના ઉત્તર અને મધ્ય જિલ્લાઓ, મંડી હાઉસ, સીલમપુર, જાફરાબાદ, મુસ્તફાબાદ, જામિયા નગર, શાહીન બાગ અને બવાનામાં કે જ્યાં મોટાભાગની અખબારની ઓફિસો આવેલી છે ત્યાં પણ મોબાઈલની કેટલીક સેવાઓ બંધ કરાઈ હતી.

૪. દિલ્હીમાં લાલ કિલ્લા અને મંડી હાઉસમાં બે સ્થળો પર યોજાયેલા વિશાળ દેખાવમાં વિપક્ષના નેતા ડી રાજા, સીતારામ યેચૂરી, નિલોતપાલ બાસુ, બ્રિન્દા કરાત, અજય માકન, સંદીપ દિક્ષિત અને કાર્યકરો યોગેન્દ્ર યાદવ અને ઉમર ખાલીદ જેવા લોકોની અટકાયત કરાઈ હતી.

૫. દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્વિટ કર્યું હતું કે, તેમણે દિલ્હી અને ગુરગાંવના માર્ગો પર બેરિકેડ લગાવ્યા છે. આ પગલું દેશના પાટનગરમાં પ્રવેશનારા દેખાવકારોને રોકવા માટે લેવાયું હતું. એરપોર્ટ પર જઈ રહેલા લોકો પણ ફસાયા હતા કારણ કે ૧૫થી વધુ ફ્લાઈટ મોડી પડી હતી.

૬. મુંબઈના ક્રાંતિ મેદાનમાં દેખાવમાં ભાગ લેવા માટે આશરે ૧૫,૦૦૦થી વધુ લોકો પહોંચ્યા હતા. બીજી તરફ ચેન્નાઈમાં પોલીસે પરવાનગી આપી ન હોવા છતાં રેલી કઢાઈ હતી. અભિનેતામાંથી રાજનેતા બનેલા કમલ હાસને પોલીસને કહ્યું હતું કે, તેઓ લોકશાહીના અવાજને દબાવવાનો પ્રયાસ ના કરે.

૭. ઉત્તરપ્રદેશમાં સમગ્ર રાજ્યમાં ધારા ૧૪૪ લાગુ કરી દેવાઈ છે જેમાં ચાર લોકોથી વધુ સામે ભેગા થવા પર પ્રતિબંધ મુકયો હતો. લખનઉમાં દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને મોટરસાયકલો સળગાવી હતી તથા પોલીસ ચોકીને પણ લગાવાઈ હતી. સંભલમાં પણ દેખાવકારોએ બે સરકારી બસોમાં આગ ચાંપી હતી.

૮. કોલકાતામાં મુખ્યમંત્રી મમતા બેનરજીનીઆગેવાનીમાં જ છેલ્લા ચાર દિવસથી પગપાળા વિરોધ રેલીઓ યોજાઈ રહી છે ત્યારે ગુરૂવારે પણ મમતાએ વિશાળ માર્ચ યોજી હતી જેમાં કેરળ, પંજાબના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. મમતાએ પોતાના રાજ્યમાં નાગરિકતા સુધારા કાયદો લાગુ કરવાનો ઈન્કાર કર્યો હતો.

૯. બેંગ્લોર ઉપરાંત કર્ણાટકના કેટલાક ભાગો જેમ કે, હુબલી, કલબુર્ગી, હાસન, મૈસૂર અને બેલ્લારીમાં ભારે દેખાવો થયા હતા. અહીં ઘણા સ્થળોએ પોલીસે અનેક લોકોની અટકાયત કરી હતી.

૧૦. કોંગ્રેસે પોલીસ પગલાંનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, ભાજપને શરમ આવવી જોઈએ કે જ્યારે દેખાવ કરવાનો દરેક ભારતીયને અધિકાર છે. કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ કેન્દ્ર સરકારને ચેતવણી આપી છે કે, તમે જેટલો અવાજ દબાવવાનો પ્રયાસ કરશો તેટલો અમારો અવાજ બુલંદ થશે.

### દરેક ફોટો બોલે છે કે 'અમે સૌ ભારતના નાગરિક છીએ અમને જુદા ના પાડો'




### યેચૂરી, રાજાની અટકાયત, CPIએ દિલ્હી પોલીસના સરમુખત્યારશાહી વલણની ટીકા કરી

### ઉત્તરપ્રદેશમાં ધારા ૧૪૪ લાગુ, લખનૌમાં સ્થિતિ વણસી, દિલ્હીમાં અનેક સ્થળોએ જોરદાર દેખાવો દરમિયાન અનેક લોકોની અટકાયતો કરાઈ

### ઈતિહાસકાર રામચંદ્ર ગુહાને લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન ઢસડીને અટકાયતમાં લેવાયા

**CAA સામેના વિરોધ પ્રદર્શનમાં જોડાવા અંગે રામચંદ્ર ગુહાનો ખુલાસો : "મને ખુશી છે કે, હું ત્યાં ગયો"**

ગુરૂવારે સવારે ઈતિહાસકાર રામચંદ્ર ગુહા વિવાદિત નાગરિકતા કાયદાનો વિરોધ કરવા દેખાવોમાં જોડાયા હતા જ્યાં તેમને પોલીસ દ્વારા લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન પોલીસ દ્વારા ઢસડીને અટકાયતમાં લેવાયાહતા. બેંગ્લોરમાં ધારા ૧૪૪ લાગુ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો પ્રદર્શન કરવા નીકળી પડ્યા હતા. રેલી શહેરની બહાર આવેલી ટાઉન હોલ ખાતે સભામાં ફેરવવાની હતી ત્યારે જ ઈતિહાસકાર રામચંદ્ર ગુહા સહિતના લોકોની અટકાયત કરાઈ હતી. તેમણે કહ્યું કે, 'અમે અહિંસક પ્રદર્શન કરી રહ્યા છીએ ત્યારે પોલીસ શા માટે અમારી અટકાયત કરે છે. મને પોલીસ પર દયા આવે છે તેઓ પોતાના માલિકોના કહ્યામાં છે. કેમ માત્ર ભાજપ શાસિત રાજ્યોમાં જ ધારા ૧૪૪ લગાવાઈ છે?

### મેંગ્લુરૂમાં દેખાવો દરમિયાન કર્ણાટક પોલીસ હવામાં ફાયરિંગ કરતી હોવાનું વીડિયોમાં કેદ

કર્ણાટકના મેંગ્લુરૂ ખાતે ગુરૂવારે નાગરિકતા કાયદાના વિરોધમાં થયેલા દેખાવો દરમિયાન એક પોલીસ કર્મચારી ટોળાને વિખેરવા માટે હવામાં ફાયરિંગ કરતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. ગુરૂવારે સમગ્ર દેશમાં નાગરિકતા કાયદા વિરૂદ્ધ દેખાવો થયા હતા. દેખાવોને ધ્યાનમાં રાખીને કર્ણાટકના પાંચ જિલ્લામાં કરફ્યુ લાદી દેવાયો છે. વીડિયોમાં દેખાય છે કે, લોકો દૂર ઊભા છે તેમની તરફ પોલીસકર્મી હવામાં ગોળીબાર કરી રહ્યો છે. આ પગલાંથી લોકો ઉશ્કેરાયા હતા અને બાદમાં હિંસા ફેલાઈ હતી. કર્ણાટકમાં ભાજપની સરકાર હોવાથી વિદ્યાર્થીઓ કે લોકોને દેખાવ કરવાની પરવાનગી અપાઈ ન હતી. પોલીસે આ ઉપરાંત ટીયરગેસના શેલ તથા લાઠીચાર્જ પણ કર્યો હતો.

### કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૭૧.૧૨ |
| પાઉન્ડ | ૯૨.૬૭ |
| યુરો | ૭૯.૧૧ |
| યેન | ૦.૬૫ |
| સઉદી રિયાલ | ૧૮.૯૭ |

### ક્યા બાત હૈ ?!

**ગૌ રક્ષકોની જેમ કાશ દેશમાં થોડા મહિલા રક્ષકો પણ હોત !**




# મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં વ્યાપક વિરોધ પ્રદર્શન

## ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ૧૯૪૨માં આ મેદાનમાં યોજવામાં આવેલી ક્વિટ ઈન્ડિયા મૂવમેન્ટ (ભારત છોડો આંદોલન)માં ભાગ લેનાર નામાંકિત ૯૪ વર્ષીય સ્વાતંત્ર્ય સેનાની જીજી પરિખ પણ ઉપસ્થિત રહ્યા

(એજન્સી) મુંબઈ, તા. ૧૯

નાગરિકતા સુધારા કાયદા (સીએએ) અને નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી) સામે ગુજરાત, દિલ્હી, આસામ, બિહાર, બંગાળ અને મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. આ વિવાદાસ્પદ કાયદાનો વિરોધ કરવા માટે મુંબઈના ઐતિહાસિક ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં પણ વિરોધ પ્રદર્શન કરવા માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા. મુંબઈના ક્રાંતિ મેદાન ખાતેથી ૧૯૪૨માં મહાત્મા ગાંધીએ તે વખતના બ્રિટિશ શાસકોને 'ભારત છોડો' કહ્યું હતું. ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં ગુરૂવારે સાંજે ચાર વાગ્યાથી સીએએ સામે વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયું હતું. ફિલ્મ સ્ટાર્સ, વિદ્યાર્થીઓ અને હસ્તીઓથી માંડીને રાજકીય પાર્ટીઓના નેતાઓ પણ વિરોધ પ્રદર્શનમાં ઉપસ્થિત રહ્યા હતા. મોદી-શાહથી આઝાદી જેવા સૂત્રોચ્ચારો કરીને પોતાના અવાજમાં રોષ સાથે પોતાના હાથ ઉંચા કરીને હજારો વિરોધ પ્રદર્શનકારીઓએ ગ્રાન્ટ રોડ ખાતે આવેલા મેદાન તરફ કૂચ કરી હતી. ગુરૂવારે ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં ૧૯૪૨માં આ મેદાનમાં યોજવામાં આવેલી ક્વિટ ઈન્ડિયા મૂવમેન્ટ (ભારત છોડો આંદોલન)માં ભાગ લેનાર નામાંકિત ૯૪ વર્ષીય સ્વાતંત્ર્ય સેનાની જીજી પરિખ પણ ઉપસ્થિત રહ્યા હતા.




રેક્સની
થાયોરેક્સ ટેબલેટ
હાયપર થાયરોઈડમાં ખૂબ જ લાભદાયક*
REX REMEDIES LIMITED
www.rexremedies.com
info@rexremedies.com
વધુ માહિતી માટે કોલ કરો
1800 8436 111



# નાગરિકતા કાયદા વિરોધી વિરોધ પ્રદર્શન અંગે આગામી ૩ દિવસ સુધી બેંગલુરૂમાં ટોળા સામે પ્રતિબંધ લદાયો

(એજન્સી) બેંગલુરૂ ,તા.૧૯

નાગરિકતા કાયદા વિરોધી વિરોધ પ્રદર્શનો અટકાવવા માટે બેંગલુરૂમાં ટોળા કે ભારે સંખ્યામાં લોકોના એકત્રિત થવા સામે પ્રતિબંધ લાદતી કલમ ૧૪૪ બેંગલુરૂ પોલીસ દ્વારા લાગુ કરી દેવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી ટોળા કે ભારે સંખ્યામાં લોકોના ભેગા થવા સામે પ્રતિબંધ ચાલુ રહેશે. બેંગલુરૂના પોલીસ કમિશનર ભાસ્કર રાવે જણાવ્યું કે ગ્રામીણ જિલ્લા સહિત સમગ્ર બેંગલુરૂમાં ગુરૂવારે સવારે છ વાગ્યાથી કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે અને ત્રણ દિવસ સુધી તેનો અમલ ચાલુ રહેશે. બેંગલુરૂમાં ટાઉન હોલ ખાતે ગુરૂવારે સવારે ૧૧ વાગે દેખાવો કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે કલબુરગીના પોલીસ કમિશનર એમએન નાગરાજે જણાવ્યું કે બંધ કરવા દેવામાં આવશે નહીં. વિભિન્ન વિભાગોની ભરતી પરીક્ષાઓને ધ્યાનમાં રાખી અને શહેરમાં કોમી એખલાસ તેમ જ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે બંધ કરવા દેવામાં આવશે નહીં.



# જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી, PSA હેઠળ કરાયેલ પાંચ ધરપકડો રદ કરી, કહ્યું કારણ જણાવ્યા સિવાય ધરપકડ કરી શકાય નહીં

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે રાજ્યના વહીવટી વિભાગના કારણ જણાવ્યા સિવાય ધરપકડ કરવા બદલ અને પબ્લિક સેફટી એક્ટ હેઠળ કરાયેલ ધરપકડો બદલ ઝાટકણી કાઢી હતી. કોર્ટે વહીવટી તંત્ર દ્વારા કરાયેલ પાંચ ધરપકડોને રદ કર્યો હતો જે પીએસએ હેઠળ કરાઈ હતી. એ સાથે કહ્યું કે, વહીવટી વિભાગે એમને અટકાયતમાં રાખવા માટેના આધારો જણાવ્યા ન હતા. સરકારના કૃત્યને બંધારણમાં અપાયેલ મૂળભૂત અધિકારોનો ભંગ ગણાવ્યો. કોર્ટે કહ્યું કોઈપણ વ્યક્તિને કારણ વિના અટકાયતમાં રાખી શકાય નહીં. નોંધનીય છે કે, આ વર્ષે પાંચમી ઓગસ્ટે અનુ.૩૭૦ રદ કર્યા પછી સરકારે કરેલ ધરપકડોને પડકારવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, સરકારનો આદેશ બંધારણના અનુ. ૨૨(૫)નું ઉલ્લંઘન છે. હજુ સુધી ૩૦૦થી વધુ અરજીઓ હાઈકોર્ટમાં દાખલ કરાઈ છે. હાઈકોર્ટે સરકારના આ પાંચ આદેશોને રદ કર્યા હતા. હાઈકોર્ટે અરજદાર એઝાઝહુસેન રિઝવીની નજરકેદ રદ કરી હતી. જે આદેશ શ્રીનગર મેજિસ્ટ્રેટે ૨૯મી ઓગસ્ટે આપ્યો હતો. હાઈકોર્ટે બીજા અરજદાર નઝીરઅહમદ મીરના અટકાયતી આદેશને રદ કર્યો. એમની અટકાયત ૭મી ઓગસ્ટે કરાઈ હતી. કોર્ટે કહ્યું હતું કે, અરજદારની વિરૂદ્ધ બધા દસ્તાવેજો રજૂ કરાયા ન હતા. જે દસ્તાવેજો બંધારણના અનુચ્છેદ ૨૨(૫) હેઠળ રજૂ કરવા અનિવાર્ય છે. એ જ રીતે હાઈકોર્ટે અરજદાર ઈમ્તિયાઝ અહમદની અટકાયતના આદેશને રદ કર્યો. હાઈકોર્ટે કુલગામ જિલ્લા મેજિસ્ટ્રેટના પરવેઝ અહમદ પાલાની નજરકેદના આદેશને રદ કર્યો. કોર્ટે કહ્યું હતું કે, અટકાયતના યોગ્ય આધારો જણાવાયા ન હતા. હાઈકોર્ટે શ્રીનગર જિલ્લા વહીવટ દ્વારા બહાર પડાયેલ ૨૦મી ઓગસ્ટના આદેશને રદ કર્યો જેમાં મંજૂર અહમદ શેખને નજરકેદ કરવા આદેશ અપાયેલ હતો. શેખને ટ્રાયલ કોર્ટે પણ જામીન આપ્યા હતા.



# માત્ર સોશિયલ મીડિયા પર વિરોધ કરવાનો સમય પૂરો થઈ ગયો : ફરહાન અખ્તર

(એજન્સી) મુંબઈ, તા.૧૯

બોલિવૂડ અભિનેતા ફરહાન અખ્તરે બુધવારે જણાવ્યું કે તે એવું માને છે કે માત્ર સોશિયલ મીડિયા પર આક્રોષ વ્યક્ત કરવાનો સમય પુરો થઈ ગયો હોવાથી નાગરિકતા સુધારા કાયદા સામે વિરોધ કરવા માટે તે શેરીઓમાં ઉતરશે. બોલિવૂડ અભિનેતાએ મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં નાગરિકતા સુધારા કાયદા સામે યોજાનારા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવાની ટ્વિટર પર જાહેરાત કરી હતી. અભિનેતાએ નાગરિકતા સુધારા કાયદા અને નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી)ના ખુલાસાની માગણી કરતો એક ફોટો શેર કર્યો છે. રવિવારે દિલ્હીમાં જામીયા મિલ્લીયા ઈસ્લામિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામે પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના ત્રણ દિવસ બાદ ફરહાન અખ્તરે આ પ્રતિક્રિયા આપી છે. જામીયા મિલ્લીયાના વિદ્યાર્થીઓ દ્વારા આ વિવાદાસ્પદ કાયદા સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ પોલીસ યુનિવર્સિટીના કેમ્પસમાં ઘૂસી ગઈ હતી અને વિદ્યાર્થીઓને ભારે માર માર્યો હતો.




# મુસ્લિમોને બલિનો બકરો બનાવી ભાજપે તેની બધી નિષ્ફળતાઓ માટે બહાનું શોધી કાઢ્યું : કાત્જુ

## દેશમાં મોટાભાગની હિન્દુ વસ્તીનું ધ્રુવીકરણ થયું છે : સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ

(એજન્સી) તા.૧૯

સુપ્રીમકોર્ટના પૂર્વ ન્યાયાધીશ માર્કંડે કાત્જુએ વિવાદાસ્પદ સિટીઝનશીપ બિલ વિરૂદ્ધ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, મને આ કહેવામાં દુઃખ થાય છે પરંતુ મારે સાચું બોલવું જોઈએ. ૨૦૦ મિલિયન જેટલા ભારતીય મુસ્લિમોના ખરાબ દિવસો આવી ગયા છે. એક ન્યૂઝ વેબસાઈટ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કાત્જુએ કહ્યું હતું કે, ભાજપે તેની બધી નિષ્ફળતાઓ માટે આ બહાનું શોધ્યું છે અને દેશના મુસ્લિમોને બલિનો બકરો બનાવવામાં આવ્યા છે. સુપ્રીમકોર્ટના પૂર્વ ન્યાયાધીશે લખ્યું હતું કે, ભારતની કુલ વસ્તીમાં ૮૦ ટકા હિન્દુઓ છે અને તેમાંથી મોટાભાગના હિન્દુઓ સાંપ્રદાયિક તેમજ ધ્રુવીકૃત (મુસ્લિમ વિરોધી) બની ચૂકયા છે, ખાસ કરીને ૨૦૧૪માં ભાજપ સત્તામાં આવ્યો ત્યારબાદ તે બધાની નજરમાં મોટાભાગના મુસ્લિમો કટ્ટરવાદી, રાષ્ટ્ર વિરોધી અને આતંકવાદી છે. આથી જ જ્યારે ગૌરક્ષકો કોઈ મુસ્લિમ વ્યક્તિનું લિંચિંગ કરી નાંખે છે ત્યારે લોકો ખુશી વ્યક્ત કરે છે અને સમજે છે કે, એક આતંકવાદી ઓછો થઈ ગયો. મુસ્લિમોને હિન્દુ યુવતીઓ સાથે છેડતી કરનારાઓ તરીકે ચિતરવામાં આવે છે જેને લોકો લવજેહાદ પણ કહે છે. કાત્જુએ લખ્યું હતું કે ભારતીય અર્થતંત્રની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. જીડીપી સતત ઘટી રહ્યું છે. દેશમાં બેરોજગારી વધી રહી છે. કૃષિ સંકટ વધી રહ્યો છે. ભારતના લોકો માટે યોગ્ય સ્વાસ્થ સેવાઓ અને સારું શિક્ષણ ઉપલબ્ધ નથી. ૧૯૨૨માં ઈટાલી અને ૧૯૩૩માં જર્મનીમાં ફાસીવાદી સરકારોએ સત્તા સંભાળી ત્યારે યહુદીઓની આ જ સ્થિતિ હતી. ભાજપ સરકાર પાસે દેશની આર્થિક કટોકટીનો કોઈ ઉકેલ નથી. આથી સરકારે તેનાથી બચવા માટે મુસ્લિમોને બલિનો બકરો બનાવ્યો છે.



# જામિયા-એએમયુ પર ઋતિક રોશને કર્યું ટ્વીટ, કહ્યું- યુવા લોકતંત્રને સલામ કરૂં છું

(એજન્સી) તા.૧૯

નાગરિકતા સંશોધન કાનૂન અને એનઆરસી પર ચાલુ વિરોધ પ્રદર્શન, જામિયા-એએમયુના વિદ્યાર્થીઓ પર અમાનુષી પોલીસ દમન અને આ બધા પર બોલીવુડ સ્ટારનું મૌન ફૈસને ઘણા નારાજ કરી દીધા છે. સોશિયલ મીડિયા યુઝર્સે તો ટ્વીટ પર #shameonBollywood અને #Spineless SuperStars જેવા હૈશટેગ ટ્રેંડ કરાવી દીધા હતા. આના એક દિવસ પછી જ હવે ફિલ્મી હસ્તીઓ વર્તમાન સ્થિતિ પર ખૂલીને બોલવા લાગી છે. રિતિક રોશને પણ આ મુદ્દા પર દુઃખ જાહેર કર્યું અને વહેલમાં વહેલી શાંતિ કાયમ થવાની આશા કરી.

રિતિકે ટવીટ કર્યું, એક પૈરંટ અને ભારતનો એક નાગરિક હોવાના નાતે હું દેશના વિભિન્ન શૈક્ષણિક સંસ્થાઓમાં ફેલાયેલી અશાંતિથી ઘણો દુઃખી છું. હું આશા કરૂં છું અને પ્રાર્થના પણ કે વહેલામાં વહેલી શાંતિ કાયમ થાય. મહાન અધ્યાપક પોતાના વિદ્યાર્થીઓથી જ શીખે છે હું દુનિયાના સૌથી યુવા લોકતંત્રને સલામ કરૂં છું.



# CAA પર મુખ્યમંત્રી ઠાકરેએ ભાજપને પૂછયું, હું જાણવા માંગું છું કે, અન્ય દેશોમાંથી આવનારા હિન્દુઓને ક્યાં અને કેવી રીતે વસાવાશે ?

(એજન્સી) મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ નાગરિકતા સંશોધન વિધેયક કાનૂન પર ગુરૂવારે ભાજપ પર નિશાન સાધતાં કહ્યું, સવાલ કર્યા હતા કે સરકાર દેશમાં શરણાર્થી તરીકે આવેલા હિન્દુઓને કયા સ્થાને અને કેવી રીતે વસાવવા માંગે છે ? તેમણે કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો હતો કે બેલગામ સીમા વિવાદમાં તે કર્ણાટકનો પક્ષ લઈ રહી છે. તેઓ રાજ્યપાલના ભાષણ પરની ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. રાજ્યપાલે મહારાષ્ટ્રના બન્ને સદનોને સંયુક્ત બેઠકને સંબોધી હતી. ઠાકરેએ કહ્યું કે હું જણાવા માંગું છું કે, અન્ય દેશમાંથી આવનારા હિન્દુઓને ક્યાં વસાવવાના છે ? ઠાકરેની પાર્ટી શિવસેનાએ લોકસભામાં નાગરિક સંશોધન વિધેયક બિલનું સમર્થન કર્યું હતું. રાજ્યસભામાં મતદાનનો બહિષ્કાર કર્યો હતો. ઠાકરેએ આરોપ લગાવ્યો કે બેલગામ મુદ્દે કાનૂની લડાઈમાં કેન્દ્ર સરકારે કર્ણાટકનો સાથ આપ્યો અને મહારાષ્ટ્રને નજરઅંદાજ કર્યું. પાંચ વર્ષથી આ ચાલી રહ્યું છે. તમામને અંધારામાં રખાયા. ગાયોના મુદ્દે હિન્દુ વિચારક વીર દામોદર સાવરકરના વિચારો પર ભાજપ તેના વિચારો સ્પષ્ટ કરે.



# સ્ટેન્ડ-અપ કોમેડિયન કૃણાલ કામરાને ભાજપ નેતાએ આપી ધમકી; કહ્યું લખી લો તમને પણ જલ્દી ફિકસ કરવામાં આવશે

(એજન્સી) તા.૧૯

સ્ટેન્ડઅપ કોમેડિયન કૃણાલ કામરાને વડાપ્રધાન મોદીની વિરોધમાં એક ટવીટ કરવું ભારે પડી રહ્યું છે. જો કે આ ટવીટ પછી મુંબઈ ભાજપના મહાસચિવ મોહિત ભારતીયએ તેમને જાહેરમાં ધમકી આપી દીધી. સીએએ અંગે કૃણાલ કામરા પાછલા કેટલાક દિવસથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સોશિયલ મીડિયાના માધ્યમથી વ્યંગપૂર્ણ વાતો કરી રહ્યા છે. કામરાએ બુધવારે પોસ્ટ કર્યું પ્રિય વડાપ્રધાન મોદી, મીડિયા તમારી સાથે છે, બોલિવુડ તમારી સાથે છે, ૩૫૩ સાંસદ તમારી સાથે છે, વાઘા કટ્ટર વ્યકિત તમારી સાથે છે, ભ્રષ્ટ અપરાધી અને દુષ્કર્મી તમારી સાથે છે, આરએસએસ તમારી સાથે છે એનઆરઆઈ ઢોકલા માફિયા તમારી સાથે છે, પરંતુ અમે મજબૂતીથી તમારી વિરૂદ્ધ ઉભા છીએ, કારણ કે દેશ તમને નથી ઈચ્છતો. આ મેસેજને શેર કરતા સ્ટેન્ડઅપ કોમેડિયને લખ્યું ફિકસ ઈટ (તેને બરાબર કરો) મોહિત ભારતીયને આ ટવીટ ગમ્યુ નહીં તેમણે લખ્યું કે, મારી વાત લખી તો તમને પણ જલ્દી ફિકસ કરવામાં આવશે.



# શરદ પવાર : દેશને ભાજપના એવા વિકલ્પની જરૂર છે જે ભારતમાં ટકી શકે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯


એનસીપીના પ્રમુખ શરદ પવારે કહ્યું છે કે, દેશને સત્તાધારી ભાજપનો એવો વિકલ્પ જોઈએ છે જે ભારતમાં ટકી શકે. શરદ પવારનું આ નિવેદન રાહુલ ગાંધીને નિશાન બનાવી કરાયું હતું. રાષ્ટ્રીય સ્તરે ભાજપ વિરોધી ગઠબંધન બનાવવાની સંભાવનાઓ અંગેના સવાલ પર પવારે સંવાદદાતાઓને કહ્યું કે, દેશમાં ભાજપ વિરોધી ભાવનાઓ ઊભરી છે. લોકોને બદલાવ માટે વિકલ્પની જરૂર છે જે દેશમાં ટકી શકે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત બાદ શરદ પવારે કહ્યું કે, એવું લાગે છે કે, બિનભાજપી પક્ષો કેટલાક સમાન મુદ્દે સાથે આવી રહ્યા છે. સરકારનો મુકાબલો કરવા માટે એક અધિક સંગઠિત ઢાંચો બનાવવા માટે આ દળોને થોડો સમય જોઈએ. નાગરિક સંશોધન કાનૂન પર વધતા જતાં વિરોધ અંગે એનસીપી પ્રમુખ શરદ પવારે કહ્યું કે, એવી અપેક્ષા હતી કે, અશાંતિ કેટલાક રાજ્યો પૂરતી મર્યાદિત રહેશે. તેમણે કહ્યું કે, ભાજપની આકાંક્ષાઓ વિપરીત કેટલાક રાજ્યોમાં નવા કાનૂનથી અશાંતિ સર્જાશે. તેમના શાસનવાળા આસામમાં પણ વિરોધ જોવા મળ્યો જે અપેક્ષા હતી. વરિષ્ઠ એનસીપી નેતા પ્રફુલ પટેલે કહ્યું કે, કોઈ રાજ્યને એનઆરસી લાગુ કરવી પડે અને લોકોને અટકાયતી કેન્દ્રમાં રાખવા પડે તો તે અવ્યવહારિક હશે. અવા કેન્દ્રોમાં કેટલાક લોકોને રખાશે અને ક્યાં સુધી રાખી શકાશે ?



# સૌરવ ગાંગુલીની દીકરી સના ગાંગુલીએ નાગરિકતા કાયદા વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો

(એજન્સી) તા.૧૯

બીબીસીઆઈના અધ્યક્ષ અને ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીની દીકરી સના ગાંગુલીએ સિટિઝનશીપ અમેન્ડમેન્ટ બિલ સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનનો ઉલ્લેખ કરી ભાજપ સરકાર અને આરએસએસ પર આક્રમક પ્રહારો કર્યા છે. સૌરવ ગાંગુલીએ તેમના ઈન્સ્ટાગ્રામ પર તેમની દીકરીની પોસ્ટ શેર કરી હતી. જેમાં સના ગાંગુલીએ જાણીતા લેખક ખુશવંતસિંહના પુસ્તક ધ એન્ડ ઓફ ઈન્ડિયાના પુસ્તક ધ એન્ડ ઓફ ઈન્ડિયાના કેટલાક ભાગને ટાંકીને દેશમાં પ્રવર્તમાન સ્થિતિને ફાસીવાદ સાથે સરખાવી હતી. ખુશવંતસિંહનું આ પુસ્તક ૨૦૦૩માં પ્રકાશિત થયું હતું, તેમાં ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણો અને ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા મુસ્લિમ વિરોધી રમખાણોનો ઉલ્લેખ છે. સના ગાંગુલીએ તેમની પોસ્ટમાં લખ્યું હતું કે, "દરેક ફાસીવાદી શાસનને આગળ વધવા માટે એવા સમુદાયોની જરૂર હોય છે, જે દ્વેષ ફેલાવી શકે. આની શરૂઆત એક અથવા બે સમૂહોથી થાય છે, પરંતુ તેનો કયારેય અંત થતો નથી. નફરતના આધારે તૈયાર થયેલું આંદોલન તેને સતત ટકાવી રાખવા માટે ફક્ત ભય ઉત્પન્ન કરે છે. સામ્યવાદી ઈતિહાસકારો અને પશ્ચિમી વિચારધારાવાળા લોકો પહેલાંથી જ સંઘનું લક્ષ્યાંક રહ્યા છે." આ પોસ્ટમાં આગળ કહેવામાં આવ્યું હતું કે, "કાલે આ લોકો સ્કર્ટ પહેરનારી સ્ત્રીઓ સાથે નફરત કરશે, જે લોકો માંસ ખાય છે. દારૂ પીવે છે. વિદેશી ફિલ્મો જુએ છે. મંદિરોમાં નથી જતા, દંતમંજનને બદલે ટુથપેસ્ટનો ઉપયોગ કરે છે. જય શ્રીરામ બોલવાને બદલે કોઈની સાથે હાથ મિલાવીને વાત કરે છે, તે બધાથી નફરત કરવામાં આવશે. કોઈપણ સુરક્ષિત નથી. જો આપણે ભારતને જીવિત રાખવાની આશા રાખીએ છીએ તો આપણને તેનો અંદાજ હોવો જોઈએ.



### સૌરવ ગાંગુલીની વિનંતી : મારી દીકરીને સીએએની ચર્ચામાંથી બહાર રાખો

(એજન્સી) તા.૧૯

બીસીસીઆઈના અધ્યક્ષ અને પૂર્વ ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીની દીકરીએ સિટિઝનશીપ એક્ટ વિરૂદ્ધ પોસ્ટ લખતા સૌરવ ગાંગુલીએ ટ્વિટ કર્યું હતું કે, "મહેરબાની કરી સનાને આ બધા મુદ્દાઓથી દૂર રાખો. આ પોસ્ટ સાચી નથી. રાજકારણ વિશે કશું જાણવા માટે હજી તેની ઉંમર ઘણી નાની છે."

# ઉત્તરપ્રદેશ ભાજપના ધારાસભ્યોએ શા માટે સૌપ્રથમ વખત વિપક્ષ સાથે મળી વિરોધ કર્યો

(એજન્સી) લખનૌ, તા.૧૯

ઉત્તરપ્રદેશ વિધાનસભામાં વિરોધ પક્ષ સાથે મળી ભાજપના ધારાસભ્યોએ ધરણા કર્યાના ૨૪ કલાકથી ઓછા સમય બાદ ભાજપના વધુ એક ધારાસભ્યએ ફેસબુક પોસ્ટ દ્વારા પાર્ટી સામે બાયો ચઢાવી હતી. તેમણે સૂચન કર્યું હતું કે, સરકારી કર્મચારીઓની જેમ ધારાસભ્યોએ પણ યુનિયન બનાવવું જોઈએ. પોતાની પર આચરવામાં આવેલા પોલીસ અત્યાચાર વિરૂદ્ધ ગાઝિયાબાદના પોતાના એક સાથીને ગૃહમાં બોલવા નહીં દેવાતા ધારાસભ્યોએ રોષ વ્યક્ત કર્યો હતો. હરદોઈ જિલ્લાથી ભાજપના સાંસદ શ્યામ પ્રકાશે પોતાની ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પટાવાળાથી માંડી આઈએએસ અધિકારીઓ, હોમગાર્ડથી માંડી આઈપીએસ અધિકારીઓ, તમામ વિભાગીય અધિકારીઓ, કર્મચારીઓ, ખેડૂતો, બિઝનેસમેન તમામ લોકોના યુનિયન છે તો પછી ધારાસભ્યો શા માટે પોતાના અધિકારો અને અસ્તિત્વનું રક્ષણ કરવા યુનિયન ન બનાવવું જોઈએ ? કેમ કે, આજના સમયમાં ધારાસભ્યો સૌથી કમજોર કડી છે. ભાજપના ધારાસભ્યની આ ટિપ્પણીના એક દિવસ અગાઉ રાજ્ય વિધાનસભામાં ભાજપ અને વિરોધ પક્ષના ૧૦૦ ધારાસભ્યોએ સ્પીકર દ્વારા ગૃહની કાર્યવાહી મોકૂફ રખાઈ છતાં વિધાનસભા છોડવાનો ઈન્કાર કર્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે, આ દરમિયાન ધારાસભ્ય એકતા ઝિંદાબાદના નારા લાગ્યા હતા. સ્થિતિને શાંત પાડતાં સ્પીકરને ચાર કલાક જેટલો સમય લાગ્યો હતો.



### સુરતમાં ઠગ ટોળકીએ બજારમાં સસ્તા ભાવે મોબાઈલ વેચી રોકડી કરી લીધી

# ઈલે. દુકાનના માલિક પાસેથી ૧૧૫ મોબાઈલ ખરીદી ૨૬.૬૩ લાખની ઠગાઈ આચરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

શહેરના યોગીચોક વિસ્તારમાં હેપ્પીહોમ કોમ્પ્લેક્ષમાં આવેલા પ્રયોશા ઈલેકટ્રોનિકસ એન્ડ ઈલેકટ્રીક દુકાનમાંથી માલીકના અંગત પરિચિતે કારખાનાના ડમી ગ્રાહકો ઉભા કરી પોતાની જવાબદારી પર ૧૧૫ મોબાઈલ ફોન અપાવ્યા બાદ તેના કુલ રૂપિયા ૨૬.૬૩ લાખ નહી ચુકવી દુકાન માલીક સાથે ઠગાઈ કરી હતી.

સરથાણા પોલીસના જણાવ્યા મુજબ પુણાગામ કારગીલ ચોક બાલમુકુંદ સોસાયટીમાં રહેતા નટુભાઈ આતુભાઈ હડિયા (ઉ.વ.૩૯) યોગીચોકમાં હેપીહોમ કોમ્પ્લેક્ષમાં પ્રયોશા ઈલેકટ્રોનિક્સ એન્ડ ઈલેકટ્રીકની દુકાન ધરાવે છે. નટુભાઈએ ગઈકાલે પોલીસમાં તેના મિત્ર ઘનશ્યામ ધીરૂ ઠુમ્મર, જીજ્ઞેશ રમેશ અંટાળા, પ્રમોદ વલ્લભ અળધણ, સંજય ગોવિંદ પટેલ, ઉમેશ ધીરૂ ઠુંમ્મર અને સુરેશ ધીરૂ ડોબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી જેમાં નટુભાઈએ જણાવ્યું હતું કે, આરોપી ઘનશ્યામ પોતે કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરતો હોવાનું કહી તેની સાથે આવેલા અન્ય આરોપીઓની ઓળખ તેના કારખાનામાં કારીગરો તરીકે આપી હતી. અને તેના મારફતે અલગ અલગ કંપનીના ૧૧૫ જેટલા મોબાઈલ ખરીદ્યા હતા. જેમાં અમુક રૂપિયા આપ્યા બાદ બાકી નિકળતા રૂપિયા ૨૦,૬૩,૦૩૮ બાકી રાખી ચુકવ્યા ન હતા. ઘનશ્યામ ઠુમ્મરે તેની સાથે આરોપી કારખાના ખોટા કારીગરો હોવાનુ કહી ટોળકીએ છેતરપિંડીથી મોબાઈલ મેળવ્યા બાદ મોબાઈલ લોકોને સસ્તા ભાવે વેચી રોકડી કરતા હતા અને જે પૈસા એકબીજા વચ્ચે વહેંચી દેતા હતા. નટુભાઈ દ્વારા ટોળકી પાસે મોબાઈલના બાકી નિકળતા રૂપિયા ૨૦,૬૩,૦૩૮ની અવાર નવાર ઉઘરાણી કરવા છતાંય નહીં આપી છેતરપિંડી કરી હતી. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### સરકારી કચેરીઓમાં કર્મચારીઓ પુરા પાડતી

# ડી.બી. એન્ટરપ્રાઈઝ દ્વારા ચાર માસથી પગાર ન ચૂકવાતાં કર્મીઓની કફોડી હાલત

### પગારથી વંચિત કર્મચારીઓ દ્વારા ડીડીઓ સમક્ષ રજૂઆત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

સુરત જિલ્લા કલેકટર, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત કચેરીમાં ડ્રાઈવર, કલાર્ક, ઓપરેટર અને પટાવાળા પુરા પાડવાનો કોન્ટ્રાકટર ધરાવતા ડી.બી. એન્ટરપ્રાઈઝ એજન્સી દ્વારા કર્મચારીઓનો સમયસર પગાર કરતા ન હોવાને કારણે કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે તેમજ છેલ્લા ચાર મહિનાથી કર્મચારીઓના પી.એફ.ના નાણા પણ પીએફ કચેરીમાં જમા કરાવ્યા નથી અને પગાર અંગે પૂછતા કર્મચારીઓને ઉડાઉ જવાબ આપી ધમકી આપતા હોવાની ફરિયાદ કર્મચારીઓ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીઓને કરી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ગત તારીખ ૧લી જુલાઈ ૨૦૧૯થી સુરત જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કચેરીમાં કર્લાક, ઓપરેટર, ડ્રાઈવર અને પટાવાળા પુરા પાડવાનો કોન્ટ્રાકટ ડી.બી. એન્ટરપ્રાઈઝ એજન્સીને આપ્યો છે. આ એજન્સી દ્વારા અંદાજિત ૭૦૦થી ૮૦૦ જેટલા કર્મચારીઓ કોન્ટ્રાકટ પર રાખ્યા છે. દરમિયાન એજન્સી દ્વારા કર્મચારીઓ નક્કી કરેલ તારીખ પર સમયસર પગાર ચુકવવામાં આવતો નથી અને છેક ૨૦ તારીખની આસપાસ થાય છે. જેના કારણે કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે જેમાં કેટલાક કર્મચારીઓની વાહન કે અન્ય પ્રકારની લોન ચાલતી હોવાને કારણે તેને હપ્તા ભરવા માટે ફાંફા પડે છે. ત્યારે અન્ય લોકો પાસેથી ઉછીના લઈને હપ્તા ભરપાઈ કરવાની નોબત આવે છે. આ ઉપરાંત એજન્સી દ્વારા છેલ્લા ચાર મહિનાથી કર્મચારીના પગારમાંથી પીએફના નાણાં કાપી લેવામાં આવે છે. પરંતુ પીએફ કચેરીમાં પીએફ જમા કરવાતા નથી. આ અંગે જ્યારે કર્મચારીઓ એજન્સીના સંચાલક હેતલને ફોન પર વાત કરતા ઉડાઉ જવાબ આપે છે તેમજ કચેરીઓ શાખા અધિકારી દ્વારા પણ બિલ માટે અવારનવાર રજૂઆત કરે છે પરંતુ એજન્સીવાળા અધિકારીઓને પણ ગાઠતા નથી. આખરે સુરત જિલ્લ પંચાયતમાં આરોગ્ય, ખેતીવાડી શાખા, સિંચાઈ વિભાગ, પંચાયત શાખા, આંકડા શાખા, દબાણ શાખા, સહકતાર શાખા, પશુ પાલન વિભાગમાં ફરજ બજાવતા કર્લાક, ડ્રાઈવર, ઓપરેટલ અને પટાવાળા મળી ૨૩ જેટલા કર્મચારીઓ દ્વારા ડી.બી. એન્ટરપ્રાઈઝ એજન્સી દ્વારા સમયસર પગાર ચુકવવા માટે ચાલતી લાલીયાવાડી અને પીએફના નાણા જમા કરાવા અંગે જિલ્જા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી.


**એજન્સી દ્વારા કર્મચારીઓના પગારમાંથી કટકી કઢાતી હોવાની પણ રાવ ઉઠી**

ડી.બી. એન્ટરપ્રાઈઝ એજન્સી દ્વારા સુરત જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયાત અને તમામ તાલુકા પંચાયત કચેરીમાં પટાવાળા, કર્લાક, ડ્રાઈવર અને ઓપરેટર પુરા પાડવાનો કોન્ટ્રાકટ ધરાવે છે, એજન્સીના તાબા હેઠળ અંદાજિત સાતસો જેટલા માણસો કોન્ટ્રાકટમાં કામ કરે છે. જિલ્લા વિકાસ અધિકારીઓને કરવામાં આવેલી લેખિતમાં રજૂઆતમાં કર્મચારીએ ફરિયાદ કરી હતી તે એજન્સી દ્વારા તેમતનો પગાર જીએસટી, સીએસટી સાથે ૧૭,૮૫૦નું પગાર બિલ આવે છે. ૧૨,૬૪૪ પગાર નક્કી કરવામાં આવ્યો છે જ્યારે એજન્સી દ્વારા કર્મચારીઓને ૧૦,૪૦૦ ચુકવવામાં આવે છે અને ૨ હજાર ઉપરાંત ઓહિયા જાય છે.

**ડી.બી. એન્ટરપ્રાઈઝ અગાઉ બ્લેક લિસ્ટ થઈ ચુકી છે**

કોન્ટ્રાકટરને મનમાની સામે જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ પણ કરવામાં આવી છે. પગાર સમયસર ચુકવવા બાબતે માણસોની નહીં ગાંઠતા એજન્સીના સંચાલક હેતલ કચેરીના શાખા વિભાગના અધિકારીઓને પણ કોઈ મચક આપતો નથી. ડી.બી. એન્ટરપ્રાઈઝ એજન્સીને અગાઉ બ્લેક લીસ્ટ પણ કરવામાં આવી છે પરંતુ રાજકીય વર્ગના કારણે એજન્સી બિનદાસ્ત કોન્ટ્રાકટ મેળવી પોતાની મનમાની કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**ધોરાજીમાં આયુર્વેદિક કાવાનું વિતરણઃ**




શિયાળાની ઋતુમાં ધોરાજીમાં કાવાની અને ઉકાળાની મોસમ શરૂ થઈ ગઈ છે. ત્યારે લોકો સાંજે તથા રાત્રે શહેરના જુદા- જુદા વિસ્તારોમાં કાવો પીતા જોવા મળે છે. ત્યારે ધોરાજીના સ્વાતિ ચોક ખાતે પણ શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા આયુર્વેદિક કાવો પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૬૦૦ જેટલા લોકોએ આ આયુર્વેદિક કાવાનો લાભ લીધો હતો.

# ધ્રાંગધ્રા - હળવદ રોડ ઉપર ટ્રક પલટી ખાતાં ડ્રાઈવર ક્લિનરનું મોત

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૯

ધાંગધ્રા હળવદ રોડ ઉપર ધનાળા ગામના પાટિયા પાસે અચાનક ટ્રક પલટી મારતા ડ્રાઈવર અને કલીનર ટ્રકની નીચે દબાઇ જતાં ઘટનાસ્થળે બંનેના મોત નિપજ્યા છે.

હળવદ ધ્રાંગધ્રા રોડ ઉપર સળિયા ભરેલો ટ્રક ધનાળા ગામના પાટિયા પાસે ડ્રાઈવરે ટ્રક ઉપરનો કાબુ ગુમાવતા અચાનકજ ટ્રક પલટી મારી જતા ડ્રાઈવર અને કલીનર બંને દબાઈ જવાના કારણે ઘટના સ્થળ ઉપર જ મોત નિપજ્યા હતા. આ ઘટના સ્થળ ઉપર પોલીસ પહોંચી અને અનેક ટ્રકની હાલત જોતા પોલીસે આ ઘટનામાં મોત થયું છે કે, કેમ જેની તપાસ હાથ ધરી હતી ત્યારે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર જોવા ન મળતા તાત્કાલિક ધોરણે ટ્રેન મંગાવી ટ્રકની નીચે ફસાઈ ગયેલી હાલતમાં ટ્રક ડ્રાઈવર અને ક્લીનર બંનેના મૃતદેહો અંગેની ઓળખ મેળવવા માટેની તપાસ હાથ ધરી છે.

## ડુમસથી ઉમરગામ સુધી સાયકલ રેલી યોજાશે

સુરત, તા.૧૯

સુરતની જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા રાજયમાં સાહસિક યુવક-યુવતિઓ માટે સાગરખેડુ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સાયકલ રેલીનો રૂટ ડુમસ, ઉભરાટ, દાંડી, તિથલ, ઉમરગામ સુધીનો રહેશે. કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકોએ અરજીફોર્મ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરીની બાજુમાં, જુની કોર્ટ બિલ્ડિંગ, પહેલા માળ, નાનપુરા ખાતેથી મેળવી લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી સુરત દ્વારા જણાવાયું છે.

# ધંધુકામાં બજાર બંધ કરાવવા નીકળેલા ૨૫ મુસ્લિમ અગ્રણીઓની અટકાયત

(સંવાદદતા દ્વારા) ધંધુકા, તા.૧૯

સીએબી અને એનઆરસીના કાળા કાયદાનો વિરોધ કરવા આજે અમદાવાદ જિલ્લાના ધંધુકાનગરમાં અમુક મુસ્લિમ આગેવાનો બજારો બંધ કરાવવા નીકળ્યા હતા. ઘણાં દુકાનદારોએ દુકાનો સ્વયંભૂ બંધ રાખેલી દરમ્યાન ધંધુકા પોલીસે ૨૫ જેટલા મુસ્લિમ અગ્રણીઓની અટકાયત કરી હતી. સવારે થોડા સમય માટે દુકાનો બંધ રહી હતી. ત્યારબાદ રાબેતા મુજબ બજારો ચાલુ રહ્યાં હતાં.

NRC અને CAB જેવા મનઘડત બીલ સરકાર વિરૂદ્ધમાં કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધી દેશની સર્વોચ્ચ યુનિવર્સિટી જેવી કે જામિયા મીલિયા વિદ્યાર્થીઓને કુર રીતે ફટકારી સરકાર વિરૂદ્ધ અવાજ દબાવાની કોશિશ કરવામાં આવી રહી છે. આજે ધંધુકા શહેર સેક્યુલર વિચાર-સરણી ધરાવતા શહહેરીજનો સ્વયં રીતે બંધ પાળ્યો હતો. આ સમય દરમ્યાન સામાજિક આગેવાન મહંમદરજા બુખારી, હુસેનભાઈ દેસાઈ, નાસીર ઘોઘારી, મહંમદ દેસાઈ સહિત ૨૫ જેટલા આગેવાનોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.



(તસવીર : હારૂન ટીંબલિયા, ધંધુકા)

### NRC અને CABનાં કાયદાના વિરોધમાં

# ધોળકામાં ''બંધ''ની કોઈ અસર નહીં, બજારો રાબેતા મુજબ ચાલુ રહ્યાં

### મુસ્લિમ અગ્રણી મશઉદખાનજી તાલુકદાર નજરકેદ

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૧૯

NRC અને CABનાં વિરોધમાં આજે મુસ્લિમ સમાજ દ્વારા અપાયેલા ''અમદાવાદ બંધ''નાં એલાનનાં પ્રત્પાઘાત ધોળકા શહેરમાં ના પડે તે માટે બુધવારની સાંજથી જ ધોળકા પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. ગત રોજ સાંજે સાત વાગે ધોળકા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મીટિંગ ASP નિતેશ કુમાર પાન્ડેયના અધ્યક્ષસ્થાને મળી હતી. આ મીટિંગમાં ઉપસ્થિત હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ ગામમાં શાંતિ અને ભાઈચારો જળવાઈ રહેશે તેવી હૈયાધારણ આપેલ. ASP નિતેશ કુમાર પાન્ડેય અને પ્રો.DYSP રિયાઝ સરવૈયાએ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા પોલીસ મક્કમ હોવાની વાત કરેલ. ટાઉન પીઆઈ એલ.બી.તડવીએ આભારવિધિ કરી હતી. આ મીટિંગમાં ધોળકા ટાઉન પીઆઈ એલ.બી.તડવીની બદલીનો હુકમ રદ કરી તેમને અત્રે ચાલુ રાખવા હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ રજૂઆત કરી હતી. દરમ્યાન તા.૧૯ ડિસેમ્બર, ગુરૂવાર સવારથી જ ધોળકા પોલીસનો સ્ટાફ બજાર વિસ્તારમાં બંદોબસ્તમાં ગોઠવાઈ ગયેલ. સવારથી જ ધોળકાના તમામ બજારો રાબેતા મુજબ ખુલ્યાં હતા. ધોળકામાં ''અમદાવાદ બંધ'' ની કોઈ અસર વર્તાઈ ન હતી. જો કે, ધોળકા પોલીસ દ્વારા મુસ્લિમ અગ્રણી મશઉદખાનજી તાલુકદારને તેમનો નિવાસસ્થાનમાં જ સવારથી નજરકેદ રખાયા હતા.

# ગાંધીનગરથી કારંટાની એસટી બસ શરૂ કરવા શ્રદ્ધાળુઓની માંગ

સંતરામપુર, તા.૧૯

ખાનપુર તાલુકામાં હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક એવા કારંટામાં લગભગ ૬૦૦ વર્ષ પુરાણી એવી હઝરત કુતુબ મહેમુદ દાદાજી સુપ્રસિદ્ધ દરગાહ આવેલી છે. જ્યાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ગુજરાતના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે.

ગુજરાત રાજયના પાટનગર એવા ગાંધીનગરથી પણ એસટી બસ સેવા ચાલુ કરવામાં આવે. તેવી પ્રજાજનોની માગણી બળવત્તર બની રહી છે. આ એસટી બસ ગાંધીનગરથી નીકળી છાલા, પ્રાંતિજ, તલોદ, હરસોલ, ધનસુરા, મોડાસા, માલપુર, બાબલિયા, બાકોર, ભાદરોડ, કલેશ્વરી ખાનપુર, કારંટા રૂટથી દોડાવવામાં આવે તો ફક્ત કારંટા નહી પરંતુ કલેશ્વરીમાં પણ હિન્દુ શ્રદ્ધાળુ માટેનું ધાર્મિક પવિત્ર સ્થળ આવેલ છે. તો બધા શ્રદ્ધાળુઓને તેનો લાભ મળી રહે તેવી લાગણી અને માગણી બળવત્તર બની રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કારંટા જવા માટે રાજ્યના અન્ય શહેરો જેવા કે ભરૂચ, જંબુસર, વડોદરા દાહોદ, લુણાવાડા, સંતરામપુર વગેરેથી પણ આ બસ સેવા ચાલુ જ છે. તો રાજયના પાટનગર ગાંધીનગરથી પણ બસ સેવા શરૂ કરવામાં આવે તેવી માંગ છે.

# જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન અંગે કાર્યવાહી શરૂ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર ધીરૂભાઈ ગોહેલે વાતચીતમાં જણાવ્યું હતું કે જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરના વિકાસ માટેની પ્રક્રિયાની કામગીરી ઝડપી બને તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. એટલું જ નહીં નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન અંગે આજે પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ છે. તેમજ આવતા વીકમાં સરકારમાં પણ રજૂઆતો કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલાં નરસિંહ મહેતા સરોવર માટે સરકારે ગ્રાન્ટ ફાળવી છે અને અંદાજિત ૩૫ થી ૪૦ કરોડના ખર્ચે બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યાં છે. મહાનગરપાલિકાના મેયર ધીરૂભાઈ ગોહેલે અને તેમની ટીમ દ્વારા આ અંગેની કામગીરીને આગળ ધપાવવામાં આવી છે.

# જૂનાગઢ જિ.માં આરોગ્ય કર્મીઓની હડતાળથી દર્દીઓને હાલાકી

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળમાં જોડાતાં ગ્રામ્ય કક્ષાએ લોકોનાં આરોગ્યને ગંભીર અસરો જોવા મળી રહેલ છે. પંચાયત વિભાગનાં આરોગ્ય કર્મચાકીઓની વર્ષો જૂની વ્યાજબી માંગણીઓ બાબતે સરકાર દ્વારા યોગ્ય નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં રાજ્ય અને ઝોન કક્ષાએ રેલી અને ધરણાના કાર્યક્રમો અને આશ્ચર્યજનક કાર્યક્રમો પણ આપવામાં આવશે તેમ પ્રમુખ સુરેશ વડારિયા, કે. બી. સોલંકી, સ્મિત જેઠવાની યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢમાં એક દિ'માં ૪.૮ ડિગ્રી તાપમાન ઘટ્યું

જૂનાગઢ, તા.૧૯

જૂનાહગઢમાં મંગળવારે ૧૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે બુધવારે ૧૨.૬ ડિગ્રી તાપમાન નોંધાતા એક દિવસમાં ૪.૮ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. ભેજનું પ્રમાણ સવારે ૭૦ ટકા અને બપોર બાદ ૪૫ ટકા હતું. અને પવનની ગતિ ૫.૬ પ્રતિ કલાકની રહી હતી. રાજ્યમાં સૌથી વધુ ઠંડું શહેર નલિયા રહેશે. ગિરનાર પર્વત ઉપર સૌરાષ્ટ્રનું સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

## ગિરનાર પર્વત ઉપર પાણીની ટાંકી તોડી પાડવાની કવાયત

જૂનાગઢ, તા.૧૯

સરકાર દ્વારા ગિરનાર પર્વત ઉપર પીવાના પાણીની સમસ્યા હલ કરી શકાઈ નથી ત્યારે જે સુવિધા છે તે પણ છીનવી લેવાના વનવિભાગના પ્રયાસ સામે ગિરનાર તિર્થના સંતો અને યાત્રાળુઓમાં આક્રોશની લાગણી ફરી વળી છે.

ગિરનાર પર્વત ઉપર પીવાના પાણીની સમસ્યા હલ ન કરી શકતું વનવિભાગ કોઈ સંસ્થા દ્વારા બનાવવામાં આવેલા એક કરોડ લીટર પાણીના સંગ્રહ માટેના આરસીસી ટાંકાને તોડી પાડવા તત્પર થયું છે. ડિમોલીશન માટે પોલીસ બંદોબસ્ત પણ માંગી લીધો છે.

### અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના નેજા હેઠળ

# ભૂજમાં CAB અને NRCના કાળા કાયદાના વિરોધમાં મુસ્લિમોની પ્રચંડ રેલી નીકળી

ભૂજ, તા.૧૯

અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિનાં પ્રમુખ હાજી ઈબ્રાહિમભાઈ હાલેપોત્રાનાં અધ્યક્ષ સ્થાને CAB અને NRCનાં કાયદાના વિરૂદ્ધમાં ભૂજ શહેરમાં એક મહારેલી અને કલેકટર કચેરીએ આવેદન પત્ર આપવાનું આયોજન થયેલ. જેમાં સમિતિને તમામ મસ્લકનાં મુસ્લિમ બિરાદરોની અને તમામ મુસ્લિમ સંસ્થાઓની સાથે-સાથે દલિત અધિકાર મંચ, બહુજન મુક્તિ મોરચો, બહુજન સમાજ પાર્ટી તેમજ કચ્છ હિત રક્ષક સમિતિએ સાથ સહકાર આપ્યો હતો.





રેલી સ્ટાર્ટ થતા પહેલા તમામ બિરાદરો ભૂજ સ્થિત આવેલ છતરડી વાળા તળાવ મધ્યે એકઠા થયા હતા. અહીં એક સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કાર્યક્રમની શરૂઆત મૌલાના રમઝાન અત્તારીએ તિલાવતે કુરઆનથી કરી હતી સ્વાગત પ્રવચન સમિતિના ઉપપ્રમુખ જકરિયાભાઈ સાટીએ કરેલ. ત્યાર બાદ આવેલા વિવિધ સંસ્થાઓના વડાઓ અને સમાજના આગેવાનોએ CAB અને NRCનાં મુદ્દા ઉપર વકત્વય આપ્યુ હતું. જેમાં સિમિતિના પ્રમુખ ઈબ્રાહિમભાઈ હાલેપોત્રા, આદમભાઈ ચાકી, સૈયદ તાકીશાહ બાવા, અમીરઅલીભાઈ લોઢિયા, જુમ્માભાઈ રાયમા તેમજ ભીમ આર્મીના પ્રમુખ લખન ધુવા, દલીત અધિકાર મંચનાં નરેશ મહેશ્વરી, બહુજન મુક્તિ મોરચાના હીરજીભાઈ સીજુ, બહુજન સમાજ પાર્ટીનાં કિશોરભાઈ કોચરા, તેમજ તબલીગ જમાઅતનાં મૌલાના પ્રમખ મૌલાના ઈલિયાસ ફલાહી સાહેબ, એહલે હદીસ જમાઅતનાં મૌલાના અનશસાહેબ, આદમભાઈ પઢિયાર, માજી ધારાસભ્ય ઈબ્રાહિમભાઈ મંધરા, ઈકબાલભાઈ મંધરા તથા મિયાના સમાજ પ્રમુખ હનીફભાઈ પઢિયાર ઈસ્માઈલભાઈ બાફળ હાજર રહ્યાં હતા. સમારંભનું સંચાલન અબ્દુલભાઈ રાયમાએ કર્યુ હતું અને આભારવિધિ સત્તારભાઈ માન્જોઠીએ કરી હતી.

# માંગરોળના ડુંગરી ગામે વર્ષો જૂનું ઝાડ પડતાં ૫ ગામનો વીજપુરવઠો ખોરવાયો

મોસાલી, તા.૧૯

માંગરોળ તાલુકાનાં ડુંગરી ગામે ગત રાત્રી દરમિયાન વર્ષો જૂનું વિશાળ આમલીનું વૃક્ષ એકા એક તૂટી પડતાં ગામમાંથી પસાર થતી વીજ લાઈનનાં ત્રણ વિજપોલો તૂટી પડતાં ડુંગરી સહિત બોરસદ, ડેગડીયા, વેરાકુઇ વગેરે ગામોનો વીજ પુરવઠો ખોરવાય જવા પામ્યો હતો. આ બનાવ જ્યારે બન્યો ત્યારે જબરજસ્ત ધડાકો થવા પામ્યો હતો જેને પગલે એક તબક્કે ગ્રામજનોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો હતો, આ બનાવની જાણ થતા ડી.જી.વી.સી.એલ. ની માંગરોળ વીજ કચેરીનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને હાઈ ટેન્શન લાઈનનાં બે અને એલ.ટી.લાઇનનો એક મળી કુલ ત્રણ વીજ પોલો તૂટી ગયા હતા. ડુંગરીથી ડેગડીયા જતા માર્ગ ઉપરનો વાહન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી, આજે વહેલી સવારે વીજ કચેરીનો સ્ટાફ ડુંગરી ગામે પહોંચી ગયો હતો અને યુદ્ધના ધોરણે મરામતની કામગીરી હાથ ધરી હતી, અને સત્તર કલાક બાદ આ ગામોનો વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો હતો.

# વઢવાણખાતે જિંદગીથી કંટાળી વૃદ્ધે ઘરમાં ગળાફાંસો ખાધો

સુરેન્દ્રનગર, તા.૧૯

વઢવાણના અબોલપીર વિસ્તારમાં છેલ્લા ૨૦ વર્ષથી ઇશબ ભાઈ દાઉદ ભાઈ ખલિફા નામના વૃદ્ધ આ વિસ્તારમાં વસવાટ કરે છે. તેઓએ ત્રણ દિવસ પૂર્વે પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને પોતાની જિંદગી ટુંકવી છે.

આ ઈશબ ભાઈ એ જિંદગીથી કંટાળી જઈને પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને જીવન ટુંકવ્યું હતું.

ઈસબ ભાઈ એ પોતાના ઘરમાં ત્રણ દિવસ અગાઉ ગળેફાંસો ખાધો હોવાની લાશ પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ત્યારે આ ઘરમાં લાશની વાસ આવતા અને આ ઈશબ ભાઈ શેરીમાં ન દેખાતા શેરીના યુવકો દ્વારા ઘરનું બારણું તોડી અને અંદર જતા ઈશબ ભાઈને લાશ લટકતી જોતા યુવકો અચંબામાં મુકાયા હતા.આ યુવકો અને આજુબાજુના રહેવાસીઓએ વઢવાણ પોલીસને જાણ કરતા વઢવાણ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને લાશનો કબજો મેળવી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

### માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા

# એ.એસ.આઈ. અને કોન્સ્ટેબલે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરતાં ચકચાર

### બંને પોલીસ કર્મીઓના આપઘાતનું કારણ અકબંધ

માંગરોળ,તા.૧૯

જૂનાગઢ જિલ્લાના માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં એક સાથે ફરજ બજાવતા એક એ.એસ.આઈ. સાજીદ નાગોરી અને કોન્સ્ટેબલ જયદીપ પરમારે ઝેરી દવા પી આપઘાત કરી લેતા ભારે ચર્ચાઓ ફેલાઈ છે. જો કે બંનેએ અલગ અલગ પોતાના ઘરે જ આપઘાત કર્યાનું સામે આવ્યું છે. આપઘાત કરનારા કોન્સ્ટેબલનું નામ જયદીપ પરમાર માંગરોળના ઢેલાણા ગામના વતની છે. તેમજ એએસઆઈનું નામ સાદીક નાગોરી જૂનાગઢમાં રહે છે.





જાણવા મળતી માહિતી મુજબ આ બંને પોલીસ કર્મીઓ એકબીજાના ગાઢ મિત્રો પણ હતા બંને પરિવાર રીતે ખૂબજ ખુશ અને સુખી પણ હતા. તેમ છતાં એક સાથે ફરજ બજાવતા બંને ગાઢ મિત્રો એક જ દીવસે આપઘાતનું પગલું ભરતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. બંને રાત્રે ઘરે પરત ફરતી વખતે જ ઝેર પી લીધું હોય તેવું અનુમાન થઈ રહ્યું છે. કેમકે સવારે પરીવારજનો ઉઠાવવા જતાં બંને એ ઝેર પી લીધું હોવાનું જાણવા મળ્યું હતું. મરીન પોલીસ મથકના આ બંને પોલીસ કર્મચારીના આપઘાત પાછળનું કારણ અકબંધ છે. પોલીસ મોતનું સાચું કારણ જાણવા તપાસ કરી રહી છે. માંગરોળ મરીન પોલીસ કોન્સ્ટેબલ જયદીપ વીરાભાઈ પરમારને આજરોજ તેમના ગામ ઢેલાણાંમાં સાંજની સંધ્યાએ શોક સલામી આપવામાં આવી હતી. જેમાં ડીવાયએસપી જે.બી. ગઢવી, પી.એસ.આઈ. રાઠોડ, પીએસઆઇ વિન્ઝુડા, પીએસઆઇ વાઘ, તથા પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા. જ્યારે એસ.આઈ. સાજીદ નાગોરીની દફન વિધિ રાત્રે જૂનાગઢ ખાતે કરવામાં આવશે.

NRC-CAAના વિરોધમાં જાગૃત નાગરિકો મેદાનમાં

# વડોદરામાં મુસ્લિમ બાહુલ્ય વિસ્તારમાં વેપારીઓ તથા રિક્ષાચાલકોએ સજ્જડ બંધ પાળ્યો

## શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓએ રજા પાડી : પોસ્ટર લગાવવા બાબતે પાંચ યુવાનોને પોલીસ સ્ટેશને લઈ જવાતા લોકોના ટોળે ટોળા પહોંચ્યા



સીએએ અને એનઆરસીનાં વિરોધમાં વડોદરા શહેરના મુસ્લિમોએ સ્વયંભુ બંધ પાળી પોતાના ધંધા-રોજગાર અને દુકાનો બંધ રાખી હતી. તેમજ એક યુવક કેબ નો વિરોધ કરતાં પોસ્ટરને લઈને નીકળતા લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. (તસ્વીર : વડોદરા બ્યુરો)

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૯

નાગરીક સુરક્ષા કાયદાના વિરોધમાં ગુરૂવારે બંધના એલાનને પગલે મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં દુકાનો, હોટલો, પાનબીડીના ગલ્લા અને ચાની લારીઓ બંધ રહી હતી. તદુપરાંત મુસ્લિમ રીક્ષા ચાલકોએ પણ ધંધો બંધ રાખી ટેકો જાહેર કર્યો હતો. શાળા, કોલેજોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ રજા પાળી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા મુસ્લિમ બહુમતિ વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. ગુરૂવારની સવારે યાકુતપુરા, પાણીગેટ, અડાણીયાપુલ અને ફતેપુરા વિસ્તારમાં પોલીસે ફુટ પેટ્રોલીંગ કર્યું હતું. અમદાવાદના મુસ્લિમ સંગઠન દ્વારા ગુરૂવારના રોજ બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

વડોદરાના મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં પણ બંધના એલાનનો ટેકો જાહેર કરી ધંધા રોજગારના સ્થળો બંધ રાખવામાં આવ્યા હતા. ફતેપુરા ચાર રસ્તા અડાણીયાપુલ, યાકુતપુરા નાકા, મચ્છીપીઠ, પાણીગેટ વિ. સ્થળોએ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ રોજીંદી ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનોનાં શટર પણ બંધ રહ્યા હતા. આજવા રોડથી છેક છાણી જુના જકાતનાકા સુધી મુસ્લિમ બહુમતિ ધરાવતા વિસ્તારોમાં આવેલી દુકાનો બંધ રહી હતી.

તાંદલજા, અકોટા, ફતેગંજ, નવાયાર્ડ, ગોરવા, છાણી રોડ, નવાપુરા, મચ્છીપીઠ, હાથીખાના ફતેપુરા, યાકુતપુરા, પાણીગેટ, લહેરીપુરા વિ.સ્થળોએ બંધની અસર જોવા મળી હતી. રીક્ષા ચાલકો પણ બંધમાં જોડાયા હતા. જેથી સ્ટેશન ડેપો વિસ્તારમાં રીક્ષાનું પ્રમાણ ઓછુ જોવા મળ્યું હતું. શાળા કોલેજમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ રજા પાળી વિરોધ નોંધાવ્યો હતો. સાંજ સુધી કોઈ અનિચ્છનીય બનાવ નોંધાયો નથી. શહેર પોલીસ તંત્ર દ્વારા સોશ્યલ મિડીયા પર બાજ નજર રાખવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

નાગરીક સંશોધન કાયદાના મુદ્દે પૂર્વત્તર રાજ્યો અને દિલ્હીમાં થયેલા દેખાવો બાદ ગુજરાતમાં પણ વિરોધે જોર પકડયું છે. ૧૯મીએ સ્વેચ્છીક બંધ રાખવાની સોશ્યલ મિડીયામાં અપીલ કરાઈ હતી. તેના પગલે વડોદરામાં પણ મુસ્લિમ બહુમતિ વિસ્તારમાં જડબેસલાખ બંધ પાડવામાં આવ્યો હતો. મુસ્લિમ વિસ્તારોમાં પોલીસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. પીસીઆર વાન સાથે ઘોડેસવાર પોલીસ પેટ્રોલીંગમાં જોડાઈ હતી. બુધવારે રાત્રે વડોદરા શહેરમાં કેબ અને એનઆરસીનાં વિરોધ કરતાં પોસ્ટરો લાગ્યા હતા. જોકે પોલીસે તુરંત જ આ પોસ્ટર હટાવી દીધા હતા. સંવેદનશીલ વિસ્તારોમાં ૨૦૦૦ પોલીસકર્મીઓનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોસ્ટર લગાવવા બાબત પાંચ જેટલા યુવાનોને પોલીસ રાવપુરા પોલીસ મથકે લઈ આવતા મુસ્લિમ લોકોનાં ટોળા રાવપુરા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા. પોલીસે પુછપરછ કરીને પાંચેય યુવાનોને છોડી દીધા હતા. રાવપુરા પોલીસ સ્ટેશને ઉચ્ચ પોલીસ અધિકારીઓની આવન-જાવનને પગલે ઉત્તેજનાં વ્યાપી ગઈ હતી અને રાવપુરા રોડ પર ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોટે જણાવ્યું હતું કે, હજુ સુધી વડોદરામાં કોઈ સંગઠને બંધની જાહેરાત કરી નથી. સોશ્યલ મિડીયામાં મેસેજ વાયરલ થયા છે. આ પ્રકરણના મેસેજ ફોરવર્ડ કરનાર ૫૦ થી વધુ લોકોને પુછપરછ માટે સાયબર સેલમાં બોલાવવામાં આવ્યા હતા. જેમની પુછપરછ કરી પાછા જવા દીધા હતા. વડોદરા શહેરમાં સોશ્યલ મિડીયા પર થયેલી અપીલને મુસ્લિમ બહુમતી વિસ્તારમાં પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. શહેરના તમામ મુસ્લિમ લોકોએ સ્વયંભુ પોતાના ધંધા-વેપાર બંધ રાખી સીએએ અને એનઆરસી નો પ્રચંડ વિરોધ નોંધાવ્યે હતો.

---

નાગરિકતા સુધારા કાયદાનાં વિરોધમાં

## હિંમતનગર : સવગઢ પાટિયા વિસ્તારમાં વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો

હિંમતનગર, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં નાગરિકતા સુધારા કાનૂન તથા સીએબીનું બિલ પાસ કરીને તેને અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે ત્યારે ગુરૂવારે હિંમતનગરના સવગઢ પંચાયતમાં આવેલ પ્રાણપુર કોરારોડ (પાટિયા)વિસ્તારના વેપારીઓએ બાંધના એલાનમાં જોડાઈને જડબેસલાક બંધ પાળીને ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. જો કે, હિંમતનગર તાલુકાના પાણપુર ગામે આવેલ લઘુમતી સમાજના વેપારીઓએ પોતાના ધંધા રોજગાર સવારે થોડોક સમય બંધ રાખીને ફરીથી ચાલુ કરી દીધા હતા. દરમ્યાન ઈલોલના મોટાભાગના વિસ્તારમાં ગરૂવારે વીજપુરવઠો બંધ હોવાને કારણે વેપારીઓએ પણ પોતાના ધંધા રોજગારમાં નીરસતા દાખવી હતી.



તો બીજી તરફ પાણપુર પાટિયા વિસ્તારમાં બંધ પાળવામાં જોડાયેલા સાત જણાની પોલીસે અટકાયત કરી લીધી હતી. બંધને લીધે ગુરૂવારે પાણપુર પાટિયા વિસ્તાર સૂમસામ ભાસતો હતો. તો બીજી તરફ હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે પણ બંધના પગલે સવારના સમયે વેપારીઓએ બંધમાં જોડાઈને ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. મળતી માહિતી મુજબ ઈલોલના કેટલાક વિસ્તારોમાં ગરૂવારે વીજ કંપની દ્વારા સમારકામ કરાયું હોવાને લીધે કેટલાક કલાકો સુધી વીજ પુરવઠો બંધ હોવાનો કારણે વેપારીઓએ પણ નીરસતા દાખવીને એક દિવસ વધુ આરામ કરવાનું મુનાસીબ માન્યું હતું.

---

દિલ્હી વર્કશોપમાં અરવલ્લીના સિરાજ મનસુરીની હાજરી

## હિંમતનગર : ભેળસેળ શોધવા ગ્રાહક સંસ્થાઓને ફૂડ સેફટી મેજિક બોક્સ અપાશે

હિંમતનગર, તા.૧૯

હવે હોટલ અને રેસ્ટોરન્ટમાં ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કરવાની નેમ સાથે સાથે નેટવર્ક ઓફ કન્ઝુમર ઓર્ગેનાઈઝેશન ફોર ફૂડ એન્ડ ન્યુટ્રીશન મારફતે પરિક્ષણ કરાવવાનું નક્કી કરાયું છે. આ પ્રકારે પરિક્ષણ કરાવાયેલા ફૂડ સેમ્પલ ખરાઈમાં સફળ થાય તો ગ્રાહકોને પરીક્ષણ ફી પરત મળશે. ફૂડ સેફટી કાયદા હેઠળ ફૂડ સેમ્પલ ફેઈલ જાય તો ગ્રાહકને ટેસ્ટીંગ ફી ચુકવવાની જોગવાઈ છે. જો કે કેટલીક વ્યવહારું મુશ્કેલીઓને કારણે જોગવાઈઓનો ઉપયોગ થતો નથી. આ બાબતને ધ્યાને લઈને આ મુશ્કેલીઓને દૂર કરવા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ આ પ્રકારના ફૂડ ટેસ્ટમાં ગ્રાહકોને સહાય સહાય કરવા વિશ્વસનીય વોલન્ટરી કન્ઝુમર ઓર્ગેલાઈઝેશનને અધિકૃત કરવાનું નક્કી કર્યું છે. આ બાબતે નવી દિલ્હી ખાતે તા. ૧૩/૧૨/૧૯ ના રોજ યોજાયેલ ૮૦ થી વધુ વોલન્ટરી કન્ઝુમર ઓર્ગેનાઈઝેશનનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ તરીકે શ્રી સિરાજ મનસુરી હાજર રહ્યા હતા.

(NetCOFaN) જાગૃતિ અને તાલીમ નાના છૂટક ફૂડ બિઝનેશ મોબલાઈઝેશન અને ફૂડ ટેસ્ટીંગ એન્ડ સર્વેલન્સ ક્ષેત્રે કામગીરી કરશે. વોલન્ટરી કન્ઝુમર ઓર્ગેનાઈઝેશન (VCO) સામાન્ય રીતે ભેળસેળ શોધી શકે તે માટે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (Fssai), ૧૦૦ થી વધુ પરીક્ષણો કરી શકાય તેવા 'ફૂડ સેફટી મેજિક બોક્સ' પુરા પાડશે અને મિડ ડે મિલ સ્કીમમાં પરીક્ષણ કરવા માટે 'કીટ' પૂરી પડાશે. FSSAI ના સહયોગથી અરવલ્લી જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ- મોડાસા ખાધ ચીજ વસ્તુઓમાં પરીક્ષણ અને સર્વેલન્સની કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકશે.

---

**પ્રાંતિજ ખાતે માનવતાની થકી ઈન્સાનિયતની સુવાસ**



પ્રાંતિજના એપ્રોચરોડ ઉપર આવેલ શિવપેલસની સામે કેટલાક મિત્રો દ્વારા માનવતાની દિવાલ બનાવવામાં આવી છે. ત્યાં એક બોર્ડ લગાવવામાં આવ્યું છે. જેમાં લખ્યું છે કે માનવતાની મહેંક . જરૂરીયાતમંદ વ્યકિત માટે કપડાં મુકી જાવ અને જોઈતા કપડાં અહીથી લઈ જાવ . હાલ આ કડકડતી ઠંડીમાં ખરેખર જે મિત્રો એ આ માનવતાની દિવાલ બનાવવાનો વિચાર કર્યો છે. તે સાર્થક કામ છે . અહીં થી જરૂરીયાતવાળા લોકોને કપડાં મળી રહેતા તેઓના ચહેરા ઉપર ખુશી જોવા મળી છે. પ્રાંતિજ ઘણાં પરિવારો હાલ આ દિવાલ ઉપર કપડાં મુકી જાય છે. આમ, પ્રાંતિજ ખાતે આ જગ્યા માનવતાની મહેકની દિવાલ બની હોય તેવુ લાગી રહ્યું છે . (તસવીર : એમ. ઉમર મુન્શી, પ્રાંતિજ)

---

## તાંદલજાના અપહરણ તથા હત્યા કેસમાં છ આરોપીની ધરપકડ

બોડેલી, તા.૧૯

બોડેલી તાલુકાના તાંદલજા ગામના શખ્શને તેની સાસરી ભાણદ્રાથી ટવેરા ગાડીમાં અપહરણકારો ઉઠાવી લાવીને માર માર્યો હતો. અપહ્યના કિસનતડવી અપહરણકારોની ચૂંગલમાંથી છટકી ભાગ્યા હતો. અને અન્ય યુવાન મિહીરને અપહરણકારોએ જાનથી મારી નાખી કેનાલમાં ફેંકી દેતા. પોલીસે બીજા બે આરોપીઓની અટક કરી હતી. આ કેસમાં કુલ ૬ આરોપીની અટક કરી જેલ ભેગા કર્યા છે. પોલીસે અપહરણકારો અને ખૂન કરનાર ચાર આરોપીઓ હિતેશભાઈ, પ્રકાશભાઈ શનાભાઈ તડવી, ઈશ્વરભાઈ મોતીભાઈ અને શનાભાઈ ભૂરાભાઈ તરબદા (ચારે રહે, તાંદલજા,)ની અટક કરી હતી. (ત્યારબાદ બે ફરાર આરોપી યુવરાજસિંહ મહેન્દ્રસિંહ ડોડીયા (રહે, છછાદરા) અને ભદ્રેશ કુમાર ચંદુલાલ તરબદા (રહે. તાંદલજા)ની અટક કરતા કુલ ૬ આરોપીને જેલ ભેગા કર્યા છે.

---

## દાહોદના ડૉ.નિઝામ કાઝીને આંતરરાષ્ટ્રીય માર્શલઆર્ટ ક્ષેત્રે સન્માનિત કરાયા

દાહોદ, તા.૧૯

દાહોદના ડૉ.નિઝામ કાઝીને આંતરરાષ્ટ્રીય માર્શલ આર્ટમાં સન્માનીત કરવામાં આવ્યા છે. અમદાવાદની ઈન્ટરનેશનલ સ્કુલમાં ભારતીય યુવા કલા ટ્રેડીશનલ દ્વારા એશીયાના ૧૦૦ માર્સલ આર્ટને એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા જેમાં દાહોદના ડૉ.નિઝામુદ્દીન કાઝી જે છેલ્લા ૨૫ વર્ષથી દાહોદ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, વેસ્ટ બંગાળ જેવા રાજ્યોમાં માર્શલ આર્ટ કિરાટી જેવી પ્રવૃતિઓ ચલાવી અને વિદ્યાર્થીઓને દર વર્ષે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તરે ચેમ્પીયન બનાવે છે. ગુજરાતમાં રાજય સરકાર દ્વારા ૨૦૧૨માં ગુજરાત બેસ્ટ કોચ તરીકે પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. છેલ્લા ૨૫ વર્ષમાં માર્સલ આર્ટમાં તેમના યોગદાનને જાઈ ભારતીય યુવા કલા ફેડરેશન દ્વારા દાહોદના ડૉ.નિઝામુદ્દીન કાઝીનું નામ ૧૦૦ બેસ્ટ અને વલ્ડના ૧૦૦૦ બેસ્ટ માર્શલ આર્ટ ચેમ્પીયનશીપમાં તેમનું નામ સામેલ કરી સન્માનીત કરવામાં આવ્યા હતા જે દાહોદ, ગુજરાત અને ભારત દેશ માટે ગૌરવભરી વાત છે.





---

એનઆરસી-સીએએના વિરોધમાં

## પાલનપુરના મુસ્લિમોએ સજ્જડ બંધ પાળ્યો

(સંવાદદાતા દ્વારા) પાલનપુર, તા.૧૯

સરકાર દ્વારા સીએબી-એનઆરસીનો કાયદો લાગુ કરાતા સમગ્ર દેશના મુસ્લિમોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આ કાળા કાયદાના વિરોધમાં સમગ્ર દેશમાં મુસ્લિમ સંગઠનો મુસ્લિમ યુવાનોએ રોડ પર ઉતરી આંદોલન શરૂ કર્યો છે, ત્યારે બનાસકાંઠામાં પણ આ કાળા કાયદાથી ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આજે પાલનપુરમાં મુસ્લિમ વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર-દુકાનો સવારથી જ સ્વયંભૂ બંધ રાખી સીએબી-એનઆરસીના કાળા કાયદાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. પાલનપુર શહેરના નાની બજાર-ઢાળવાસ-સ્ટેશન રોડ તથા હાઈવે વિસ્તારમાં આજે મુસ્લિમ વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખી સજ્જડ બંધ પાળી કાળા કાયદાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઉપરાંત શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલી મુસ્લિમ વેપારીઓએ પણ તેમની દુકાનો બંધ રાખી બંધને સફળ બનાવ્યો હતો. મુસ્લિમ વેપારીઓએ મીડિયા સમક્ષ સરકાર દ્વારા લાગુ કરાયેલ એનઆરસી-સીએબીના કાળા કાયદાને પરત ખેંચવા રજૂઆત કરી હતી.



(તસવીર :- અપ્સર ચૌહાણ, પાલનપુર)

---



એનઆરસી અને સીએએના વિરોધમાં દેશભરમાં ભારે વિરોધનો વંટોળ ઊઠી રહ્યો છે. મહેમદાવાદમાં પણ મુસ્લિમ સમાજે આ કાળા કાયદાનો વિરોધ દર્શાવ્યો છે. ૮ યારે અલ્પસંખ્યક નાગરિક અધિકાર મંચ સહિતના સંગઠનો દ્વારા આપેલ બંધના એલાન સાથે મહેમદાવાદ શહેરના મુસ્લિમ વેપારીઓ જોડાયા હતા અને શહેરમાં સરદાર બજાર, નડિયાદ દરવાજા, વાવ બજાર વિસ્તારમાં આવેલ મુસ્લિમ સમાજ દુકાનો બંધ રાખી વિરોધ દર્શાવ્યો હતો. (તસવીર :- મહેમુદ ખોખર, મહેમદાવાદ)

---

ઉર્સમાં કોમી એકતાનો સંદેશ અપાશે

## માંગરોળ ખાતે મોટામિયાંની ગાદી ઉપર તા.૨૭મીથી ઉર્સનો પ્રારંભ

અંકલેશ્વર, તા.૧૯

માંગરોળની મોટામિયાંની પવિત્ર ગાદી પર દર વર્ષેની જેમ આ વર્ષે મેળો તા.૨૭ને શુક્રવારથી શરૂ થશે અને શનિવારના રાત્રે ચિરાગી થશે. ૧૫ દિવસ સુધી ઉર્ષ ચાલશે.

તા.૨૭ને શુક્રવારના રોજ હાલના ગાદીપતિ હજરત પીર સલિમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબ પોતાના રહેણાક પાલેજથી નીકળશે અને અકલેશ્વર ટૂંકું રોકાણ કરી જ્યાં મુરીદભાઈઓ અને અકીદત મંદો દ્વારા ફૂલહારથી સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ મોટામિયાં માંગરોળ પહોંચશે જ્યાં તેઓનું સ્વાગત કરવામાં આવશે. બપોરે ૩.૩૦ કલાકે તેમના હસ્તે સંદલ શરિફની વિધિ થશે તેમજ ભાઈચારો, કોમી એકતા માટે વિશેષ દુવાઓ પણ થશે. હઝરત ખ્વાજા મોટામિયાં ચિશ્તી ત્રીજા દ્વારા એક લાખ ગાયો પાળવામાં આવી હતી આજે પણ આ સિદ્ધાંતને અનુસરીને અહી ઘેર ઘેર ગાય પાળોના સંદેશ સાથે એક લાખ લોકોને વ્યસન મુક્ત કરવાનો તેમજ ઘેર-ઘેર વૃક્ષો વાવોનું અભિયાન ડૉ. મતાઉદ્દીન ચિશ્તીના નેતૃત્વમાં ચાલી રહ્યું છે. આ મેળામાં હિન્દુ, મુસ્લિમ, આદિવાસી શ્રદ્ધાળુઓ હજારોની સંખ્યામાં હાજર રહે છે.

---



વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર નાગરિકતા સંશોધન બિલના વિરોધમાં હજ્જારો લોકોના ટોળા રોડ ઉપર ઉતરી વિરોધ કરી હાઈવે ઉપર હંગામો મચાવ્યો હતો. (તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પાસ કરાયેલ

## NRC-CAAના વિરોધમાં છાપી હાઈવે પર હંગામો : ૧૦ કિ.મી. સુધી વાહનોની લાઈનો લાગી

### અમદાવાદ-પાલનપુર હાઈવે ઉપર બે કલાક સુધી ચક્કાજામ : ધારાસભ્ય મેવાણી સહિત ચારને ડિટેઈન કરાયા

છાપી, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકતા સંશોધન કાયદો પસાર કરતા તેના વિરોધ માં દેશભર માં વિરોધ નો વંટોળ ઉઠ્યો છે ત્યારે ગુરુવારે વિરોધ પક્ષ દ્વારા અપાયેલ ભારત બંધ ના સમર્થન માં વડગામ તાલુકા ના છાપી હાઈવે ઉપર લઘુમતી સમાજ ના વેપારીઓએ સજ્જડ બંધ પાળી હાઈવે ઉપર હજ્જારો ના ટોળાઓ એકઠા થઈ આ બિલ નો સખ્ત વિરોધ કરી હંગામો મચાવ્યો હતો જોકે હંગામા ને લઈ પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર ચક્કાજામ થતાં અનેક વાહનો ની દશ કિલોમીટર લાંબી કતારો લાગતા વાહન ચાલકો અટવાયા હતા અને મુસાફરો ના જીવ તાળવે ચોટયા હતા જોકે પોલીસે સંયમતા દાખવતા કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર અસ્પાક ઉલ્લાખાન અને બીસ્મિલ્લાની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા જાહેરસભા માટે બનાસકાંઠા દલિત સંગઠન, વડગામ વિકાસ સમિતિ તેમજ વડગામ ઠાકોર સેના સંબોધિત માગણી કરવામાં આવી હતી જેની મંજૂરી પણ તંત્ર દ્વારા આપવામાં આવી હતી જોકે મોડી રાત્રે તંત્ર દ્વારા આ મંજૂરી નાગરિકતા બિલ તેમજ એનઆરસી વિરોધને લઈ સોશ્યલ મીડિયામાં ફરતા થયેલ મેસેજો કારણોસર રદ કરી દીધી હતી અને સભા શરૂ થાય તે પૂર્વે વહેલી સવારે આયોજકો અમરનાથભાઈ, જિલ્લા કોંગ્રેસના ઉપ પ્રમુખ યાસીન બંગલાવાળા સહિત અન્ય બે ઈસમોની પોલીસ દ્વારા ડિટેઈન કરાયા હતા જેને લઈ સભા સ્થળે લોકોના ટોળેટોળા એકત્રિત થઈ હંગામો મચાવી ડિટેઈન કરાયેલ આગેવાનોને છોડી મુકવા માંગ કરી હતી લોકોના ટોળાઓ બેકાબુ બની ભારે હંગામો મચાવવા સાથે બિલનો વિરોધ કરી ભારે સુત્રોચાર પણ કર્યો હતો. દરમિયાન એસપી સહિતના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ કાફલો સતર્ક બની કાયદો અને વ્યવસ્થા ઉપર ચોપતી નજર રાખી હતી. જોકે હંગામો વધતા આખરે ડિટેઈન કરેલ આગેવાનોને પોલીસ દ્વારા મુકત કરાતા હંગામો શાંત પડ્યો હતો દરમિયાન ડિટેઈન કરાયેલ ચારે આગેવાનો દ્વારા સભાને સંબોધન કરી નાગરિકતા બિલ તેમજ એનઆરસીનો ભારે વિરોધ કરી આ બિલ ને પરત ખેંચવા ઉગ્ર માંગ કરી હતી આ વિરોધ માં કોંગ્રેસ દ્વારા પણ સમર્થન આપવા માં આવ્યું હતું અને અનેક કોંગ્રેસ ના આગેવાનો સભાને સંબોધન કરી બિલ ને પાછું ખેંચવા માંગ કરી હતી

હંગામા સમયે અસામાજિક તત્વો દ્વારા તાજ હોટલ આગળ પડેલ પોલીસ વાન ને ઉથલાવા પ્રયાસ કરવા સાથે વાન ઉપર પથ્થર મારી પાછળ નો કાચ ફોડી નાખ્યો હતો. નાગરિકતા બિલ ના વિરોધ પ્રદર્શિત કરતા લોકો નો હંગામો શાંત કરવા પોલીસ ને ભારે મશક્ત કરવા સાથે પસીનો છૂટ્યો હતો જોકે પોલીસ સાથે અસામાજિક તત્વો એ ટપલીદાવ કરવા છતાં બળ પ્રયોગ કરવા નું ટાળી સમજાવટ કરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખી હતી. નાગરિકતા બિલ નો વિરોધ દરમિયાન ઉપસ્થિત ટોળાઓએ હાઈવે ઉપર થી પસાર થતાં વાહનો રોકી ઘેરાવ કરતા પેસેન્જર સહિત ના વાહનચાલકો ના જીવ અધ્ધર થઈ ગયા હટ્સ જોકે પ્રબુદ્ધ નાગરિકો તેમજ પોલીસ ની સમજદારી ના કારણે કોઈ વધુ નુકશાન થયું ન હતું. નાગરિકતા બિલ તેમજ એનઆરસીના વિરુદ્ધમાં મંજૂરી વગર સભાસંબોધન કરનાર આગેવાનો તેમજ હંગામો કરી સરકારી વાનને નુકશાન પહોંચાડવા સહિત હાઈવે ચક્કા જામને લઈ સીસીટીવી સહિત વીડિયો રેકોર્ડીંગ દ્વારા ઓળખ કરી હંગામો મચાવનાર અસામાજિત તત્વો વિરુદ્ધ ફરિયાદ નોંધવાની તજવીજ પોલીસે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

---

**જૂના ડીસાના મુસ્લિમ સમાજે બંધ પાળી વિરોધ નોંધાવ્યો**



નવા નાગરિકતાના કાયદાને લઈ સમગ્ર દેશમાં ઘમાસાણ મચ્યું છે ખાસ કરીને મુસ્લિમ સમાજ આ કાયદાનો ઉગ્ર વિરોધ કરે છે તેમાં સુર પુરાવતા ડીસા તાલુકાના કોમી એકતા માટે વિખ્યાત જુનાડીસા ગામના મુસ્લિમ સમાજના નાના-મોટા તમામ વેપારીઓએ પણ ધંધા રોજગાર બંધ રાખી શાંતિપૂર્ણ માહોલમાં સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો. (તસ્વીર જમીલ મેમણ ડીસા)

# અમદાવાદ શહેર અભૂતપૂર્વ સજ્જડ બંધ રહ્યું તેનો પુરાવો આપતી વિવિધ વિસ્તારોની બોલતી તસવીરો

એનઆરસી અને સીએએ જેવા કાળા કાયદાનો વિરોધ કરવા ગુરૂવારે અમદાવાદ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. સવારથી જ તમામ મુસ્લિમ વિસ્તારોએ ઈતિહાસમાં કરફયુ સિવાય ક્યારેય બંધ ન રહ્યા હોય તેવો સજ્જડ બંધ પાળી વિરોધ દર્શાવ્યો હતો. નાની મોટી દુકાનો, લારી, ગલ્લા, પથારા બંધ રહ્યા હતા. અમદાવાદના હાર્દસમાન પાનકોરનાકા ઢાલગરવાડના વેપારીઓએ પણ સજ્જડ બંધ પાળ્યો હતો. અલ્પસંખ્યક નાગરિક અધિકાર મંચે માત્ર અમદાવાદ શહેર બંધનું એલાન આપ્યું હતું. પરંતુ એનઆરસી અને સીએએથી દાઝેલા અન્ય શહેરના લોકોએ પણ બંધને ટેકો આપતા બંધનો વ્યાપ વિસ્તર્યો હતો. અમદાવાદ શહેરના શાહેઆલમ, દાણીલીમડા, બહેરામપુરા, જુહાપુરા, વટવા, નારોલ, કાલુપુર, દરિયાપુર, શાહપુર, જમાલપુર, રાયખડ, લાલદરવાજા, રખિયાલ, ગોમતીપુર સહિતના અનેક વિસ્તારો બંધ રહ્યા હતા એ તો ઠીક રોજનું કમાઈ રોજ ખાતા રીક્ષાચાલકો પણ બંધમાં જોડાતા રસ્તાઓ પર પણ પાંખી હાજરી વર્તાતી હતી. (તસવીરો : રફીક શેખ)


શાહઆલમ


દાણીલીમડા


જમાલપુર


રાયખડ


ઢાલગરવાડ


ગોમતીપુર



રખિયાલ


પાંચકૂવા


મિરઝાપુર


પીરમહંમદશા રોડ


કાલુપુર ટાવર


જુહાપુરા



ખાસ બજાર


આસ્ટોડિયા

# અમેરિકી સેનેટે યુદ્ધ અપરાધો અંગે સીરિયા, ઈરાન અને રશિયા સામે નવા પ્રતિબંધોને બહાલી આપી

## સીરિયામાં ઓઈલ અને ઊર્જા સેક્ટરના પુનઃવિકાસમાં ભાગ લેવાનો ઈરાદો ધરાવતી ઊર્જા કંપનીઓને પણ પ્રતિબંધોમાં આવરી લેવાશે

(એજન્સી)વોશિંગ્ટન ,તા.૧૯ અમેરિકી સેનેટે ૭૩૮ અબજ ડોલરના પેન્ટાગોન બજેટને બહાલી આપી છે, તેમાં યુદ્ધ અપરાધોને કારણે સીરિયા, ઈરાન અને રશિયા સામે નવા આકરા પ્રતિબંધો લાદવાની સત્તા આપવાનો સમાવેશ થાય છે. સીરિયામાં ઘર્ષણ દરમિયાન આ ત્રણે દેશોએ યુદ્ધ અપરાધો આચર્યા



છે. રીપબ્લિકનના વર્ચસ્વવાળી સેનેટમાં ૮૬-૬ના મતદાનથી બિલ પસાર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે પણ અમેરિકા દ્વારા આ ત્રણે દેશો સામે અસંખ્ય પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. જોકે, આ બિલ નોંધપાત્ર રીતે વિસ્તૃત છે. આ બિલમાં સીરિયામાં ઓઈલ અને ઉર્જા સેક્ટરના પુનઃવિકાસમાં ભાગ લેવાનો ઈરાદો ધરાવતી ઉર્જા કંપનીઓને પણ પ્રતિબંધોમાં આવરી લેવામાં આવશે. એટલું જ નહીં, સીરિયાના પુનઃનિર્માણ પ્રોજેક્ટ્સ માટે સીરિયાના પ્રશાસનને લોન આપનારી અને વિમાનો પુરા પાડનારી કંપનીઓને પણ પ્રતિબંધોનો સામનો કરવો પડશે.


ડિસેમ્બર થી માર્ચ
રવાનગી દર મહિનાની ૨૦ તારીખ
15 દી. 62000 28 દી 72000
અમદાવાદ થી અમદાવાદ
મક્કા શરીફ હોટલ 600 મી. | મદીના શરીફ હોટલ 250 (મરકજિયા)
રમઝાન ઉમરાહ 35 દી 1,20,000/- 22-4-2020
હજ બુકિંગ ચાલું છે. 35થી 38 દી (ફર્સ્ટ કેટેગરી)
અલ-અમાન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
૨૧ ગ્રા.ફ્લોર રીવરવોક કોમ્પ્લેક્ષ રાયખડ, અમદાવાદ.
9978075303, 9979563365, 8141627350


# લેબેનોનના હરીરીએ કહ્યું એ આગામી વડાપ્રધાન નહીં બને

(એજન્સી) બૈરૂત, તા.૧૯ લેબેનોનના સાદ અલ-હરીરીએ કહ્યું હતું કે એ નવી સરકારના વડાપ્રધાન બનવાના ઉમેદવારોમાં નથી. જો કે એમણે કોઈ વૈકલ્પિક નામ સૂચવ્યું ન હતું. જે સૌથી ખરાબ આર્થિક કટોકટીની પરિસ્થિતિને સાચવી શકે. જે પરિસ્થિતિ ૧૯૭૫-૯૦ના ગૃહયુદ્ધના સમયથી ચાલી આવી રહી છે. વિદાય લેતા વડાપ્રધાન હરીરી લેબેનોનના આગેવાન સુન્ની રાજકારણી છે. એમણે વડાપ્રધાનની નિમણૂકની પૂર્વ સંધ્યાએ વિચાર-વિમર્શ દરમ્યાન



ઉપરોક્ત નિવેદન આપ્યું હતું. લેબેનોનમાં ચાલી આવતી પ્રથા મુજબ આ હોદ્દો સુન્નીઓ માટે અનામત છે. હરીરીએ નિવેદનમાં જણાવ્યું હતું કે હું જાહેરાત કરૂં છું કે નવી સરકારની રચના માટે હું ઉમેદવાર નથી. હું આવતી કાલની મીટિંગમાં આ હકીકતના આધારે જ ભાગ લેવાનો છું. એમણે ભાર મૂક્યો હતો કે આ કારણના લીધે વડાપ્રધાનની નિમણૂકમાં વિલંબ થવું નહીં જોઈએ. હરીરીએ એવા કોઈ સંકેતો આપ્યા નહતા કે એ વડાપ્રધાન માટે કોના નામની ભલામણ કરવાના છે. જે વિચારણા રાષ્ટ્રપતિ માઈકલ ઔન દ્વારા યોજાયેલ મીટિંગમાં થવાની છે. જોરોનાઈટ ક્રિશ્ચિયન નેતા ઔન લેબેનોનના ૧૨૮ સાંસદોના સમર્થન ધરાવતા ઉમેદવારની ભલામણ કરશે.

# પેલેસ્ટીનીનું પ્રતિનિધિત્વ કરનાર વકીલ ઉપર બનેલી ફિલ્મને ઓસ્કર માટે શોર્ટલિસ્ટ કરાઈ

(એજન્સી) તા.૧૯ ઈઝરાયેલના વકીલ લીઆ સેમીલ કે જેમણે સમગ્ર જીવન પેલેસ્ટીનીઓના બચાવ માટે વિતાવી દીધું છે તેના ઈઝરાયેલનો આરોપ છતાં તેમના નામે બનેલ બાયોપીક ફિલ્મ એડવોકેટને ઓસ્કરની ૧૫ શોર્ટલીસ્ટ ફિલ્મોમાં સ્થાન મળ્યું છે. જે ડોક્યુમેન્ટરી ફિલ્મ છે. આગામી મહિને ૫ હરિફોના નામ જાહેર થશે. એવોર્ડ વિજેતા ડોક્યુમેન્ટરી ફિલ્મ કે જે લીહ જોન્સ અને



ફિલીપ બેલાઈચી દ્વારા સહનિર્માણ કરાઈ હતી તેના પર ઈઝરાયેલના રાઈટવીંગ જૂથોએ તેમજ ઈઝરાયેલના સાંસ્કૃતિક મંત્રી મીરી રીગેવે પ્રહારો કર્યા હતા. તેલ-અવીવમાં યોજાયેલ ડોકઅવીવ ફિલ્મોત્સવમાં એડવોકેટ ફિલ્મને બેસ્ટ ફિલ્મ જાહેર કરાઈ હતી. રીગેવે વકીલને વિશેષ દર્શાવવાના મૂવીના પ્રયાસને વખોડી કઢાયો હતો. જે ઈઝરાયેલને તેના અસ્તિત્વથી નીચું બતાવે છે. જજે લખ્યું કે એડવોકેટ ફિલ્મના વિચારો મહત્ત્વના વિષયો તરફ ધ્યાન દોરે છે. જેમાં દેખાવોની અસરની કુશળતા અને ઈનોવેટીવ માટે બુદ્ધિથી અનિમેશન કરાયું છે.

# યુનોની સિક્યુરિટી કાઉન્સિલે સીરિયાની સરહદ પાર સહાય વિતરણ માટે તૈયારી કરી

(એજન્સી) ન્યુયોર્ક, તા.૧૯ છેલ્લા ૬ વર્ષમાં યુનો અને બીજા મદદ કરનાર જૂથોએ તુર્કી, ઈરાક, અને જોર્ડનમાંથી સીરિયામાં પ્રવેશ કર્યો હતો. જે ચાર સ્થળો યુનોએ નિર્ધારિત કર્યા હતા. લાખો લોકોને માનવીય સહાય પહોંચાડવામાં આવી રહી છે. યુનોની ૧૫ સભ્યોની સમિતિનો હેતુ આ સેવાને લંબાવવાનો હતો. જેથી યુનોના મહામંત્રી ગુટેરેસે જરૂરી બતાવી હતી. રશિયાએ જો કે કેટલીક સરહદોથી પ્રવેશ પર રોકની માગણી કરી હતી.



બેલ્જિયમ, કુવેત, જર્મનીએ તૈયાર કરેલ મુસદ્દાને કદાચ રશિયન સહિત વીટો વાપરી ઉડાવી શકે છે. જો આમ થાય તો મુસદ્દો પાસ થઈ શકે નહીં. પ્રસ્તાવ પસાર કરવા નવ વોટની જરૂર છે. તેમજ રશિયા, ચીન, યુએસ, બ્રિટન દ્વારા વીટો ન થાય. ગયા વર્ષે રશિયા, ચીન કાઉન્સિલની બેઠકથી દૂર રહ્યા હતા.

રશિયાએ સીરિયા મુદ્દે ૧૩ વખત વીટો વાપર્યો છે. જ્યારથી ૨૦૧૧માં સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદની સરકાર લોકતાંતરિક ચળવળકારો પર તૂટી પડી હતી. દાઈસના ઉગ્રવાદીઓએ ત્યારબાદ સીરિયા, ઈરાકની ભૂમિ પર ધમાસાણ મચાવ્યું હતું.

# યુનોની વંશવાદ વિરોધી સમિતિએ ઈઝરાયેલનો ભેદભાવપૂર્ણ કાનૂન અને વિભાજન અંગે ઝાટકણી કાઢી

(એજન્સી) ન્યુયોર્ક, તા.૧૯ યુનોની જાતીય ભેદભાવ નાબૂદી સમિતિના જીનીવા ખાતે મળેલ ભેદભાવપૂર્ણ કાનૂન અને ગ્રીનલાઈવની બંને બાજુએ વિભાજનની પ્રક્રિયાની સમીક્ષા બાદ એક રિપોર્ટ બહાર પાડ્યો હતો. જેમાં ઈઝરાયેલન ભેદભાવપૂર્ણ નીતિ અને કાનૂનથી બંને બાજુના લોકોમાં સામાજિક વિભાજન રજૂ કરાયું હતું.

કમિટીએ ૧૮ સ્વતંત્ર માનવ અધિકાર નિષ્ણાંતોના અગ્રણીઓની બેઠકમાં આ



રિપોર્ટની ચર્ચા કરી હતી. જેમાં માનવ અધિકારોનું આકલન કરાયું હતું.


ઈઝરાયેલના હાલના ભેદભાવપૂર્ણ કાનૂન સામે કમિટીએ ચિંતા વ્યક્ત કરી હતી. જેમાં ઈઝરાયેલના સમાજને યહુદી અને નોન યહુદી સેકટરમાં વિભાજિત કરાયો છે. નસલી ધિક્કારપાત્ર ભાષણો ઈઝરાયેલના પેલેસ્ટીની નાગરિકોને નિશાન બનાવે છે. પેલેસ્ટીની કબજાવાળા પ્રદેશમાં રહે છે. જેઓ શરણાર્થી અને સ્થળાંતરિત તરીકે આફ્રિકન મૂળના જેવા લાગે છે. કમિટીએ ઉલ્લેખ કર્યો ઘણા કાનૂનો કે જે આરબ નાગરિકો જે ઈઝરાયેલમાં રહે છે તેમની વચ્ચે મતભેદ પેદા કરવાનું કામ ઈઝરાયેલ કરે છે. ઈઝરાયેલે યહુદીઓ અને બિનયહુદીઓ વચ્ચે ભેદભાવ ઊભો કરવા અલગ નગરપાલિકા બનાવી છે.

કમિટીએ યહુદીઓની કબજાવાળા વિસ્તારમાં વસાહતોને ગેરકાયદેસર બતાવી હતી. બીજી તરફ પેલેસ્ટીની વસ્તી નગરો અને ગામોમાં રહે છે.

# અમેરિકા સાથે પુનઃ સંબંધો બાંધવા સુદાન, હમાસ અને હિઝબુલ્લાના કાર્યાલયોને બંધ કરશે

(એજન્સી) ખાર્ટુમ, તા.૧૯ અમેરિકા સાથે પુનઃ સંબંધો શરૂ કરવા તેમજ આર્થિક પ્રતિબંધ લાગુ કરાયા છે. તેને દૂર કરવા સુદાને તેના દેશમાં હમાસ અને હિઝબુલ્લાની ચળવળના કેન્દ્રો બંધ કર્યા છે. અમેરિકા દ્વારા હમાસ અને હિઝબુલ્લાહને ત્રાસવાદી સંગઠનો જાહરે કરાયા છે.

સુદાનના વડાપ્રધાન અબ્દુલ્લાહ હેમડોકે તાજેતરમાં વોશિંગ્ટનની મુલાકાત લીધી હતી ત્યારે બંને દેશો વચ્ચે આ પ્રકારની સમજૂતી થઈ હતી. જેમાં સુદાને અમેરિકા સાથે પુનઃ સંબંધો શરૂ કરવા હમાસ-હિઝબુલ્લાહ પર પ્રતિબંધ મૂકી તેના દફતરોને બંધ કર્યા હતા. ૧૯૮૫ બાદ સુદાનના કોઈપણ



નેતાની અમેરિકાની આ પહેલી યાત્રા હતી. અમેરિકાએ સુદાન પર ત્રાસવાદને પ્રોત્સાહન આપવાના આરોપસર આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા તેમજ સુદાન પર અલ-કાયદાના ત્રાસવાદને પ્રોત્સાહન આપવાનો અને ઓસામા બિન લાદેનને આશ્રય આપવાનો આરોપ મૂક્યો હતો.

સુદાનમાં બળવો થતાં તત્કાલીન વડાપ્રધાન ઓમર અલ-બશીરને હાંકી કઢાયા હતા. જેઓ સામે ભ્રષ્ટાચારનો આરોપ છે. તેમને બે વર્ષની જેલની સજા કરાઈ છે. નવા વડાપ્રધાન અબ્દુલ્લાહ હેમડોકે કહ્યું કે સુદાનને અમેરિકાના બ્લેક લિસ્ટમાંથી બહાર કાઢવું જરૂરી છે. જેથી આર્થિક પ્રતિબંધો દૂર થાય અને દેશની આર્થિક સ્થિતિમાં સુધારો આવે. ગયા વર્ષે દેશમાં ગંભીર આર્થિક સંકટ છવાયું હતું.

યુનોની સભાને સંબોધતા સુદાનના વડાપ્રધાને કહ્યું હતું કે પૂર્વ સરકાર ત્રાસવાદને પ્રોત્સાહન આપતી હતી. લોકોનો ટેકો ન હતો. જેના કારણે સુદાનને પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો હતો. નવી સરકારે હિઝબુલ્લાહ અને હમાસના સુદાન ખાતેના કાર્યાલયોને બંધ કરી દીધા છે.

# શું હવે શક્તિશાળી તુર્કીને નબળું કરવાનું ષડયંત્ર રચી રહ્યું છે અમેરિકા ?

(એજન્સી) તા.૧૯ રશિયાથી મિસાઈલ ખરીદવાથી નારાજ અમેરિકાએ તુર્કી પર પ્રતિબંધ લગાવવાની ધમકી આપી છે જેનો તુર્કીએ જોરદાર જવાબ આપ્યો છે.

તુર્કીના રાષ્ટ્રપતિ રેસપ તૈયપ એર્દોગને તુર્કીના સમાચાર ચેનલ હેબારથી કહ્યું, અમેરિકાની તરફથી જો પ્રતિબંધ લગાવવાની ધમકી આપવામાં આવશે તો અમારે પણ આનો જવાબ આપવો પડશે. જરૂરત પડશે તો અમે અમેરિકા માટે ઈન્સરલૈક અને ક્યુરેસિક એયરબેસ બંધ કરી દઈશું. તુર્કીએ રશિયાથી એસ-૪૦૦ ડિફેન્સ મિસાઈલ ખરીદ્યા પછી આ વિવાદ શરૂ થયો. આના પછી અમેરિકી



સાંસદે તુર્કી પર પ્રતિબંધ લગાવવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર દબાવ બનાવી રહ્યાં છે. આ ડીલને નાટો અને એફ૩૫ ફાઈટર જેટની સાથે અસંગત બનાવવામાં આવી.

રશિયા અને તુર્કીની ડીલ અમેરિકી કાનૂનની પણ વિરૂદ્ધ બતાવવામાં આવી રહી છે. અમેરિકાએ F-35 ફાઈટર જેટના પ્રોગામથી તુર્કીને હટાવી દીધું છે. તુર્કી જે હવાઈ અડ્ડાઓને અમેરિકા માટે બંધ કરવાની વાત કહી રહ્યું છે તે અમેરિકી સેના માટે મહત્ત્વપૂર્ણ રહ્યું છે. દક્ષિણ તુર્કીમાં બનેલ ઈનસરલૈક એયરબેસથી જ અમેરિકી સેનાના મિડલ ઈસ્ટ અને અફઘાનિસ્તાનમાં ઘણા ઓપરેશન કર્યા છે. સીરિયા અને ઈરાકમાં ઈસ્લામિક સ્ટેટ પર કાર્યવાહી માટે પણ આ એયરબેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમેરિકી લશ્કરના ૫૦ બી ૬૧ ન્યૂક્લિયર બોંબ પણ અહિંયા ઊભા છે.

પૂર્વી તુર્કીના ક્યૂરેસિક એયરબેસ પર રડાર સ્ટેશન છે. જેને અમેરિકા માટે બંધ કરવાની વાત તુર્કી કરી રહ્યું છે. એર્દોગનથી પહેલાં તુર્કીના વિદેશમાંથી મેવલુત કાવુસોગ્લુએ પણ અમેરિકાની ધમકી પછી પોતાના બે એયરબેસ બંધ કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો..

વસ્તુત : નાટોના બે સભ્યો દેશો વચ્ચે ખટાશ ત્યારે પેદા થઈ જ્યારે તુર્કીએ કુર્દ લડાકુ વિમાન પર કાર્યવાહી કરવી શરૂ કરી દીધી જેમણે ઉત્તરપૂર્વી સીરિયામાં આઈએસના આતંકવાદીઓ વિરૂદ્ધ ઓપરેશનમાં અમેરિકાની મદદ કરી હતી.

અમેરિકાએ જ્યારે પોતાની સેનાને આ વિસ્તારથી પાછી બોલાવી લીધી ત્યારે તુર્કીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન સાથે સીરિયામાં પેટ્રોલિંગ કરવાની ડીલ પર હસ્તાક્ષર કરી દીધા.

# હારેત્ઝ : ૨૦૧૯માં ૮૮ ઈઝરાયેલી અરબોની હત્યા થઈ

(એજન્સી) ગાઝા, તા.૧૯ ઈઝરાયેલના અખબાર હારેત્ઝે કહ્યું છે કે ૨૦૧૯ના વર્ષ દરમ્યાન ૮૮ જેટલા ઈઝરાયેલી અરબ (પેલેસ્ટીની)ની હત્યા કરાઈ હતી. જેમાં ૨૭ કેસોને જ ઉકેલી શકાયા છે. અખબારના જણાવ્યા અનુસાર ત્રીજા ભાગના પેલેસ્ટીનીઓના કેસો ઉકેલાયા છે. જ્યારે અંદાજે બે તૃત્યાંસ ઈઝરાયેલી હત્યા કેસો ઉકેલાયા છે. આ વર્ષે પેલેસ્ટીનીઓએ ઘણા બધા દેખાવો યોજ્યા હતા અને રેલીઓ કાઢી હતી. જે



સંખ્યાબંધ હત્યાઓ અને પોલીસની હત્યાઓ પ્રત્યે નિષ્ક્રિયતા વિરૂદ્ધ હતા. તેમ છતાં હારેત્ઝ અખબારે ખુલાસો કર્યો કે અપેક્ષિત પરિણામ લાવી શક્યું નથી. ઈઝરાયેલ પોલીસ શસ્ત્રો જપ્ત કરવામાં સફળ થઈ નથી. ઉચ્ચકક્ષાની અરબ મોનિટરીંગ કમિટીએ હિંસાનો અંત લાવવા જણાવ્યું છે. જેમાં પોલીસ દ્વારા ગેરકાયદેસર શસ્ત્રો જપ્ત કરવાની માગણી છે. ઈઝરાયેલી પોલીસને અંદાજ છે કે અંદાજે ૧ લાખ ૫૦ હજાર જેટલા ગેરકાયદેસર શસ્ત્રો છે. પરંતુ જે માત્ર ૨૦ શસ્ત્રો જપ્ત કરી શકી છે.

અખબારે નોંધ્યું કે ઈઝરાયેલ પોલીસ દળ પેલેસ્ટીન સામેની હિંસા માટે પૂરી જવાબદારી લેતી નથી. આરોપોનો ભાર દરેકે લેવો જોઈએ. સફા ન્યુઝ એજન્સીએ ઈઝરાયેલ પર પેલેસ્ટીની કોમમાં ગુનાખોરી વધારવાનો પ્રયાસ કરે છે.

# સીરિયા : વિદ્રોહીઓના કબજાવાળા ઉત્તર-પશ્ચિમમાં શાસનના હવાઈ હુમલામાં ૧૭નાં મોત

(એજન્સી) દમાસ્કસ, તા.૧૯ સીરિયન સરકાર અને રશિયાના હવાઈ હુમલાઓમાં મંગળવારે વિદ્રોહીઓના કબજાવાળા ઉત્તર-પશ્ચિમી સીરિયામાં ઓછામાં ઓછા ૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે. તાજેતરના મહિનાઓમાં દૈનિક ધોરણે થતા હુમલાઓને પગલે મૃતકોની સંખ્યામાં વધારો થયો છે. આ વિગતો પ્રયત્ક્ષદર્શીઓ અને બચાવકર્મીઓ દ્વારા આપવામાં આવી છે. યુદ્ધના સાડા આઠ વર્ષ બાદ પણ ઈદલિબ પ્રાંત સહિતના દેશના ઉત્તર-પશ્ચિમી



ભાગોમાં હજુ પણ વિદ્રોહીઓનો કબજો યથાવત છે. નોંધનીય છે કે રશિયા વિદ્રોહીઓ અને ઈસ્લામિક આતંકવાદીઓ તેમજ તુર્કીની વિરૂદ્ધમાં રાષ્ટ્રપતિ બશર અલ-અસદનું સમર્થન કરે છે. તાજેતરમાં થયેલા હુમલામાં બચાવ કામગીરી કરી રહેલા લોકોએ જણાવ્યું કે આ હવાઈ હુમલામાં ગ્રામીણ શહેર માસ્રાનને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ શહેરમાં આવેલા એક બજારમાં ચાર લોકોનાં મોત નિપજ્યા હતા જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ સિવાય બાડમડા શહેર પર થયેલા હવાઈ હુમલામાં ૬ નાગરિકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. હાલ તો આ મૃતદેહોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

શુક્રવાર ૨૦ ડિસેમ્બર ૨૦૧૯
૨૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૧
માગસર વદ નોમ સંવત ૨૦૭૬

# ભાજપ, મંત્રી ગૌડા-ગવર્નર બેદીને નફરત ફેલાવવા બદલ રસ્તો દેખાડે

સત્તા પરના ભાજપના મોવડીઓ તેમના પક્ષના લોકો એલફેલ બોલી, નફરત ફેલાવે, એવું કોઈ કામ થતું હોય ત્યારે તેમની હાજરી હોય છતાં પેલી નફરત ફેલાવતાં ન અટકાવે એનો મતલબ જ એ કે, તેમને (નફરત ફેલાવનાર કે એના સાક્ષી બનનાર) ખબર છે કે, પક્ષ આપણને પ્રજ્ઞા ઠાકુર કે સાક્ષી મહારાજ જેવાઓને આપે છે તેમ બહુ બહુ તો ઠપકો આપશે, ફરી આવું ન કરવા તાકીદ કરીને છોડી દેશે, એટલે તેઓ આગળ ઉપર પણ બેરોકટોક દેશમાં જ્યાં તેમને યોગ્ય લાગે ત્યાં-ત્યારે દેશના લોકોમાં નફરત, કોમવાદ ફેલાય તેવું કામ કરતાં સહેજે ખચકાટ અનુભવતા નથી.

એનો તાજો દાખલો આપણે પ્રજ્ઞા ઠાકુરે સંસદમાં ગોડસેને ચૂંટણી પછી બીજીવાર દેશભક્ત કહી પોતાને પક્ષનોય ડર નથી તેવું વર્તન કર્યું અને એ સાચું પડ્યું. પ્રજ્ઞાએ સંસદમાંના એ શબ્દો પાછા ખેંચી વીટો વાળ્યો અથવા ભાજપે એની પાસે માફી મંગાવી વીટો વળાવ્યો. એનો અર્થ એ કે, પક્ષ આંખ આડા કાન કરી પોતાના એજન્ડાને આગળ વધારાવે છે.

અત્યારે બીજો જ એવો ગંભીર બનાવ બન્યો કે, કેન્દ્રીય પ્રધાન સદાનંદ ગૌડા અને પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર કિરણ બેદીએ નફરતની બોલબાલા કરાઈ રહી હતી એવું નાટક એમની હાજરીમાં ભજવાઈ રહ્યું હતું છતાં તેમણે તેને અટકાવ્યું નહીં. કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાની એક શાળામાં બાબરી શહીદીની ઘટનાનું નાટક કેન્દ્રીય મંત્રી અને લેફ્ટનન્ટ ગવર્નર બેદીની હાજરીમાં ભજવાયું. તેને બંને જવાબદાર નેતાઓએ ન અટકાવ્યું. જે જગ્યાએ નાટક ભજવાયું તે કુમળા બાળકોમાં નફરતના, કોમવાદના બીજ રોપાઈ રહ્યા હોય અને એક કેન્દ્રીય મંત્રી, એક રાજ્યના ગવર્નર કે જે બંને બંધારણીય હોદ્દો ધરાવે છે તેમની રૂબરૂ એ નાટક ભજવાય ત્યારે એની ગંભીરતા ખૂબ વધી જાય છે. બંધારણીય હોદ્દે બેઠેલી હસ્તીઓ એ પણ ભૂલી ગઈ કે, બાબરી મસ્જિદ શહીદીની ઘટનાને અયોધ્યા ચુકાદામાં સુપ્રીમ કોર્ટના પાંચ જજોની બેન્ચે કાયદાનું ઉલ્લંઘન-ગુનો ગણ્યો છે; છતાં સુપ્રીમ કોર્ટના એ ચુકાદાનુંય અપમાન પેલા નાટકના માધ્યમથી થાય ત્યારે એ બંને બંધારણના શપથ લઈને હોદ્દો ગ્રહણ કરેલાને ભાજપે-કેન્દ્ર સરકારે વહેલામાં વહેલી તકે તેમને તે હોદ્દેથી દૂર કરવા જોઈએ. વિપક્ષે પણ આ બનાવને ગંભીરતાથી લઈ એ બંનેને હોદ્દા પરથી દૂર કરવા માંગ કરી છે.

પણ લાગે છે કેન્દ્ર સરકાર કે ભાજપ આ બાબતને અગાઉ પ્રજ્ઞા તથા સાક્ષી મહારાજ વગેરેના કિસ્સામાં જે રીતે હલકામાં લીધું તે રીતે આ કિસ્સામાં પણ કરશે એમ લાગે છે. જો ભાજપને ખરેખર દેશમાં નફરતના વાતાવરણને સુધારવામાં રસ હોય તો તેણે કેન્દ્રીય મંત્રી ગૌડા, કિરણ બેદીને લેફ. ગવર્નરના હોદ્દેથી દૂર કરવા ઘટે. સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ શહીદીની ઘટનાને ગુનો ગણતો ચુકાદો આપ્યો પછી એ ઘટનાનો ગર્વ લેતું નાટક શાળાના કુમળા બાળકો સામે ભજવાય તેનો અર્થ જ એ કે, નફરત જીવતી રાખવામાં ભાજપના ઘણા નેતાઓને રસ છે, અને તેઓ આવા કાર્યોથી તે રસને જીવતો રાખવા નફરતનું પાણી પીવડાવતા રહે છે. પણ તેઓ ભૂલી જાય છે કે, આ રીતે તો આખરે દેશની જ તાકાત તેઓ તોડી રહ્યા છે.

# CAA અને NRC માત્ર મુસ્લિમ મુદ્દો જ નથી; તે સમગ્ર ભારતના નાગરિકો માટે ચિંતાનો વિષય છે

## ચર્ચાની એરણે

- શફીક આર.મહાજીર

આપણા માટે આશ્ચર્યની વાત છે કે એક જ મકાનમાં રહેતા બંને લોકો સમાન ભાષા બોલે છે અને ભારતીય હોવાની એક જ શ્રદ્ધાનો અમલ કરે છે, એક સાથે કામ કરવા માટે અને પોતાના સમાન અધિકારો અને જવાબદારીઓ સાથે એક ભાગીદારી રચવા માટે એક સાથે સંમત થાય છે અને આ ભાગીદારી ૭૦ વર્ષ સુધી ચાલુ રહે છે પરંતુ તેમાં એક ભાગીદારને હંમેશા શંકાસ્પદ રીતે જોવામાં આવે છે. તેના અધિકારોનું ધીમું ધોવાણ થાય છે પછી બીજો ભાગીદાર પોતાની ઉત્તમ હોવાની કલ્પના કરે છે અને અંતે આ ભાગીદારીની હવે શરતો હવે અલગ અલગ હશે. હવે પહેલો ભાગીદાર પ્રભુત્વ મેળવશે, તે બીજા ભાગીદારના અધિકારો પચાવી પાડશે, તે માત્ર તેની પોતાની પદ્ધતિઓ જ લાગુ કરવામાં રસ ધરાવે છે. બીજો અન્ય ભાગીદાર ફક્ત આ પ્રભાવશાળી વ્યક્તિની દયા સાથે જ રહી શકે, જો આ પ્રભાવશાળી ભાગીદાર કોઈ નિર્ણય લે તો બીજો આ ભાગીદારીના લાભોમાંથી બહાર થઈ શકે છે. અંતે મામલો કોર્ટમાં જાય છે. તો શું અદાલતે કથિત રીતે પ્રબળ ભાગીદારનું વલણ અને તેની સંમત શરતોને કપટપૂર્ણ વિકૃતિ ગણશે કે નહીં, જે હકીકતમાં છે ? પણ આજે કાયદો અને કાનૂની સિદ્ધાંતો પણ અવિશ્વસનીય છે.

જુદા જુદા રાજ્યોના લોકોના વિવિધ જૂથો, જુદી જુદી વૈશ્વિક વિચારધારાના જુદા જુદા દાર્શનિક અને વંશીય સમુદાયો, જુદી જુદી ભાષાઓ બોલતા વિવિધ ધાર્મિક ધર્મો એક સાથે ભારતમાં રહે છે અને નક્કી કરે છે કે તેઓ એક જ બંધારણ દ્વારા પોતાનું શાસન ચલાવશે. પણ સંજોગો ૭૦ વર્ષથી સારા નથીઃ અદાલતોમાં કેસ દાખલ કરવામાં આવે છે અને અદાલતો કહે છે કે તેઓ તેમાં કોઈ મદદ કરી શકતા નથીઃ શું આ ન્યાયી છે ?, તમે જુઓ. કાયદાકીય હુમલાથી પણ સંરક્ષણ આપવામાં આવશે તેવી બંધારણમાં ધારણા કરવામાં આવી હતી, તે કાયદાની એક્સેસથી ખરેખર બીજા નાગરિકોને બાકાત રાખે છેઃ તેમના હક છીનવી લેવામાં આવે છે, તેમની સાથે બંધારણીય છેતરપિંડી શરૂ થાય છે. આ દરમ્યાન, મુસ્લિમ તો હંમેશા શંકાસ્પદ જ રહે છે. તેમના અધિકારોનું ધીમું અને કપટકારક ધોવાણ સામાન્ય રીતે જોવામાં આવે છે, મુખ્યત્વે મુસ્લિમોનો ઈતિહાસ વિકૃત કરવામાં આવી રહ્યો છે, તેમ તેમ આ કપટ વધુ આગળ ચાલે છે. તેમનું લિંચિંગ થાય છે. એક જૂનો મામલો ઠંડો થાય તો બીજો મુદ્દો ગરમ કરવામાં આવે છે, પછી આ મુદ્દાઓ કોઈ મહત્વપૂર્ણ નિર્ણયમાં સમાપ્ત થાય છે. આ એક જાતનું પરીક્ષણ છે અને દેશમાં એકતા ખતમ કરવા માટેની આ એક અંતિમ રમત છે.

કેટલાક તેજસ્વી લોકોએ સીએએનો વિરોધ કર્યો છે. આ મામલો કોર્ટમાં જાય છે. પરંતુ યાદ રાખો, આજે કાનૂની સિદ્ધાંતો અવિશ્વસનીય છે, અથવા કરી નાખવામાં આવ્યા છે. અદાલતે એનઆરસી અને સીએએનો વિચાર કરનાર લોકોના આ વલણને જાકારો આપવો જોઈએ, અને તેને બંધારણનું કપટપૂર્ણ અને વિકૃત કાર્ય ગણવું જોઈએ. પણ આપણે માત્ર રાહ જોવાની છે, જેમ આપણે બાબરી મસ્જિદમાં કર્યું હતું.




સીએબી હવે કાયદો બની ગયો છે. આ અધિનિયમ, મૂળભૂત બંધારણીય હક્કો પર હુમલો કરી, નાગરિકોના મૂળભૂત હક્કોનું ઉલ્લંઘન કરે છે. તે બંધારણની કલમ ૧૪ અને ૨૧, અને ૧૯૮૫ના અસમ એકોર્ડને અવગણતા, જે રાખે છે. આ કલમ ૧૪ હેઠળ સમાનતાની ભાવના રદ કરે છે.

૧૯૫૫ નાગરિકતા કાયદો કાયદો બન્યો. આગામી દાયકાઓમાં, 'નાગરિક અને રાજકીય અધિકાર પર આંતરરાષ્ટ્રીય કરાર' કાર્યરત થઈ ગયો. ૧૯૮૫, સર્બાનંદ સોનોવાલ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૦૫) કાયદાને બાજુમાં રાખીને, ભારતની આંતરરાષ્ટ્રીય સમૂહ હેઠળની જવાબદારીઓનો ભંગ કરે છે, આ એક્ટ બંધારણ હેઠળની જવાબદારીઓનો ભંગ કરે છે જેના માટે ભારત સન્માન માટે બંધાયેલ છે. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના હિન્દુઓ, શીખ, બૌદ્ધ, જૈનો, પારસી અને ખ્રિસ્તીઓ જ ભારતીય નાગરિકત્વ મેળવવા માટે લાયક છે, આમ આ કાયદો મુસ્લિમો સામે ભેદભાવ રાખે છે. તે મ્યાનમારમાં સતાવેલા મુસ્લિમોની અવગણના કરે છે, શ્રીલંકામાં સતાવેલા વ્યક્તિઓને સ્પષ્ટપણે અન્ય ધર્મો અને પ્રદેશોને બાકાત આસામ એકોર્ડ આપણે જોયું. છેલ્લા ચાર દાયકા દરમિયાન ઘણી વાર સિટિઝનશીપ એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો, પણ તે ધર્મના આધારે નહીં. ૨૦૦૭માં, 'ધર્મ અથવા માન્યતાના આધારે તમામ પ્રકારની અસહિષ્ણુતા અને ભેદભાવને નાબૂદ કરવા' અંગેનો યુએનનો ઠરાવ કાર્યરત થયો. એ પછી પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ)ના નિયમોમાં, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના હિન્દુઓ, શીખ, જૈનો, બૌદ્ધ, પારસીઓ અને ખ્રિસ્તીઓને, પાસપોર્ટ એક્ટ ૧૯૨૦ની કેટલીક જોગવાઈઓથી મુક્તિ આપીને બદલાવવામાં આવ્યા હતા. આ જ રીતે ફોરેનર્સ એક્ટ ૧૯૪૬, મુક્તિવાળી કેટેગરીઝ (બધા બિન-મુસ્લિમો) માટે ભારતમાં રહેવાની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો.

નાગરિકત્વ સુધારણા બિલ ૨૦૧૬ની લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો, અને ત્યારબાદ સંયુક્ત સંસદીય સમિતિને રવાના કરવામાં આવ્યો હતો. જેના અહેવાલને પણ દેખીતી રીતે બાજુ પર મૂકી દેવામાં આવ્યો હતો. જૂનમાં આ બિલ પસાર થઈ શક્યું ન હતું પરંતુ તેને ફરીથી રજૂ કરવામાં આવ્યું હતું અને તેને ૨૦૧૯માં પસાર કરવામાં આવ્યું હતું. અનેક વિવાદાસ્પદ બિલો પર પરંપરાગત રીતે રાષ્ટ્રપતિઓ દ્વારા ચિંતન કરવામાં આવતું હતું, પરંતુ આજે લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર કરાયેલા આ ખરડાને થોડા કલાકોમાં જ રાષ્ટ્રપતિની સંમતિ મળી ગઈ હતી.

દેશભરમાં સીએએ અને એનસીઆર વિરુદ્ધ થઈ રહેલા વિરોધ પ્રદર્શનો મુખ્ય પ્રવાહના મીડિયા અહેવાલોમાં જોવા મળતા નથી, તે આશ્ચર્યચકિત કરે છે. આપણી પ્રજા અસરગ્રસ્ત છે અને શાસનની સંસ્થાઓ પર છૂટાછવાયા પ્રભાવ અને પ્રપંચી પ્રભાવમાં અસરગ્રસ્ત છે પરંતુ તે વધુ ચિંતિત છે, તે ભયાનક બની શકે છે, પરંતુ આજે જે બન્યું છે અને તે કેવી રીતે બન્યું છે તેમાંથી આપણે મહત્ત્વના પાઠ શીખવાના છે.

જ્યારે તમે મત આપો ત્યારે, તમે શા માટે મત આપી રહ્યા છો તે સમજવાનો સૌથી મહત્વપૂર્ણ પાઠ છે. તમે શા માટે મત આપો છો અને કોને આપો છો તેઓ પોતાનો હેતુ પણ ક્યારેય આપણને જણાવતા નથી. લોકોની સહન કરવાની ક્ષમતા, અનિયંત્રિત અવાજો સાંભળવાની, મૌન રહેવાની અને આદેશોની વિચિત્રતા સમજવાની શક્તિ ખતમ કરીને તેનો ઉપયોગ ભવિષ્યમાં કરવાની યોજના આ નેતાઓ કરી રહ્યા છે.

એનઆરસી કે સીએએ એ માત્ર મુસ્લિમ મુદ્દો નથી. તે સમગ્ર ભારતનો મુદ્દો છે. ભારતના દરેક નાગરિકોનો મુદ્દો છે અને માટે જ બંધારણીય આદર્શોના વિનાશ પર ગુસ્સો વ્યક્ત કરી રહેલા લોકોએ તેમના પ્રતિનિધિઓની પસંદગી કરતી વખતે આ વિશે વિચારવું જ જોઈએ, જે નેતાઓ ન્યાયિક નિમણૂકોને અવરોધિત કરવા અને ન્યાયિક નિમણૂકોને ખતમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

યુએન કરાર મહાન છે, પરંતુ તેના માટે માત્ર રાજ્યના પક્ષો અથવા આઈસીજે જ યુએનનો સંપર્ક કરી શકે છે, અને જો તે કરશે, તો યુએન શું કરશે, અને તેટલા સમયમાં, લોકોને કેટલું નુકસાન થવાની સંભાવના છે ? રોહિંગ્યા લોકોને યાદ કરો. અને બીજી વાત એ છે કે કોઈપણ દેશની સરકારોને યુએન કરાર સાથે સુસંગત કાયદો ઘડવા ફરજ પાડી શકાતી નથી. નિર્દેશી સિદ્ધાંતો પણ ન્યાયી ન હોય તેવું પણ આપણે જોયું છે.

તેથી, નાગરિકે પોતાએ જ પોતાના વિશે વિચારવાની જરૂર છે. ભવિષ્યમાં પણ ચૂંટણીઓ યોજાશે, અને નાગરિકોએ પોતે કરેલી ભૂલોમાંથી પાઠ શીખવો જોઈએ, તેમણે પોતાની ભૂલોનું પુનરાવર્તન ન કરવું જોઈએ. જો તેઓ તાજેતરના ઈતિહાસમાંથી કંઈ નહીં શીખે, તો તેઓ કદાચ આજના સમયના દોરમાં અટવાઈ શકે છે, અને આ સમય ચક્ર તેમના માટે એક અવિરતપણે શ્રાપ બની શકે છે.

(સૌ. : સિયાસત.કોમ)

# આપણી પાસે ગૂગલ પણ છે અને મોબાઈલ પણ છે, છતાં એ પુસ્તકનો વિકલ્પ ક્યારેય નહી બની શકે

## પ્રાસંગિક

- ગોસ્વામી ધર્મેન્દ્રગીરી જે.

**દુનિયા એ કિતાબ છે**
**જે ક્યારેય વાંચી નથી શકાતી**
**પરંતુ જમાનો એ અધ્યાપક છે**
**જે બધું જ શીખવાડી દે છે.**

પુસ્તકાલય શબ્દ લેટીન પરથી ઊતરી આવ્યો છે. પુસ્તકાલય બે શબ્દો પુસ્તક + આલયના સંયોજનથી બનેલો છે. જેનો અર્થ થાય છે પુસ્તકોનું ઘર અથવા એવી જગ્યા જ્યાં ઘણા વિષયોના પુસ્તકો એકત્રિત કરવામાં આવ્યાં છે અને તેનો ઉપયોગ વાંચવા માટે થાય છે. પુસ્તકાલયમાં પુસ્તકો ઉપરાંત, ત્યાં પત્રો - સામયિકો, અખબારો પણ છે જે ત્યાં બેઠા મળી શકે છે. સારી ગુણવત્તાવાળા પુસ્તકો પુસ્તકાલયોમાં રાખવામાં આવે છે. તેમાંના કેટલાક પુસ્તકો એટલા ખર્ચાળ છે કે સામાન્ય લોકો માટે તે ખરીદવું અને વાંચવું શક્ય નથી. સંદર્ભ પુસ્તકો માટે આ ખાસ કરીને લાગુ પડે છે. એટલું જ નહીં, આપણને અસંખ્ય દુર્લભ અને અનન્ય હસ્તપ્રતો ગ્રંથાલયોમાં સચવાયેલી જોવા મળે છે. આજે, જરૂરિયાત છે કે શહેરોમાં સારી અને સમૃદ્ધ પુસ્તકાલયો ખોલવા જોઈએ.

**પુસ્તકાલયના પ્રકાર :-**

L = Literature=સાહિત્ય
I = Information= માહિતી
B = Best = ઉત્તમ
R =Rare = અલભ્ય
A =Area= સ્થળ
R =Real = સત્ય
Y =Yield= આપવું

Academic library Public Library Special library Brail library E Library Reseach library Mobile Library National Library વગેરે

આપણી પાસે ગૂગલ પણ છે અને મોબાઈલ પણ છે, છતાં એ પુસ્તકનો વિકલ્પ ક્યારેય નહીં બની શકે.

ભારતીય જનતાને પ્રાચીન કાળથી પુસ્તકોમાં ખૂબ રસ છે. પ્રાચીન સમયમાં પણ હસ્તલિખિત ગ્રંથો એકત્રિત કરવાની પરંપરા હતી. નાલંદા, તક્ષશિલા, વિક્રમશીલા વગેરે તમામ પ્રાચીન યુનિવર્સિટીઓમાં જોવા મળે છે, જેમાં એક મોટી લાઈબ્રેરી હોવાના પુરાવા છે જે મુસ્લિમ આક્રમણકારો દ્વારા પાછળથી નાશ પામ્યો અને ભ્રષ્ટ થઈ ગયો. મોગલ શાસકો પણ કલાપ્રેમી હતા. તેમણે પુસ્તક સંગ્રહને પ્રોત્સાહન આપ્યું. મોગલ શાસનકાળ દરમિયાન પણ અનેક પુસ્તકાલયોના અસ્તિત્વના પુરાવા છે. જ્યારે અંગ્રેજો આવ્યા ત્યારે પુસ્તકાલયોની દિશામાં ઘણી પ્રગતિ થઈ. તેમણે અંગ્રેજી પુસ્તકોનાં અનેક સંગ્રહાલયો ખોલ્યા.

જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે સારા ખોરાકની આવશ્યકતા હોય છે, તેવી જ રીતે મગજને સ્વસ્થ રાખવા માટે અધ્યયનની પણ જરૂર હોય છે. એક કહેવત છે કે વિદેશમાં વિદ્યા મિત્ર સમાન છે અને વિદ્યા મળે પુસ્તકો દ્વારા. માણસનો સાથ ભલેને એક માણસ છોડી દે પરંતુ પુસ્તકો તો હંમેશા તેની સાથે રહે છે. પછી ભલેને સુખ હોય કે દુઃખ, તડકો હોય કે છાંયડો



તે હંમેશા સાચા મિત્રની જેમ આપણી સાથે રહે છે.

દુનિયામાં દરેક સંબંધ કદાચ ખોટો સાબિત થઈ શકે છે પરંતુ પુસ્તકો સાથેની મિત્રતાનો સંબંધ ક્યારેય પણ ખોટો સાબિત થતો નથી. તે સુખની અંદર આપણી સાથે હસે છે તો દુઃખની અંદર આપણી સાથે રડે પણ છે. ભલે દુઃખના સમયે દુનિયાનો કોઈ વ્યક્તિ આપણી પાસે ન હોય અને આંસુઓને બંધ કરનાર ન હોય તે સમયે પણ પુસ્તક જ મિત્ર બનીને કામમાં આવે છે.

પુસ્તક દ્વારા દરેક વ્યક્તિની લાગણીને સમજી શકીએ છીએ. તેના દ્વારા ભૂતકાળને પણ વાંચી શકીએ, ઈતિહાસ વિશે જાણી શકીએ છીએ. મહાન લેખકોનાં વિચારોથી પણ પરિચિત થઈ શકીએ છીએ. પુસ્તકોનો સંસાર ખૂબ જ વિશાળ છે. દુનિયાની નાનામાં નાની બાબત તેની અંદર તેની અંદર સમાયેલી છે. દુનિયાના સુકા રણવિસ્તારથી લઈને ખળ-ખળ વહેતી નદીઓ સુધી દરેકની વિગત છે જેના દ્વારા તે આપણને દેશ-દુનિયાનો પરિચય કરાવે છે.

ઘરે બેઠા-બેઠા પુસ્તક દ્વારા દુનિયાની કઈ વસ્તુ ક્યાં આવેલી છે ? કયું સ્થળ ક્યાં છે ? સમાજ વ્યવસ્થા કેવી રીતે અસ્તિત્વમાં આવી ? કયા મહાન માણસો કેટલો સંઘર્ષ કરીને આગળ આવ્યાં ? કોની જીંદગીમાં શું ચાલી રહ્યું છે ? દુનિયાના કયા ખૂણામાં શું બન્યું હતું ? મહાન સંતોએ શું કહ્યું ? તેમના બોધપાઠ દરેકે દરેક વસ્તુનો સમાવેશ આ પુસ્તકોએ પોતાની અંદર કરી લીધો છે. એક મનુષ્ય મિત્ર કરતાં તો પુસ્તકો કદાચ કોઈને વધારે દિલાસો આપી શકે છે. એક દોસ્ત તરીકે તે વધુ સારી જાણકારી આપી શકે છે.

જીવનના દરેક ખૂણેથી જોઈએ તો દુનિયામાં મિનિટે મિનિટે બદલાવ થઈ રહ્યો છે. દરેક વસ્તુ બદલાઈ રહી છે, પરિસ્થિતિ બદલાઈ રહી છે, માણસો પણ બદલાઈ જાય છે અને ઘણી વખતે તો મિત્રો પણ બદલાઈ જાય છે. પરંતુ પુસ્તક મિત્ર તો પહેલાં જેવાં હતાં તેવાં ને તેવા મરણાંત સુધી સાથે રહે છે અને દેશ દુનિયાનું જ્ઞાન આપણને આપે છે. તો મિત્રો આજના દિવસે આ પુસ્તક મિત્રો પણ ભૂલાય નહિ.

પુસ્તકાલયોમાં તમામ પ્રકારના પુસ્તકો હોય છે શિક્ષકો, વકીલો, ડોક્ટરો, વિજ્ઞાનિકો અને લેખકો પણ સમયાંતરે પુસ્તકાલયોની મદદ લે છે. પુસ્તકાલયોની મદદથી, મનુષ્ય દરેક ક્ષેત્રની માહિતી મેળવે છે. પુસ્તકાલયોમાં ઘણા પ્રકારના જર્નલ હોય છે, જેના દ્વારા પાઠક પોતાનું જ્ઞાન વધારે છે અને વિશ્વની નવી ઘટનાઓ અને સંજોગોથી પરિચિત થાય છે. આ કારણોસર, પુસ્તકાલય એ શીખવાનું એક શક્તિશાળી માધ્યમ છે. પુસ્તકો વાંચ્યા પછી, બાળક અભ્યાસ, ચિંતન અને ચિંતન કરીને વિદ્વાન બને છે.

પુસ્તકો બીજી દુનિયાના દરવાજા સમાન છે, જેની એકમાત્ર ચાવી વાંચન છે.

આ રીતે પુસ્તકાલયો આપણા, સમાજ અને આપણા દેશનું ખૂબ કલ્યાણ કરે છે. તેઓ દેશ અને સમાજની પ્રગતિમાં સૌથી વધુ મદદ કરે છે.

**પુસ્તકાલયના સૂત્ર :**

- એક સારું પુસ્તકાલય અનેક શિક્ષકની ગરજ સારે છે. - **ગિજુભાઈ બધેકા**
- પુસ્તકો જીવનભરના સાથી છે. - **અબ્દુલ કલામ**
- પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાંય અધિક છે. - **ગાંધીજી**
- પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે. - **થોરો**
- જૂના કપડાં પહેરીને પણ નવા સારા પુસ્તકો ખરીદો - **પ્રોસ્ટિન ફીલ્સર**

**કેટલાક વાંચવા જેવા પુસ્તકોની યાદી :**

માનવીની ભવાઈ, સૌરાષ્ટ્રની રસધાર, સત્યના પ્રયોગો, અરધી સદીની વાંચન યાત્રા ભાગ-૧થી ૩, સરસ્વતી ચંદ્ર, મનની વાત, અબ્રાહમ લિંકન, સાત પગલાં આકાશમાં, સાહેબ મને સાંભળો તો ખરા, મોટીચારો, મનનો માળો, મારો ત્યાં સુધી જીવો, બિલ્લો ટીલ્લો ટચ, પાટાણની પ્રભુતા, કુરૂક્ષેત્ર.

પરતું બધા પુસ્તકો એકસરખા ઉપકારક હોતા નથી, એક અંગ્રેજ લેખકે લખ્યું છે કે, કોઈપણ માણસ શું વાચે છે તે તમે મને કહો અને એ કેવો છે તે હું તમને કહી દઈશ. જીવનમાં પુસ્તકોનું સ્થાન કેટલું છે તે આ ઉક્તિ કહી જાય છે.

**જ્યાં પુસ્તક છે, ત્યાં વાંચન છે.**
**જ્યાં વાંચન છે, ત્યાં જ્ઞાન છે.**
**જ્યાં જ્ઞાન છે, ત્યાં સમજણ છે.**
**જ્યાં સમજણ છે. ત્યાં શાંતિ છે.**
**જ્યાં શાંતિ છે, ત્યાં સમૃદ્ધિ છે.**
**જ્યાં સમૃદ્ધિ છે, ત્યાં સુખ છે.**

# ગુજરાતનું સામાજિક-રાજકીય આંદોલન નવનિર્માણ આંદોલન

## નવનિર્માણ આંદોલન

નવનિર્માણ આંદોલન ૧૯૭૪માં ગુજરાતના વિદ્યાર્થીઓ અને મધ્યમ વર્ગના લોકો દ્વારા સમાજમાં નાણાંકીય સમસ્યાઓ અને ભ્રષ્ટાચારના વિરોધમાં શરૂ કરાયેલી સામાજિક-રાજકીય ચળવળ હતી. આ આંદોલન આઝાદી પછી ભારતના ઈતિહાસમાં ચૂંટાયેલી સરકારને વિખેરી નાખવામાં એક માત્ર સફળ આંદોલન હતું.

જુલાઈ ૧૯૭૩માં ઘનશ્યામભાઈ ઓઝાની જગ્યાએ ચીમનભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. તેમની સામે ભ્રષ્ટાચારના આરોપો હતા. ખાદ્ય પદાર્થોના ભાવોમાં વધારો થવાથી શહેરી મધ્યમ વર્ગ નાણાંકીય કટોકટીનો સામનો કરી રહ્યો હતો.

૨૦ ડિસેમ્બર ૧૯૭૩ના દિવસે અમદાવાદની લાલભાઈ દલપતભાઈ ઈજનેરી મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ છાત્રાલયના ભોજન શુલ્કમાં ૨૦ ટકાનો વધારો થવાથી હડતાલ પર ઉતરી આવ્યા. આ પ્રકારની હડતાલ ૩ જાન્યુઆરી ૧૯૭૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીમાં પણ થઈ જેમાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે અથડામણો થઈ જેનાથી સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થી આંદોલનો શરૂ થયા. શૈક્ષણિક સંસ્થાનોમાં ૭ જાન્યુઆરીથી અચોક્કસ મુદ્દતની હડતાલ શરૂ થઈ. તેમની માંગણી ભોજન અને શિક્ષણ સંબંધી હતી. અમદાવાદમાં મધ્યમ વર્ગ અને કેટલાક શ્રમિકો પણ આ વિરોધમાં જોડાયા અને તેમણે કેટલીક રેશનની દુકાનો પર હુમલોકર્યો. વિદ્યાર્થીઓ, વકીલો અને અધ્યાપકોએ અન્યાય સામે અવાજ ઉઠાવવા અને આંદોલનને માર્ગદર્શન આપવા માટે એક સમિતિની રચના કરી, જે પાછળથી નવનિર્માણ યુવક સમિતિ તરીકે ઓળખાઈ.

આંદોલનકારીઓએ ચીમનભાઈ પટેલના રાજીનામાની માગણી કરી. ૧૦ જાન્યુઆરી એ અમદાવાદ અને વડોદરામાં હડતાલ બે દિવસ માટે હિંસક બની. ૨૫ જાન્યુઆરી ૧૯૭૪ના રોજ આયોજીત રાજ્યવ્યાપી હડતાલમાં ૩૩ શહેરોમાં પોલીસ અને લોકો વચ્ચે અથડામણોની ઘટનાઓ બની. સરકારે ૪૪ શહેરોમાં સંચારબંધી લાગુ કરી અને તેનાથી આંદોલન સમગ્ર ગુજરાતમાં વ્યાપ્યું. ૨૮ જાન્યુઆરી ૧૯૭૪ના રોજ અમદાવાદમાં લશ્કરને બોલાવવામાં આવ્યું.

**રાજકીય ઘટનાઓ**

આંદોલનના દબાણને કારણે ઈન્દિરા ગાંધીએ ચીમનભાઈ પટેલને રાજીનામું આપવાનું કહ્યું. તેમણે ૯ ફેબ્રુઆરીના રોજ રાજીનામું આપ્યું. રાજ્યપાલે વિધાનસભા સ્થગિત કરી નાખી અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું. વિરોધ પક્ષે વિધાનસભાને વિખેરી નાખવાની માગણી કરી. કોંગ્રેસ વિધાનસભામાં ૧૪૦ સભ્યો ધરાવતી હતી. કોંગ્રેસ (ઓ)ના ૧૫ સભ્યોએ ૧૬ ફેબ્રુઆરીના રોજ રાજીનામાં આપ્યા જેણે કારણે આંદોલને વેગ પકડ્યો. જન સંઘના ૩ ધારાસભ્યોએ પણ રાજીનામાં આપ્યા. માર્ચ સુધીમાં વિદ્યાર્થીઓએ ૧૬૭માંથી ૯૫ રાજીનામાંઓ મેળવ્યા. કોંગ્રેસ (ઓ)ના પ્રમુખ, મોરારજી દેસાઈ, ૧૨ માર્ચથી અચોક્કસ મુદ્દતની ભૂખ હડતાલ પર ઉતરી આવ્યા. ૧૬ માર્ચના રોજ વિધાનસભાને વિખેરી નાખવામાં આવી અને આંદોલનનો અંત આવ્યો.

આ આંદોલનમાં ઓછામાં ઓછા ૧૦૦ લોકો મૃત્યુ પામ્યા, ૧૦૦૦થી ૩૦૦૦ લોકો ઈજાગ્રસ્ત થયા અને ૮૦૦૦ લોકોથી ધરપકડ કરવામાં આવી હતી.

**પરિણામો**

નવનિર્માણ યુવક સમિતિએ નવી ચૂંટણીઓ કરવાની માગણી કરી અને વિરોધપક્ષે તેનું સમર્થ કર્યું હતું. મોરારજી દેસાઈ આ માંગણીના ટેકામાં ૬ એપ્રિલ ૧૯૭૫ના રોજ અચોક્કસ મુદ્દતની ભૂખ હડતાલ પર ઉતરી ગયા. છેવટે ઈન્દિરા ગાંધીએ ચૂંટણીની જાહેરાત કરી જે ૧૦ જૂનના રોજ યોજવામાં આવી અને પરિણામો ૧૨ જૂન ૧૯૭૫ના રોજ જાહેર થયા. ઈન્દિરા ગાંધીની ચૂંટણીમાં ગોલમાલનો ચુકાદો પણ તે જ દિવસે આવ્યો જે પછીથી દેશમાં કટોકટીમાં પરિણમ્યો. આ દરમિયાન ચીમનભાઈ પટેલે પોતાના પક્ષ કિશાન મજદૂર લોકપક્ષની સ્થાપના કરી અને અલગથી ચૂંટણી લડ્યા. કોંગ્રેસે ચૂંટણીમાં હાર મેળવી અને માત્ર ૭૫ બેઠકો જીતી. કોંગ્રેસ (ઓ), જન સંઘ, PSP અને લોક દળનું સંગઠન જે જનતા મોર્ચા તરીકે જાણીતું હતું, તેમણે ૮૮ બેઠકો મેળવી અને બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. આ સરકાર ૯ મહિના ચાલી અને પછી માર્ચ ૧૯૭૬માં રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડવામાં આવ્યું. ડિસેમ્બર ૧૯૭૬માં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસે વિજય મેળવ્યો અને માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી બન્યા.

**પછીની ઘટનાઓ**

જયપ્રકાશ નારાયણે ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૪ના રોજ ચીમનભાઈ પટેલના રાજીનામા પછી ગુજરાતની મુલાકાત લીધી, જોકે તેઓ આંદોલન સાથે સંકળાયેલા નહોતા. બિહારમાં તે વખતે બિહાર આંદોલન શરૂ થઈ ગયું હતું. નવનિમાર્ણ આંદોલને તેમને સંપૂર્ણ ક્રાંતિનો ખ્યાલ આપ્યો જે કટોકટીમાં પરિણમ્યો. ત્યારબાદ જનતા મોર્ચો એ જનતા પક્ષમાં પરિવર્તિત થયો અને ૧૯૭૭માં ભારતની સામાન્ય ચૂંટણી પછી સૌ પ્રથમ બિન-કોંગ્રેસ સરકારની રચના થઈ અને મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા.

કોંગ્રેસે રાજકારણમાં મજબૂત બનવા માટે નવા જાતિ આધારિત ચૂંટણી વ્યૂહની રચના કરી જે KHAM (ક્ષત્રિય-હરિજન-આદિવાસી-મુસ્લિમ) તરીકે જાણીતી બની. આનાથી ઉચ્ચ વર્ગે પોતાની રાજકીય પકડ અને મહત્વ પર ભય અનુભવ્યો અને તેમણે ૧૯૮૧માં લાગુ પડાયેલા આરક્ષણો સામે જલદ પ્રક્રિયાઓ આપી. આ પ્રક્રિયાઓ ૧૯૮૫માં મંડલ-વિરોધી રમખાણોમાં પરિણમી, જે પછીથી મુસ્લિમ વિરોધી બન્યા. ગુજરાતમાં ભારતીય જનતા પક્ષનો ઉદય આ સમયગાળા દરમિયાન થયો.

ચીમનભાઈ પટેલ ભાજપના ટેકાથી ૧૯૯૦માં ગુજરાતના મુખ્ય મંત્રી બન્યા.

નવનિર્માણ આંદોલને મધ્યમ વર્ગના લોકો અને વિદ્યાર્થીઓનો નાણાંકીય કટોકટી અને સરકારના ભ્રષ્ટાચાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આંદોલને સરકારને રાજીનામું આપવાની ફરજ પાડીને લોકશક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**નવનિર્માણ આંદોલન**

| | |
|---|---|
| તારીખ | : ૨૦ ડિસેમ્બર ૧૯૭૩-૧૬ માર્ચ ૧૯૭૪ |
| સ્થળ | : ગુજરાત, ભારત |
| કારણો | : જાહેર જીવનમાં મોંઘવારી અને ભ્રષ્ટાચાર |
| ધ્યેયો | : મુખ્યમંત્રીનું રાજીનામું અને વિધાનસભાની વિખેરી નાખવી |
| વિરોધની રીતો | : વિરોધ કૂચ, શેરી વિરોધ, રમખાણ, ભૂખ હડતાલ, હડતાલ |
| પરિણામ | : વિધાનસભાને વિખેરી નખાઈ અને નવી ચૂંટણીઓ આંદોલનમાં સામેલ પક્ષો |
| નવનિર્માણ યુવક સમિતિ | : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| બિન કેન્દ્રીત નેતાગીરી | : ચીમનભાઈ પટેલ |
| મોરારજી દેસાઈ | : હિંસા અને કાર્યવાહી |
| મૃત્યુઓ | : ઓછામાં ઓછાં ૧૦૦ |
| ઈજાગ્રસ્તો | : ૧૦૦૦-૩૦૦૦ |
| ધરપકડો | : ૮૦૦૦ |

# અમે બેંકના હપ્તા કઇ રીતે ચૂકવીશું ? : ઓલા-ઉબેરના ડ્રાઈવરોની મોબાઈલ ઈન્ટરનેટ શટડાઉન સામે ઉગ્ર આંદોલનની ધમકી

## મોબાઈલ ઈન્ટરનેટ સેવા સ્થગિત થવાના કારણે એપ બેઝ્ડ ઓલા-ઉબેર જેવી ટેક્સી સેવાઓનો બિઝનેસ ચોપટ : સ્વિગી, ઝોમેટો જેવી ફૂડ ડિલિવરી સેવા પણ બંધ

(એજન્સી) તા.૧૯

આસામમાં નાગરિકતા સુધારા કાયદા સામે વિરોધ અને દેખાવોને કારણે સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મૂકતા આસામમાં ઓલા કેબ અને ઉબેર જેવી એપ આધારીત ટેક્સી સર્વિસ ચલાવતા ૧૨૦૦૦ જેટલા આસામી યુવકો માટે ભૂખમરાની સ્થિતિનું નિર્માણ થયું છે.ઈન્ટરનેટ શટડાઉનથી હતાશ અને વ્યથિત આ યુવાનોએ મંગળવારે ગુવાહાટીની શેરીઓમાં દેખાવ કરીને મોબાઈલ ઈન્ટરનેટ પરના નિયંત્રણો તાત્કાલિક હટાવી દેવા માગણી કરી છે. ૧૨૦૦૦ જેટલા ડ્રાઈવરો વતી ઓલ આસામ કેબ ઓપરેટર્સ યુનિટને આ મામલે આક્રમક આંદોલન કરવાની ધમકી



આપી છે. આસામ ઓલ કેબ ઓપરેટર્સ યુનિયનના પ્રમુખ ઈસ્માઈલ અલીએ જણાવ્યું હતું કે અમારો બિઝનેસ મોબાઈલ ઈન્ટરનેટ પર ચાલે છે અને છેલ્લા સાત દિવસથી અમે મુશ્કેલ સ્થિતિનો સામનો કરી રહ્યાં છીએ અને અમારા પરિવારનો જીવનનિર્વાહ કરવા અસમર્થ છીએ. તાજેતરમાં એક યુવાન ડ્રાઈવર મારી પાસે આવીને રડી પડ્યો હતો. તેણે જણાવ્યું હતું કે તે પોતાના બાળક માટે અડધો લિટર દૂધ ખરીદી શકે એવી સ્થિતિમાં નથી. અમારામાંના ઘણા ડ્રાઈવરોએ નિયમિત ધોરણે રૂા.૧૦,૦૦૦નો હપ્તો ચૂકવવાનો હોય છે. ઈન્ટરનેટ સેવા બંધ કરવાથી ઉબેર-ઓલાનો ટેક્સીનો ધંધો ઠપ થઇ ગયો છે અને તેથી કેટલાક ડ્રાઈવરો આત્મહત્યા કરવાનું વિચારી રહ્યાં છે.

ઓલા અને ઉબેરના ડ્રાઈવરોને ડર છે કે જો મોબાઈલ ઈન્ટરનેટ સેવા શક્ય હોય એટલી જલ્દી શરુ કરવામાં નહીં આવે તો તે લોકો બેંકના હપ્તા ચૂકવી શકશે નહીં અને ડિફોલ્ટર બની જશે. મોબાઈલ ઈન્ટરનેટ સેવાના અભાવે સ્વિગી, ઝોમેટો, ઈટ્સ જેવી ફૂડ ડિલિવરી એપ આધારીત સેવાઓ પર નિર્ભર ક્લાઉડ કિચન સેવા પણ ઠપ થઇ ગઇ છે. ગુવાહાટી હાઈકોર્ટે રાજ્ય સરકારને મોબાઈલ ઈન્ટરનેટ સેવા પુનઃ શરુ કરવા આદેશ કર્યો છે પરંતુ સરકારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ આદેશની સમીક્ષા કરવા અનુરોધ કર્યો છે.

# નાગરિકતા સુધારા કાયદા બાદ ભાજપે કોમવાદને ભડકાવવા માટે વોટ્સએપ ગ્રુપ પર એક ઝુંબેશ ઉપાડી છે

## અમિત શાહના જાહેર ઉચ્ચારણોની વિરુદ્ધમાં આ કાયદો ભારતમાંથી મુસ્લિમોને બહાર હાંકી કાઢવાનું એક સાધન છે એવી જાહેરાત કરવા માટે અસંખ્ય વોટ્સએપ મેસેજ સરક્યુલેટ થઈ રહ્યા છે

(એજન્સી) તા.૧૯

નાગરિકતા સુધારા વિધેયકના મામલે ભાજપ હવે વોટ્સએપનો એક હથિયાર તરીકે ઉપયોગકરી રહ્યો છે અને વોટ્સએપ પર એવા મેસેજ અને વીડિયો વાઈરલ થઈ રહ્યાં છે કે નાગરિકતા સુધારા કાયદો એ ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની દિશામાં એક મુખ્ય પગલું છે અને આ કાયદો ભારતને મુસ્લિમોથી છૂટકારો અપાવવાનું એક હથિયાર છે.

તપાસ દ્વારા એવું બહાર આવ્યું છે કે છેલ્લા એક સપ્તાહથી વોટ્સએપ ગ્રુપમાં ઈસ્લામોફોબિયા ભડકાવવા અને દેશમાં મુસ્લિમો અને હિજરતીઓ વિરુદ્ધ નફરત ભડકાવવાની એક સુયોજિત ઝુંબેશ ચાલી રહી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જાહેરમાં એવું કહે છે કે નાગરિકતા કાયદાનો હેતુ




દેશના મુસ્લિમોને નિશાન બનાવવાનો નથી અને તેમણે મુસ્લિમોને કોઇ ડર નહીં રાખવા જણાવ્યું છે પરંતુ તેના વિરોધાભાસમાં એવા સુયોજિત સંદેશાઓ વહેતા થયાં છે કે જેમાં એવું દર્શાવવામાં આવે છે કે નાગરિકતા સુધારા કાયદો એ મુસ્લિમોને ભારતની બહાર હાંકી કાઢવાનું એક સાધન છે અને એ રીતે કોઈ પણ જાતના પ્રયાસ વગર ભારતની વસ્તી અડધી થઇ જશે. આ વોટ્સએપ ગ્રુપમાં કોઇ પણ જાતની ચકાસણી વગરના આંકડા અને ડેટા દ્વારા મુસ્લિમ સમુદાયનો શેતાન તરીકે ચીતરવામાં આવી રહ્યાં છે. આ ગ્રુપમાં મોદી, અમિત શાહ અને ભાજપને અભિનંદન આપતાં સંદેશાઓનો ભારે પ્રવાહ ચાલુ થયો છે. એટલું જ નહીં વિપક્ષોને વોટ્સએપ મેસેજમાં હિંદુ વિરોધી તરીકે ચીતરવામાં આવી રહ્યાં છે. એક ગ્રુપમાં તો એવો દાવો કરવામાં આવ્યો છે કે ગ્રુપના સભ્યો વડાપ્રધાન સાથે સીધો સંપર્ક કરી શકે છે. અ ા મેસેજ દ્વારા ભારતના મુસ્લિમો અંગે તેઓ ભારત સામે યુદ્ધે ચડ્યાં છે એવી સાઝીશની વાતો કરીને ભારતના મુસ્લિમ વિરુદ્ધ રોષ અને હિંસા ભડકાવવામાં આવી રહ્યાં છે. એક સંદેશામાં તો એવું લખવામાં આવ્યું છે કે હિંદુ રાષ્ટ્ર હવે માત્ર ત્રણ ડગલાં પાછળ છે- એનઆરસી, વસ્તી નિયંત્રણ, કોમન સિવિલ કોડ, સૂતેલા હિંદુઓને જગાડો, અનહદ નાદ બજાઓ હિંદુઓ-હિંદુ રાજા મોદી આવા સંદેશા પણ વાઈરલ થયાં છે.

(સૌ.ધ વાયર.ઈન)

# ચીને પોતાના જ દેશમાં ઈન્ટરનેટ શટડાઉનનો બચાવ કરવા ભારતના ઈન્ટરનેટ શટડાઉનનો સહારો લીધો

## ભારતના ઈન્ટરનેટ શટડાઉનને ટાંકીને ચીને જણાવ્યું છે કે ઈમર્જન્સીની સ્થિતિમાં ઈન્ટરનેટ શટડાઉન કરવું એ એક સ્ટાન્ડર્ડ પ્રેક્ટિસ

(એજન્સી) તા.૧૯

નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ આસામ અને ભારતમાં અન્યત્ર હિંસક વિરોધના પગલે આસામમાં ૮માં દિવસે પણ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત રહી છે ત્યારે ચીને તેના નાગરિકોમાં ઈન્ટરનેટના ઉપયોગ પર જિનપિંગ સરકારના નિયંત્રણોનો બચાવ કરવા ભારતનો દાખલો ટાંક્યો છે. ચીનના સામ્યવાદી પક્ષના સત્તાવાર મુખપત્ર ધ પીપલ્સ ડેઈલી ઓનલાઈનમાં પ્રસિદ્ધ થયેલા એક લેખમાં દલીલ કરવામાં આવી છે કે કટોકટીની સ્થિતિમાં ઈન્ટરનેટ શટડાઉન એ એક સ્ટાન્ડર્ડ પ્રેક્ટીસ તરીકે લેવી જોઈએ અને તેના સમર્થનમાં ભારતનો દાખલો પણ ટાંકવામાં આવ્યો હતો. ચીન મેઈનલેન્ડ ચીનમાં અત્યંત સેન્સર કરવામાં આવેલ



ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડે છે કે જેમાં સર્ચ એન્જિન, ગૂગલ, વીડિયો પ્લેટફોર્મ, યુટ્યૂબ અને સોશિયલ મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપ સાથે ટ્વીટર, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા આંતરરાષ્ટ્રીય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સંપૂર્ણ પ્રતિબંધ સાથે ઈન્ટરનેટ સેવા પૂરી પાડવામાં આવે છે.

ભારતમાં પણ જમ્મુ-કાશ્મીરમાં ૫ ઓગસ્ટથી કેટલાક લક્ષીત સ્થળોને બાદ કરતાં મોબાઈલ ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ સ્થગિત કરાઈ છે. જમ્મુ-કાશ્મીરને વિશિષ્ટ દરજ્જો બક્ષતા બંધારણના અનુચ્છેદ ૩૭૦ની નાબૂદી કરાઈ ત્યારથી ઈન્ટરનેટ સેવા સ્થગિત છે. એ જ રીતે નવા નાગરિકતા કાયદા વિરુદ્ધ દેખાવ અને ઉગ્ર વિરોધના પગલે પૂર્વોત્તર રાજ્ય આસામમાં પણ ૧૧ ડિસે.થી ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરાઈ છે.મંગળવારે આસામમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાઓ ફરીથી ચાલુ કરવામાં આવી હતી પરંતુ સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પુનઃ શરુ કરવા ઈનકાર કર્યો છે. ચીની સરકારે આ લેખમાં જણાવ્યું છે કે ભારતમાં ફરીથી ઈન્ટરનેટ શટડાઉન દ્વારા પુરવાર થયું છે કે ઈન્ટરનેટનું જરુરી નિયમન રાષ્ટ્રીય હિતના આધારે સાર્વભોમ દેશોની એક પસંદગી છે અને સાઈબર સ્પેસમાં રાષ્ટ્રીય સાર્વભૌમત્વને લાગુ કરવામાં આવેલ છે.

# નાગરિકતા કાયદા સામે કેરળમાં સંગઠિત વિરોધનો જુસ્સો હવે ઓસરી રહ્યો છે

## ધાર્મિક પ્રતીકો અને સૂત્રોનો ઉપયોગ કરવો જોઈએ કે કેમ તે અંગે પણ દેખાવકારોમાં મતભેદ

(એજન્સી) તા.૧૯

ઘણા રાજકીય નિરીક્ષકો અનુસાર નાગરિકતા સુધારા કાયદો ૨૦૧૯નો અમલ કરવાથી તેના પરિણામો દ્વારા સૌથી ઓછું પ્રભાવિત થનાર રાજ્ય કેરળ છે. તેમ છતાં કેરળ આજકાલ સમાચારની હેડલાઈન્સમાં ચમકી રહ્યું છે.

૧૧ ડિસે.ના રોજ સંસદે નાગરિકતા સુધારા વિધેયક ૨૦૧૯ને માન્ય રાખ્યું ત્યારે તેની વિરુદ્ધ સૌથી મજબૂત વલણ ધરાવનાર કેટલાક રાજ્યોમાંનું કેરળ એક હતું. શાસક લેફ્ટ ડેમોક્રેટીક ફ્રંટ અને યુનાઈટેડ ડેમોક્રેટીક ફ્રંટ બંનેએ માત્ર વિરોધનો કર્યો ન હતો પરંતુ એકતાના અભૂતપૂર્વ દર્શન બતાવીને શાસક અને વિરોધ પક્ષ બંને વિધેયક સામે



વિરોધ કરવા એક જ મંચ પર એકત્ર થયાં હતા. મુખ્ય પ્રધાન પી વિજયન, વિપક્ષી નેતા રમેશ કેનિથાલા અને વિધાનસભાના અન્ય સભ્યોએ તિરુવનન્તમપુરમમાં ૧૬ ડિસે.ના રોજ સત્યાગ્રહ કર્યો હતો.કેરળે એ વાત પણ સ્પષ્ટ કરી હતી કે રાજ્ય આ કાયદાનો અમલ કરશે નહીં. પરંતુ રાજકીય પક્ષો વચ્ચે આ એકતા ખૂબ જ અલ્પજીવી ગણાય છે કારણ કે કોંગ્રેસ નેતાગીરીમાં હવે અસંતોષ ખુલ્લો પડી ગયો છે. પક્ષના કેરળ એકમના પ્રમુખ મુલ્લાપલ્લી રામચંદ્રને વિરોધ પક્ષના નેતા સામે નારાજગી વ્યક્ત કરી છે. યુડીએફએ બેઠક બાદ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હવેથી નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ સંયુક્ત વિરોધ દેખાવ યોજાશે નહીં. યુડીએફ અલગ રીતે દેખાવો કરશે.

૧૭ ડિસે.ના રોજ કેરળમાં સવારથી સાંજ સુધી બંધ પાળવામાં આવ્યો હતો કે જેને કેટલાક માઓવાદી સંગઠનોએ સમર્થન આપ્યું હતું તેના કારણે નાગરિકતા સુધારા કાયદા સામેના સંગઠિત વિરોધમાં પંક્ચર પડ્યું હતું. આમ કેરળમાં હવે નાગરિકતા કાયદા વિરુદ્ધ સંગઠિત વિરોધ પક્ષનો જુસ્સો ઓસરી રહ્યો છે. ધાર્મિક પ્રતીકો અને સૂત્રોનો ઉપયોગ કરવો જોઈએ કે કેમ તે અંગે પણ દેખાવકારોમાં મતભેદ છે.

# ભારતની બંધારણીય ધારાસભાએ ભારતીય નાગરિકત્વની કઇ રીતે વ્યાખ્યા કરી હતી અને નવા કાયદાથી કોને ફાયદો થયો ?

ભારતના પ્રથમ કૃષિ પ્રધાન અને મહારાષ્ટ્રના કોંગ્રેસ નેતા પંજાબરાવ સામરાવ દેશમુખે ૧૧ ઓગસ્ટ ૧૯૪૯ના રોજ એવી દલીલ કરી હતી કે ભારતીય એ સહેલાઈથી ઓળખી શકાય એવી વ્યક્તિ છે અને જ્યારે અધિવાસ સાથે જોડવામાં આવે તો તેની વ્યાખ્યા આપવી પણ સરળ છે.બંધારણીય સભાની ચર્ચા દરમિયાન ભારતીય નાગરિક કોણ બનશે ? એવા મૂળભૂત પ્રશ્ન પર દેશમુખ ચર્ચા કરી રહ્યાં હતાં અને એ વખતે પણ અત્યારની જેમ પાકિસ્તાનનો પ્રશ્ન તોળાઇ રહ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેમણે ૧ એપ્રિલ ૧૯૪૭ બાદ અત્યારના પાકિસ્તાનમાં હિજરત કરી જનાર કોઇ પણ ભારતીય નાગરિક બનશે નહીં એ વાતનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે પાકિસ્તાનને શા માટે અલગ પાડવું જોઈએ નહીં તેની પાછળ હું કોઇ કારણ જોતો નથી. તેનો અર્થ એ થાય કે અન્ય કોઇ દેશમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી દેશની બહાર જવું અને જે દેશમાંથી હિજરત કે સ્થળાંતર કર્યું હોય તે દેશમાં રહેવું નહીં. આનો અર્થ એ થયો કે જો હિજરત કે સ્થળાંતરનો અર્થ સ્પષ્ટ હોય તો જે કોઇ ભારતી આ દેશ છોડશે તે પછી તે વ્યક્તિ પાકિસ્તાન જાય કે હોનોલુલૂ જાય કે દક્ષિણ કે ઉત્તર ધ્રુવ પર જાય તે ભારતીય નાગરિકતા માટે પાત્ર રહેશે નહીં. ઉત્તર પ્રદેશના રાજ્યસભાના સભ્ય જશપતરોય કપૂરે જે કોઇ પાકિસ્તાન સ્થળાંતર કરી ગયા હોય અને ભારતમાંથી પોતાની વફાદારી સૈદ્ધાંતિક રીતે પાકિસ્તાનને ટ્રાન્સફર કરી હોય તેમને લગતા પ્રશ્નો સમજાવ્યાં હતાં પરંતુ પાકિસ્તાન ફરાર થઈ જનાર શું દરેક વ્યક્તિનો ઈરાદો ત્યાં કાયમી રીતે સ્થાયી થવાનો હતો કે પછી તેઓ ગભરાટમાં ભાગી ગયા છે ? એવો પ્રશ્ન બિહારના સાંસદ બ્રજેશ્વર પ્રસાદે કર્યો હતો. આજે ૮૦ વર્ષ બાદ સમગ્ર ભારતમાં આ જ મુદ્દો ચર્ચાઈ રહ્યો છે.વિદ્યાર્થીઓ જ્યારે વિરોધ કરી રહ્યાં છે અને વિપક્ષો ભાજપ સરકાર પર પ્રહારો કરી રહ્યાં છે ત્યારે વડા પ્રધાન મોદી એવી દલીલ કરે છે કે આ કાયદો દેશના કોઈ પણ નાગરિકને પ્રભાવિત કરશે નહીં. વડા પ્રધાને જણાવ્યું હતું કે કોઇ પણ ભારતીયે આ કાયદાને લઈને ચિંતા કરવાની જરુર નથી.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહે જણાવ્યું છે કે ભાગલાને કારણે જ તેની જરુરિયાત ઊભી થઈ છે અને તે ઐતિહાસિક ભૂલ હતી. તેનાથી વધુ સ્પષ્ટ થશે તો પછી વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ કે વિપક્ષોને કેમ કોઈ વાત ગળે ઉતરતી નથી ? આખરે આ વિવાદ ક્યા મુદ્દાને લગતો છે ? આ સુધારાથી શું કોઈને લાભ થાય છે ? અને હા, તો કેટલા અંશે?

**ભારતના નાગરિક ખરેખર કોણ છે ?**

૧૯૫૫ના નાગરિકતા કાયદા અનુસાર ચાર રીતે નાગરિકત્વ મેળવી શકાય છે. એક તો જન્મ દ્વારા એટલે કે ૧૯૮૭ અને ૨૦૦૪ વચ્ચે જન્મેલા અથવા તો બેમાંથી એક માતા કે પિતા નથી એવા કિસ્સામાં ૨૦૦૪ બાદ જન્મેલા બાળકોને રજીસ્ટ્રેશન દ્વારા ખાસ કરીને લગ્ન કે વંશ કે માફી દ્વારા આ દેશના બનેલા નાગરિકોના રજીસ્ટ્રેશન દ્વારા નાગરિકતા મેળવી શકાય છે. આ ઉપરાંત નેચરેલાઈઝેશન દ્વારા પણ




નાગરિકતા પ્રાપ્ત કરી શકાય છે કે જે આ વિવાદનો મુદ્દો છે. નાગરિકતાની કલમ ૬ મુજબ જે કોઈ ગેરકાયદે હિજરતી નથી અથવા ભારતમાં છેલ્લા ૧૨ મહિનાથી વસવાટ કરતી હોય અથવા તો આ સમયગાળાના ૧૪ વર્ષ પહેલાના સમય દરમિયાન ભારતમાં વસતી હોય તેને નેચરેલાઈઝેશન સર્ટિફીકેટ દ્વારા નાગરિકતા આપી શકાય. આ ઉપરાંત જો તેઓ ૧૯ જુલાઈ ૧૯૪૮ પહેલા ભારતમાં પ્રવેશ્યા હોય તો પાકિસ્તાન દ્વારા હિજરતીને નાગરિકત્વ આપવામાં આવ્યું હતું.

**ગેરકાયદે હિજરતીઓ કોણ છે અને શું તેઓ નાગરિક બની શકે ?**

ગેરકાયદે હિજરતી એવી વિદેશી વ્યક્તિ છે જે કાયદેસરના દસ્તાવેજ વગર ભારતમાં પ્રવેશે છે અને પોતાના વિઝાની મુદત કરતાં વધુ સમય માટે રોકાણ કરે છે અથવા તો કોઈ પણ જાતના પ્રવાસ દસ્તાવેજો વગર ભારતમાં વિહાર કરે છે તો તેવી વ્યક્તિને દેશનિકાલ કરી શકાય કે તેને જેલની સજા થઈ શકે. તેમને ભારતીય નાગરિકત્વ મેળવવા પર પ્રતિબંધ છે પરંતુ ભારતમાં રાજ્યાશ્રય આપવાની કે ગેરકાયદે હિજરતીઓનો દરજ્જો આપવાની કોઈ ચોક્કસ નીતિ ન હતી તેના બદલે ગૃહ મંત્રાલયે કેસ બાય કેસ આધારે આ મામલો હાથ ધર્યો હતો અને કાં વર્ક પરમિટ આપી હતી અથવા લાંબાગાળાની વિઝા મંજૂર કરી હતી. સપ્ટે.માં મોદી સરકારે ભારતીય કાયદામાં ફેરફાર કર્યા હતાં કે જે પાકિસ્તાન અને બાંગ્લાદેશના બિનમુસ્લિમ ગેરકાયદે વસાહતીઓને અચોક્કસ મુદત માટે ભારતમાં રહેવા દેવા માટે મંજૂરી આપે છે.

**નાગરિકતા સુધારા કાયદા સાથે શું બદલાવ આવ્યો છે?**

નવા કાયદામાં અસરકારક રીતે જણાવાયું છે કે અફઘાનિસ્તા, બાંગ્લાદેશ કે પાકિસ્તાનમાંથી ૩૧ ડીસે. ૨૦૧૪ના રોજ કે તે પહેલાં આવ્યાં હોય અને હિંદુ , શીખ, બૌદ્ધ, જૈન, પારસી કે ખ્રિસ્તી ધાર્મિક સમુદાયના હોય તો તેમને ગેરકાયદે હિજરતી ગણવામાં આવશે નહીં અને તેઓ નાગરિકતા મેળવવા પાત્ર બનશે.

**તેનાથી કેટલા લોકોને ફાયદો થશે ?**

તે હજુ સ્પષ્ટ થતું નથી. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે ત્રણ દેશોના કરોડો શરણાર્થીઓને આ કાયદો મદદરુપ થશે. ૨૦૧૬માં સંસદમાં રજૂ કરાયેલ આંકડા અનુસાર ભારતમાં ૨૮૦૩૯૪ નાગરિકતા વિહોણા લોકો છે પરંતુ તેમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા પાડોશી દેશોના મુસ્લિમોનો પણ સમાવેશ થાય છે અને શ્રીલંકા અને મ્યાનમાર જેવા દેશોના લોકોનો પણ સમાવેશ થાય છે. આ કાયદો વધુ છૂટછાટ સાથે ભવિષ્યમાં ત્રણ દેશોના છ ધર્મના વધુ લોકોને નાગરિકતા આપવાની શકયતા પણ ખુલ્લી મૂકે છે.

**વિવાદ શું છે ?**

વિવાદ માત્ર કાયદા સામે નથી પરંતુ જે લોકો બાકાત રહી ગયાં છે તે અંગે છે. બીજા શબ્દોમાં કેટલાક ગેરકાયદે હિજરતીઓ નાગરિકતા માટે પાત્ર બન્યાં છે. મુસ્લિમોની રાષ્ટ્રીયતા કે શ્રીલંકા-મ્યાનમાર જેવા દેશોમાંથી શરણાર્થીઓનો સમાવેશ કરાયો નથી.કાનૂની નિષ્ણાતોએ એવી દલીલ કરી છે કે વિવિધ સમુદાયો વચ્ચે ભેદ પાડતી જોગવાઈ બંધારણના અનુચ્છેદ ૧૪ના સમાનતાના ધોરણોનું ઉલ્લંઘન કરે છે.

**શું પૂર્વોત્તરનો વિરોધ અલગ પ્રકારનો છે?**

પૂર્વોત્તરમાં જે વિરોધ થઈ રહ્યો છે તે વિશિષ્ટ પ્રકારનો છે કારણ કે તેમાં કેટલા લોકોને બાકાત રાખવામાં આવ્યાં છે તેના દ્વારા નહીં પરંતુ કેટલા લોકોનો સમાવેશ કરાયો છે એ હકીકતથી પ્રેરીત છે. આ કાયદામાં વધુ હિજરતીઓ આવવાનો ડર વધી ગયો છે. જેના કારણે વસ્તી માળખુ બદલાઈ જશે.

**નાગરિકતા સુધારા કાયદાને NRC સાથે કઈ રીતે સાંકળવામાં આવ્યો છે ? અને મુસ્લિમોમાં કઈ રીતે ભય છે ?**

આસામમાં સુપ્રીમકોર્ટના આદેશ પર ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન એનઆરસી કવાયત હાથ ધરવામાં આવી હતી જેનો હેતુ ગેરકાયદે હિજરતીઓને ઓળખી કાઢવાનો હતો. શરુઆતમાં ભાજપ તરફથી તેમને સમર્થન મળ્યું હતું ત્યાર બાદ આખરી યાદીમાં બાકાત રહી ગયેલા લોકોમાં મોટા ભાગના હિંદુઓ હતા તેથી પીછેહઠ કરી હતી. ભાજપે જણાવ્યું હતું કે તેના કારણે નાગરિકતા સુધારા કાયદો એક ઉકેલની ગરજ સારશે અને જણાવ્યું હતું કે તે નાગરિકતા મેળવવા માટેની પ્રારંભિક યાદીમાંથી હિંદુઓને નાગરિકતાનો દાવો કરવાની મંજૂરી આપશે.

**- અનિરુદ્ધ ઘોશલ**

(સૌ. : ન્યૂઝ ૧૮.કોમ)


**આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ કે વિપક્ષોને ગળે કેમ કોઈ વાત ઉતરતી નથી ? સુધારા દ્વારા કોને ફાયદો થાય છે અને કેટલા અંશે ફાયદો થાય છે ?**

એનઆરસી-સીએએ કાયદાના વિરોધમાં

# વાંકાનેરના ધારાસભ્ય તથા નાગરિકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

વાંકાનેર,તા.૧૯

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એનઆરસી-સીએએનો કાયદો પસાર કરાતા તેના દેશભરમાં ઘેરા પડઘા પડયા છે અને ઠેર-ઠેરથી વિરોધનો વંટોળ ઉભો થયો છે. અમે લોકો ઠેર-ઠેર રેલીઓ કાઢી વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. જેમાં ગુજરાતમાં પણ વિરોધનો લાવા ઉકળી રહ્યો છે અને વિરોધ પ્રદર્શનો જઈ રહ્યા છે. એનઆરસી-સીએએનો ઉગ્ર વિરોધ કરતા વાંકાનેરના ધારાસભ્ય મહંમદ જાવેદ પીરઝાદા તથા તમામ નાગરિકો વતી ભારતના રાષ્ટ્રપતિને ઉદ્દેશીને એક આવેદનપત્ર પ્રાંત અધિકારીને આખી આ કાયદો વિરોધ દર્શાવ્યો છે અને સીએએને બંધારણ વિરોધી ગણાવ્યું હતું. આ કાયદો ભારતના બિનસાંપ્રાદાયિક બંધારણનું પાલન કરતું નથી જે ગેરકાયદેસર છે જેની આ સીએએ કાયદો રદ કરી પાછો ખેંચવા માંગ કરી છે.



### કોડીનારમાં ફ્લેગમાર્ચ યોજાઈ



કોડીનાર

નાગરિકતા સુધારા બિલ ૨૦૧૯ તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને ગીર સોમનાથ જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એસ. પ્રજાપતિ દ્વારા સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ૧૯ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર ૨૦૧૯ સુધી સી.આર.પી.સી. કલમ ૧૪૪ મુજબ જાહેરનામું પ્રસિદ્ધ થતા કોડીનાર શહેર અને તાલુકામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કોડીનારના પી.આઈ. ભરવાડના માર્ગદર્શન હેઠળ મહિલા પી.એસ.આઈ. માળી ટ્રાફિકના મનુભાઈ સહિતના પોલીસ સ્ટાફ અને રેપીડ એક્શન ફોર્સની ટીમ કોડીનાર શહેરમાં ફ્લેગમાર્ચ યોજી શહેરની પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો.

# વુલનમિલ પાસે યુવાનને લૂંટી લેનાર ત્રિપુટી પોલીસની અટકમાં

જામનગર, તા.૧૯

જામનગરના વુલનમીલ વિસ્તારમાં સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલીંગમાં સ્ટાફના ઓ.એસ. સુમરા, એચ.એ. જાડેજાને મળેલી બાતમીના આધારે ખોડીયાર કોલોની પાસેથી ત્રણ શખ્સોની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરવામાં આવી હતી.

ત્રણેય શખ્સોને પોલીસ સ્ટેશન ખસેડી પૂછપરછ કરાતા વુલનમીલ ફાટક પાસેના બાવરીવાસમાં રહેતા અરજણ કાળુભાઈ વઢીયાર, પ્રીતમ માધુભાઈ બાવરી તથા મૂળ પાલનપુરના જગદીશ બાબુભાઈ પરમાર ઉર્ફે જુગ્નુ બાવરી નામના આ ત્રણેય શખ્સોએ થોડા દિવસ પહેલાં વુલનમીલ ફાટક નજીક ભરત બુધાભાઈ કંટારીયા નામના યુવાનને રોકી પૈસા તથા મોબાઈલ આપી દેવાનું કહી ધમકાવ્યા પછી છરીનો ઘા મારી રૂા. ૪,૦૦૦ રોકડા તથા રૂા. ૮,૦૦૦નો મોબાઈલ લૂંટી લીધાની કબુલાત આપી છે.

ઉપરોક્ત ત્રણેય આરોપીઓના કબજામાંથી પોલીસે મોબાઈલ તેમજ રૂા. ૨,૦૦૦ રોકડા કબજે કર્યા છે. આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પીઆઈ એમ.જે. જલુ, પીએસઆઈ જે.સી. ગોહિલ, સ્ટાફના આર.બી. જાડેજા, હિતેશ મકવાણા, રફીક બ્લોચ સાથે રહ્યા હતા.

NRC-CAAના વિરોધમાં

# આજે ખંભાળિયામાં મૌન રેલી કાઢી કલેક્ટરને આવેદન પાઠવાશે

ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયા પંથકના સુન્ની મુસ્લિમો આવતીકાલે એનઆરસી અને સિટીજન્સ એમેડમેન્ટ બિલ (કેબ)ના વિરોધમાં મૌન કાર-બાઈક રેલી કાઢીને કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર આપશે.

સમગ્ર દેશમાં ભારે વિવાદ જગાવનાર કેન્દ્રના એન.આર.સી. તથા સી.એ.બી.ના વિરોધમાં ખંભાળિયા શહેર તથા તાલુકાના સુન્ની મુસ્લિમ જમાત દ્વારા વિરોધનો બુંગિયો ફૂકીને તા. ૨૦/૧૨ના બાઈક તથા કાર રેલીનું આયોજન કરાયું છે.

સમસ્ત સુન્ની મુસ્લિમ જમાતના ઉપપ્રમુખ રહીમભાઈ ચાકીએ જણાવેલ કે ખંભાળિયા તથા આસપાસના ગામોના મુસ્લિમો અગ્રણીઓ તા. ૨૦/૧૨/૨૦૧૯ના બપોરે ૩ વાગ્યે પોરબંદર રોડ પર હાજી ધસેડિયા પીરની દરગાહથી ટુવ્હીલ, થ્રીવ્હીલ તથા ફોર વ્હીલ સાથે મૌન રેલી કાઢશે તથા આ કાયદાઓનો વિરોધ નોંધાવશે. આ મૌન રેલી ધસેડિયા પીરથી ચાર રસ્તા પર ત્યાંથી નગરગેઈટ થઈ રેલવે સ્ટેશન રોડથી થઈને જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચશે તથા આવેદનપત્ર આપવામાં આવશે. ઉલ્લેખનિય છે કે, દ્વારકા તાલુકામાં પણ આવી રેલીનું આયોજન થયું છે.

## જામનગરમાં ભૂકંપ જેવી ધ્રૂજારીથી સવારે બારી-બારણા ખખડ્યા

જામનગર, તા.૧૯

જામનગરમાં આજે સવારે ભૂકંપના આંચકા જેવો લોકોને અનુભવ થયો હતો. જો કે, ભૂકંપના આંચકા નહીં હોવાનું સિસ્મોલોજી વિભાગે જણાવ્યું હતું. જામનગરમાં આજે સવારે સવાદસેક વાગ્યે ધણધણાટી અનુભવાઈ હતી અને બારી-બારણા ખખડ્યા હતાં તો બહુમાળી ઈમારતોમાં વસવાટ અને વ્યવસાય કરતા લોકોએ આ સ્થિતિનો અનુભવ કર્યો હતો, જો કે સિસ્મોલોજી વિભાગના જણાવ્યા મુજબ આજે જામનગરમાં ભૂકંપના કોઈ આંચકા નોંધાયા નથી. એટલે કે મળતી માહિતી મુજબ એરફોર્સ દ્વારા થતી હવાઈ કવાયત દરમિયાન વિમાન મારફત થતા અવાજોના કારણે આ ધણધણાટી અનુભવાઈ હતી.

## મોરબીના વતની અને પત્રકાર પારેખને દિલસોજી પાઠવતા બ્રિજેશ મેરજા

મોરબી,તા.૧૯

મોરબીના વતની અને પત્રકાર જગતમાં મોટુ નામ ધરાવતા એક સમાચાર



એજન્સી, અમદાવાદના બ્યુરો ચીફ ભૂપતભાઈ પારેખના અવસાન અન્વયે સદગતને અંજલિ અર્પતા મોરબી માળિયા (મી)ના ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે યોગ્ય સ્તરે તેમના નિધનથી વણિક સમાજે એક ઉમદા આગેવાન અને મોરબીએ હિતેચ્છુ હમદર્દ તેમજ પત્રકારીત્વ જગતે એક હોનહાર પત્રકાર ગુમાવ્યાની લાગણી અનુભવી છે.

## સાણંદ ચોકડી નજીક બે ટ્રક અથડાતાં એક ડ્રાઈવરનું મોત

બાવળા, તા.૧૯

બાવળાથી અમદાવાદ તરફ જતી ટ્રક નંબર જીજે ૨૭ એક્સ ૩૭૩૧ લોખંડ ભરી જઈ રહી હતી. તે દરમિયાન સાણંદ બાજુથી આવતી ટ્રક નંબર જીજે ૧૨ એટી ૭૯૮૧ની સાથે અથડાતા અમદાવાદ જતી ટ્રકના ડ્રાઈવર ગુલઝાર સિંહ પ્રિતમ સિંહ પરદાર (ઉંમર વર્ષ ૬૦)ને ગંભીર ઈજા થતાં બાવળા ૧૦૮ને જાણ કરાતા ૧૦૮ના ઈ એમટી રવિ લાલકીયા અને પાયલોટ હરપાલસિંહ સાથે ઘટના સ્થળે પહોંચી સારવાર આપે તે પહેલા તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ બાવળા પોલીસને થતા બાવળા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતકના મૃતદેહને બાવળા સરકારી હોસ્પિટલ ખાતે લાવી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી બાવળા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.બી. વાઘેલા ચલાવી રહ્યા છે.

# ભાવનગરમાં NRC-CAAના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદન : બિલ પાછું ખેંચવા માંગ

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૧૯

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લોકસભા-રાજ્યસભામાં એનઆરસી તથા સીએબી બિલ પસાર થયેલ છે, તેનો ભાવનગર કસ્બા અંજુમને ઈસ્લામ દ્વારા સખ્ત વિરોધ વ્યક્ત કરી આજરોજ ભાવનગર જિલ્લા કલેક્ટરને પ્રતિનિધિ મંડળ દ્વારા આવેદનપત્ર પાઠવી આ બિલ રદ કરવા માગણી કરવામાં આવી હતી. આવેદનપત્રની કોપી રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવી હતી.ભાવનગર કસ્બે અંજુમને ઈસ્લામના આગેવાનોએ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાને રૂબરૂ મળી એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવી રજૂઆતો કરી હતી કે, તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લોકસભા-રાજ્યસભામાં નેશનલ રજિસ્ટાર ઓફ સિટિઝનશીપ (એનઆરસી) તથા નાગરિકતા સુધારણા બિલ (સીએબી) દેશની સંસદમાં બહુમતીના જોરે બિલ પસાર કરવામાં આવેલ છે. ધર્મના આધારે નાગરિકતા આપવાની થિયરી દેશના બંધારણ વિરૂદ્ધ છે, જે લોકો અન્ય દેશમાંથી આવ્યા છે, તેમાં ખાસ કરીને મુસ્લિમ સિવાયના તમામ હિંદુ, શીખ, ઈસાઈ, પારસી, જૈન સૌને આ બિલથી નાગરિકતા અપાશે. ફક્ત મુસ્લિમોને તેમાંથી બાકાત રાખ્યા છે. આ બિલ બિનસાંપ્રદાયિક દેશના સિદ્ધાંતનું ભારે ઉલ્લંઘન છે. દેશની એકતા-ભાઈચારા સાથે ચેડાં થઈ રહ્યા છે. આ બિલ ભેદભાવપૂર્ણ, વિભાજનકારી અને ધર્મનિરપેક્ષ, સિદ્ધાંતો વિરૂદ્ધ છે.આ બિલ ફક્ત મુસ્લિમ સમુદાયને જ નિશાન સાંધે છે. આ ખૂબ જ દુઃખદ અને શરમજનક બાબત છે. દેશ પર એનઆરસી અને સીએબી બિલ બહુમતીના જોરે બળજબરીપૂર્વક લાદી દેવામાં આવ્યું છે. મુસ્લિમ સમુદાયના લોકો ન્યાયને પ્રેમ કરતા, દેશ પ્રેમી નાગરિકો છે. આપણો ભારત દેશ કોમી એકતા, ભાઈચારા અને એખલાસમાં માનનારો છે. આપણો દેશ, બિનસાંપ્રદાયિક છે, દરેક ભારતીયોને સમાનતા, સ્વતંત્રતા અને લોકશાહીની શક્તિ આપનારો ભારત દેશ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું બંધારણ નષ્ટ ન થાય, તેને નુકસાન ન પહોંચે, તે જોવાની દરેક દેશવાસીઓની ફરજ છે.



દેશની લોકસભા-રાજ્યસભામાં જે એનઆરસી તથા સીએબી બિલ પસાર થયેલ છે, તે તાકીદની અસરથી કેન્દ્ર સરકાર દ્વારા પાછું ખેંચવામાં આ અંગે પુનઃ વિચારણા કરવામાં આવે તેવી ભાવનગર કસ્બા અંજુમને ઈસ્લામના પ્રમુખ મહેબૂબભાઈ શેખ, ઈકબાલભાઈ આરબ, એમ.આઈ. સોલંકી, કાળુભાઈ બેલીમ, રૂમીભાઈ શેખ, મુસ્તુફાભાઈ ખોખર, રજાક કુરેશી, હુસેનમિયા બાપુ સહિતના આગેવાનો કાર્યકરોએ ભાવનગર જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળી આવેદનપત્ર પાઠવી ભારપૂર્વકની રજૂઆતો કરી હતી. આવેદનપત્રની કોપી ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવી હતી. દરમિયાન આજરોજ ભાવનગર શહેર કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા એક આવેદનપત્ર આપવામાં આવેલ. ભારત દેશની ગંગા-જમના-તેજીબને નુકસાન થાય છે અને આપણા દેશની જ્ઞાતિ અને આ અંગેનું આવેદનપત્ર ભાવનગરના કલેક્ટરને શહેર ચેરમેન અનવરખાન પઠાણ, શહેર પ્રમુખ પ્રકાશ વાઘાણી, પ્રદેશ આગેવાનો સાજીદભાઈ કાઝી, માઈનોરિટીના આગેવાનો વારીસખાન બલોચ, રસુલભાઈ સૈયદ, અફઝલખાન પઠાણ, રજાકભાઈ કુરેશી, ઈલ્યાસ મલેક, ઈલ્યાસ વાળુકડ, આફરી ગોગદા, તોસિફખાન પઠાણ, અનવખાન આર. પઠાણ ચેરમેન માઈનોરિટી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહી અને આવેદનપત્ર પાઠવેલ.

અમરેલીમાં નવી માર્કેટયાર્ડ પાસે

# ટ્રક-કાર વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ૧નું મોત : એક ગંભીર

અમરેલી,તા.૧૯

અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ નવી માર્કેટયાર્ડ પાસે આજે સાંજે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા કારમાં બેસેલ એકનું મોત થયેલ હતું. તેમજ એકને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડેલ હતો. મૃતક શખ્સ જેસીંગપરા વિસ્તારમાં આવેલ તુન્ની વિદ્યાલયનો કર્મચારી હતો.



આ અંગે મળતી વિગતો અનુસાર અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર નવી માર્કેટયાર્ડ પાસે આજે સમીસાંજે કાર નંબર જીજે-૨૭ સી ૭૦૯૪ સાથે સામેથી આવી રહેલ ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જાતા કારમાં સવાર જયેશભાઈ ઉકાભાઈ હિરપરા (ઉ.વ.૩૪) (રહે.લુણીધાર હાલ જેસીંગપરા) તેમજ જતીનભાઈ ગોપાલભાઈ દેવાની (ઉ.વ.૩૦) (રહે.લુણીધાર) બંનેને ગંભીર ઈજા થયેલ હતી. જેમાં જયેશભાઈ હિરપરાને ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળ મોત નીપજેલ હતું જ્યારે જતીનભાઈને પ્રથમ અમરેલી સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસડેલ હતો, મૃતક જેસીંગપરાની તુન્ની વિદ્યાલયનો કર્મચારી હોવાનું જાણવા મળેલ છે, બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

જમિયતે ઉલમા-એ હિંદ દ્વારા

# NRC-CAAના વિરોધમાં આજે મહુવામાં જિલ્લા કલેકટરનો આવેદન પાઠવાશે

મહુવા, તા.૧૯

મહુવામાં આવતીકાલ શુક્રવારે જમિયતે ઉલમાએ હિંદ દ્વારા NRC-CAA નાગરિતા બિલનો વિરોધ કરીને કલેકટરને આવેદનપત્ર પાઠવશે.

મહુવા તા. ૨૦/૧૨/૧૯ને શુક્રવારના રોજ બપોરે જુમ્મા બાદ NRC અને CAA નાગરિતા બિલનો જમિયતે ઉલમાએ હિંદ દ્વારા વખોડી કાઢી વિરોધ દર્શાવી કલેકટરને આવેદનપત્ર પાઠવામાં આવશે અને બપોરના જુમ્મા બાદ સમસ્ત સમાજના લોકો ભાદ્દોડ ગેટઇ વિસ્તાર થઈને આવેદનપત્ર પાઠવશે.

## ઉના રેલવે ફાટક નીચે હાર્ટએટેકથી યુવાનનું મોત નિપજ્યું

ઉના, તા.૧૯

ઉના રામનગર ખારા વિસ્તારમાં અને રેલવે પાટા પાસે પુલ નીચે એક યુવાન મૃત હાલતમાં પડેલા હોવાની જાણ થતા ઘટના સ્થળે પોલીસ દોડી ગઈ અને લાશનો કબ્જો લઈ સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ. માટે ખસેડાયેલ હતો. જ્યારે આ યુવાનનું હાર્ટએટેકથી મોત થયું હોવાનું જાણવા મળી રહ્યુ છે.

પ્રાપ્ત વિગત મુજબ ઉનાના વિદ્યાનગર હુડકો વિસ્તારમાં રહેતા લવજીભાઈ ઉર્ફે ભાણા રામજીભાઈ પરમાર (ઉ.વ. ૪૫) પોતાના ઘરેથી નિકળી જઈ સમી સાંજના સમયે રામનગર ખારા વિસ્તાર પાસે રેલવે પાટાના પુલ નીચે લવજીભાઈને અચાનક હૃદયરોગનો હુમલો આવી જતાં તેવો નીચે ઢળી પડ્યા હોય અને ત્યાથી અવર જવર કરતા લોકોને આ યુવાનનો મૃતદેહ નજરે પડતા તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસે આ મૃતક યુવાનનો કબ્જો લઈ ઉના સરકારી હોસ્પિટલે પી.એમ. માટે ખસેડાયેલ. ત્યાના તબીબે તપાસ કરતા હાર્ટએટેકના કારણે મોત થયું હોય આ અંગે મૃતકના પુત્ર પ્રવિણભાઈ લવજીભાઈ પરમારે પોલીસમાં જાહેર કરેલ છે. આ બનાવ અંગે મૃતકના પરીવારજનોમાં શોક પ્રસરી ગયેલ છે.

## ભાવનગર : ટ્રકની અડફેટે બાઈક ચાલક વૃદ્ધનું મોત

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના નાગધણીંબા ગામના પાટીયા નજીક આજે ગુરૂવારે વ્હેલી સવારે ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. બાઈક ચાલક કાળુભાઈ રામભાઈ દેસાઈ (ઉ.વ.૬૦, રહે.અકવાડા) નામના વૃદ્ધને ટ્રકે અડફેટે લેતા તેમને ગંભીર ઈજા પહોંચતાં તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં ઘોઘા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને બનાવની તપાસ હાથ ધરી હતી.

# મહુવા નગરપાલિકા પ્રમુખે રાજીનામું આપ્યુંઃ વિકાસ કામોને અસર ?

મહુવા, તા.૧૯

મહુવા નગરપાલિકાના પ્રમુખ જીતેનભાઈ પંડયા એ પ્રમુખ પદેથી રાજીનામું ધરી દેતાં વિકાસના કાર્યો ટલ્લે ચડી ગયા હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.



ત્યારે નગરપાલિકાના પ્રમુખ જીતેન પંડયાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મારી હાલ તબિયત નાંદુરસ્ત છે અને બી.પી સહિતની બિમારી છે એટલે ડોક્ટર દ્વારા ચિંતા કરવાની ના પાડતા આથી મે મારી જાતે નિર્ણય લઈ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધી છે.

તાજેતરમાં નગરપાલિકાની જનરલ સભામાં ૧૧ કરોડના વિકાસના કાર્યો મંજૂર થયા અને નગરપાલિકાની હદ બહાર ઓજી વિસ્તારની ૧૮ જેટલી સોસાયટીઓને નગરપાલિકામાં સમાવેશ કરવાની દરખાસ્ત પણ તૈયાર કરાઈ હતી.

ત્યારે પ્રમુખે રાજીનામુ આપી દેતા લોકો મુખે એવુ પણ ચર્ચાઈ રહ્યુ છે કે, ભાજપમાં આતરીક ભેદભાવના કારણે નિર્ણયો લેવામાં નિષ્ફળ નિવડયા હોય તેવી ચર્ચા થઈ હતી.



૨૭૧ દીકરીના લગ્ન પ્રસંગનો મહેંદી રસમથી શુભમૂહૂર્ત થઈ ચૂક્યું છે. અહીં દીકરીઓ સાથે તેમની ૨૫૦૦થી વધુ સખીઓએ હાથમાં મહેંદીના મુકાવીને વાતાવરણને ખુશનુમા બનાવી દીધું હતું. આ પ્રસંગે પાલક પિતા મહેશ સવાણી તેમજ તેમના પિતા અને સમાજના સાચા પ્રહરી વલ્લભભાઈ સવાણીએ દીકરીઓની યાદને તસવીરમાં કંડારી લીધી હતી.

આંતરરાષ્ટ્રીય લઘુમતી અધિકાર દિવસની ઉજવણી

# મોરબીમાં એમસીસી દ્વારા જાહેર સભા યોજાઈ

### લઘુમતી સમાજના વિકાસ અને રક્ષણ માટે લઘુમતી આયોગની રચના, સ્કૂલો ચાલુ કરવા અંગે વિશેષ આર્થિક પેકેજ જાહેર કરવા માંગ

મોરબી, તા.૧૯

મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ મદીના સોસાયટી ખાતે આજે આંતરરાષ્ટ્રીય લઘુમતી દિવસની ઉજવણીના ભાગરૂપે લઘુમતી સમુદાયના બંધારણમાં આપેલા અધિકાર- હક્કો મળે તે માટે માઈનોરીટી કો-ઓર્ડીનેશન કમિટી (MCC) ગુજરાત દ્વારા જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લઘુમતી સમુદાયના વિકાસ તથા રક્ષણ માટે બંધારણીય જોગવાઈ મુજબ લઘુમતી અયોગની રચના કરવા, લઘુમતી વિસ્તારોમાં સરકારો સ્કૂલો શરૂ કરવા સહિતની માંગણી કરવા અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ મદીના સોસાયટી ખાતે અંતરરાષ્ટ્રીય લઘુમતિ અધિકાર દિવસની ઉજવણી સંદર્ભે માઈનોરીટી કો-ઓર્ડીનેશન કમિટી હ્મિછછી દ્વારા એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં આ કન્વિનર મુજાહિદ નફીસ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને લઘુમતી સમુદાયના બંધારણમાં આપેલા હક્કો સ્થાપિત થાય તે માટે ગહન ચર્ચા કરવામાં આવી હતી વર્ષ ૧૯૯૨માં આજના દિવસે દુનિયાના તમામ લઘુમતી સમુદાયના વિકાસ અને રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા થયેલા ઠરાવનો ગુજરાતમાં અમલ થાય તે અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.તેમજ માઈનોરીટી કો-ઓર્ડીનેશન કમિટી (MCC) દ્વારા ગુજરાત રાજ્યમાં વસતા લઘુમતીઓ પછાત હોય એમના વિકાસ અને રક્ષણ માટે ગુજરાત રાજ્યમાં લઘુમતી કલ્યાણ મંત્રાલય વિભાગની રચના કરવા રાજ્યના બજેટમાં લઘુમતી સમુદાય માટે વિશેષ આર્થિક પેકેજની જોગવાઈ કરવી લઘુમતી આયોગની રચના અને એને બંધારણીય મજબૂતી માટે વિધેયક વિધાનસભામાં પસાર કરવું, લઘુમતી સમુદાય વિસ્તારમાં સરકારી સ્કૂલો શરૂ કરવા સહિતના હક્કો આપવાની સરકાર સમક્ષ માંગ કરવાની ચર્ચા કરવામાં આવી હતી.





# સુવાલી ખાતે લેધરબોલ ક્રિકેટ ટુર્નામેન્ટ : ૩૫ ટીમો ઈન

સુરત, તા.૧૯

અદાણી ફાઉન્ડેશન દ્વારા અદાણી ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટ-સિઝન-૨નો શુભારંભ કાર્યક્રમ તાજેતરમાં જુનાગામ (સુવાલી) નવચેતન વિદ્યાલય ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજાયો હતો. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચોર્યાસી તાલુકા તથા ઓલપાડ તાલુકાની કુલ ૩૫ જેટલી ટીમો ભાગ લઈ રહી છે.

આ સમગ્ર ટુર્નામેન્ટમાં લેધરબોલથી નોકઆઉટ પદ્ધતિથી કુલ ૩૪ મેચો રમાશે. ગામડાના યુવાનોને તેમનું કૌશલ બતાવવાની તક મળે તથા પરસ્પર ખેલદિલીની ભાવના જળવાઈ રહે તે હેતુથી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સુરત જિલ્લા પંચાયતના શાસકપક્ષના નેતા ઠાકોર પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય સતીશ પટેલ, જુનાગામના સરપંચ ભગુ પટેલ, દામકા ગામના સરપંચ તુલસી પટેલ, હજીરાગામના સરપંચ ધર્મેન્દ્ર પટેલ, ભટલાઈ ગામના સરપંચ છોટુ પટેલ, મોરા ગામના ઉપ. સરપંચ ભરત પટેલ, દિહેણ ગામના પૂર્વસરપંચ જસવંત પટેલ, નવચેતન ટ્રસ્ટના આર.જે. પટેલ તથા અદાણી ફાઉન્ડેશનના હેમજીભાઈ પટેલ તેમજ આજુબાજુના ગામના આગેવાનો અને યુવા ખેલાડીઓ હાજર રહ્યા હતા.

# ભાવનગરમાં તિક્ષ્ણ હથિયારના ઘા ઝીકી પ્રૌઢની કરપીણ હત્યા

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરના કણબીવાડ વિસ્તારમાં રહેતા પ્રૌઢના હાથપગ બાંધી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી કોઈ અજાણ્યા શખ્સો નાસી ગયા હતા. લૂંટ કે ચોરી મામલે હત્યા થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ બનાવની જાણવા મળેલ વિગત મુજબ શહેરના કણબીવાડ, લાખાવાડ વિસ્તારમાં રહેતા દિલીપભાઈ વિરજીભાઈ પટેલ નામના પ્રૌઢના મકાનનો મુખ્ય દરવાજો આજે વ્હેલી સવારે ખુલ્લો હતો. આજુબાજુના રહેવાસીઓએ તપાસ કરતાં દિલીપભાઈના હાથ પગ બાંધેલી, લોહી લુહાણ હાલતે પડ્યા હોવાનું માલુમ પડતા આ અંગેની પોલીસને જાણ કરાતા જિલ્લા પોલીસ વડા, સિટી ડીવાયએસપી, એલસીબી, એસઓજી, સી-ડિવિઝન સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને બનાવની તપાસ હાથ ધરી હતી. રૂમમાં રહેલા કબાટની ચીજવસ્તુઓ વેરવિખેર પડી હતી તેથી એવું માનવામાં આવે છે કે, કોઈ અજાણ્યા શખ્સો લૂંટ તથા ચોરીના ઈરાદે દિલીપભાઈના મકાનમાં ઘુસી ગયા હોય અને દિલીપભાઈએ તેમનો સામનો કરતાં આરોપીઓએ દિલીપભાઈના હાથપગ બાંધી તેમની હત્યા કરી નાસી છુટ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ખેડૂત ચેતનાયાત્રા આમોદ તાલુકામાં પ્રવેશી

# ખેડૂત વિરોધી મનોવૃત્તિ ધરાવનારા સરકારના અધિકારીઓ ધરતીપુત્રોની રજૂઆતો કચરાપેટીને હવાલે કરે છે : યાકુબ ગુરૂજી

આમોદ, તા.૧૯

માંગરોલ, પૂરસા, કાંકરિયા, હિરાકુઈ વાડીયા, રોધ, અડવાલા, ચકલાડ,કુરચણ, નિણમ આસનેરા, ધમણાડ ગામના ખેડુત આગેવાનો મેહમુદ કાકુજીની વાડીમાં એકત્રિત થયા હતા જ્યાં ખેડુત હિતરક્ષક દળના કોઓડીનેટર યાકુબ ગુરજીએ યાત્રાનો હેતુ જણાવતા કહ્યું કે, જીલ્લાના દરેક તાલુકાના અલગ-અલગ પ્રશ્નો છે જે ખેડુતો પ્રશાસનિક કચેરીઓમાં રજૂઆત કરે છે પરંતુ ખેડુત વિરોધી મનોવૃત્તિ ધરાવનાર ભાજપ સરકારના અધિકારીઓ આવી રજુઆતો કચરાપેટીના હવાલે કરે છે જેથી તમામ તાલુકાઓના વિવિધ પ્રશ્નોની રજુઆત એક સાથે ૨૩ તારીખે ચેતના યાત્રાના સમાપન પછી કરવામાં આવશે જ્યાં એક જાહેર સભામાં ખેડુત એકતા મંચના પ્રમુખ સાગરભાઈ રબારી અને ગુજરાત કોંગ્રેસ કિસાન સેલના ચેરમેન પાલભાઈ આંબલીયા હાજર રહેશે.

સરકાર આવેદન પત્રમાં એક મહિનાનો સમય આપવામાં આવશે અને ૨૬ મી જાન્યુઆરીના રોજ ખેડુતો અલગથી ધ્વજવંદન કાર્યક્રમ કરી સરકારની ખેડુત વિરોધી નિતી સામે અલગથી રણનીતિ બનાવશે.

જીલ્લાના વરિષ્ઠ આગેવાન રાજેન્દ્રસિંહ રાણાએ સરકારની ખેડુતો વિરૂદ્ધ નિતીની ઝાટકણી કાઢી ખેડુતોને સંગઠીત બની રાજકીય વિચારધારાથી ઉપર ઉઠી સરકાર સામે ખેડુતોના હિતો માટે સક્રિય બનવા અપીલ કરી હતી.

માવસંગ પરમારે જીલ્લાના વિવિધ પ્રશ્નોની છણાવટ કરતા જણાવ્યું હતું કે, નહેરોના સમારકામ, નહેરોમાં સતત સમયસર પાણી આપવા અને જે શહેરોની બ્રાન્ચનું કામ થયું નથી તે પૂરું કરવામાં આવે અને જો હવે સરકાર બ્રાન્ચ નહેરોને બનાવવાની ના હોય તો તેવી જમીનો મુળ ખેડુત ને પરત કરવામાં આવે છે અને પાક નુકશાનીનું સંપૂર્ણ નુકશાન ચુકવવામાં આવે. લિલો દુકાળ જાહેર કરવામાં આવે તેવી માંગ કરી છે.



### કાલોલમાં નાગરિકતા સંશોધન બિલના વિરોધમાં શાંતિપૂર્ણ બંધ

નાગરિકતા સંશોધન કાયદાને લઈને સમગ્ર દેશમાં ઉગ્ર પ્રદર્શન થઈ રહ્યું છે. ત્યારે સમગ્ર દેશ સહિત ગુજરાતમાં પણ બંધની જાહેરાત કરવામાં આવતા કાલોલ, ગોધરા, શહેરા, લુણાવાડા, વડોદરા સહિતના શહેરએ જાતે જ બંધ પાળવાની જાહેરાત કરી હતી. જ્યારે આપવામાં આવેલા બંધના પગલે કાલોલ શહેરમાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો અને શહેરની કસ્બા જુમ્મા મસ્જિદ, કચેરી રોડ, રબ્બાની મસ્જિદ વિસ્તારમાં બંધની આંશિક અસર જોવા મળી હતી અને આ બંધના પગલે આસપાસના વેપારીઓએ પોતાના ધંધા-રોજગારને બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો જે શાંતિપૂર્ણ માહોલમાં બંધ પાળવામાં આવ્યો હતો.

# પાટણ તાલુકામાં એનઆરસી અને સીએએના વિરોધમાં પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૧૯

એનઆરસી અને સીએએના વિરોધમાં દેશભરમાં ભારે વિરોધ વંટોળ ઊઠ્યો છે ત્યારે અમદાવાદમાં બંધના એલાનને પગલે પાટણ જિલ્લાના વદાણી ગામે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ધંધા-રોજગાર બંધ રાખી શાંતિપૂર્ણ રીતે બંધ પાળવામાં આવ્યો હતો. આ બંધમાં વિવિધ સમાજના આગેવાનો અને વેપારીઓ પણ જોડાયા હતા અને સમર્થન આપ્યું હતું.



(તસવીર :- ઈલ્મુદીન સૈયદ, પાટણ)

પાટણ ખાતે પણ બગવાડા ચોકમાં યુવાનોએ હાથમાં પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આ કાયદો પરત ખેંચવા માંગણી કરી હતી. પ્રદર્શનની જાણ થતાં દોડી આવેલી પોલીસે શાંતિપૂર્વક એકઠા થયેલા યુવાનોના ટોળાને વિખેર્યું હતું. તો પાટણ શહેર સહિત જિલ્લામાં નાગરિક સંશોધન કાયદાના વિરોધમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર દ્વારા વિવિધ સ્થળોએ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### મૃતકના પુત્રના સેમ્પલ લઈ

# દાવોલમાંથી મળેલા માનવ કંકાલ ડીએનએ ટેસ્ટ માટે એફએસએલમાં મોકલાયા

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૧૯

આણંદ જિલ્લાનાં બોરસદ તાલુકાના દાવોલ ગામની સીમમાં આવેલા ઈંટોના ભઠ્ઠા પરથી માનવકંકાલના અવશેષો મળી આવ્યાની ઘટના બાદ આ કંકાલ છેલ્લા છ માસથી ગુમ થયેલા ખેતર માલિકના હોવાની ચર્ચાઓ બાદ બોરસદ ટાઉન પોલીસ દ્વારા આજે લાપત્તા ખેતર માલિકના પુત્રના ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલો લઈ ગાંધીનગર લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા હતા.તેમજ પોલીસે ખોપડી અને અન્ય અવશેષો ઉમેટા પાસે મહી નદીમાંથી કબ્જે કરી કરમસદની ફોરેન્સીક લેબમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર દાવોલ ગામની સીમમાં ઈંટોના ભઠ્ઠામાંથી માનવકંકાલના અવશેષો મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ કંકાલના અવશેષો કાંતિભાઈ ગોહિલના છે કે કેમ તેની તપાસ માટે ડીએનએ ટેસ્ટ કરાવવાનો છે, જેથી આજે કાંતિભાઈ ગોહિલના પુત્ર અશ્વિનભાઈ ઉર્ફે બોચીયોના ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલો લઈ હાડકાના ડીએનએ સાથે મેચ કરવા માટે ગાંધીનગરની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા અને આ ડીએનએ મેચ થયા બાદ જ ખરેખર આ હાડકા કાંતિભાઈના જ છે કે કેમ તે નક્કી કરી શકાશે.જ્યાં પરિક્ષણનો રીપોર્ટ આવ્યા બાદ જ જાણી શકાશે કે મળેલા કંકાલનાં અવશેષો કોનાં છે, જો કે હાલમાં કંકાલ મળવાની ઘટનાને લઈને સંમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

### પ્રાંતિજના ૩ વિદ્યાર્થીને માર્શલ આર્ટ એવોર્ડ


પ્રાંતિજ,તા.૧૯

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એકલવ્ય ફાઉન્ડેશનના ત્રણ વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ માર્શલ આર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હોલ ઓફ ફેઈમ એવોર્ડ શોમાં અલગ-અલગ કેટેગરીમાં ત્રણ એવોર્ડ મેળવ્યા છે. જેમાં આરવ સોની બેસ્ટ ફાઈટર ઓફ ધ યર, રાધે સુખડીયા બેસ્ટ માર્શલઆર્ટિસ્ટ ઓફ ધ ઈયર, યશ ટેકવાની બેસ્ટ કારટેકા ઓફ ધ ઈયરના એવૉર્ડથી નવજવામાં આવ્યા હતા. સાથે આ ત્રણે બાળકોના ગુરુ હાર્દિક બ્રહ્મભટ્ટને પણ બેસ્ટ કોચ ઓફ ધ યરનો એવૉર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ શૉમાં ગુજરાતી ફિલ્મ જગતની ઘણી બધી હસ્તી ઓ હાજર હતી.



### NRC-CAA કાયદાના વિરોધમાં

# બોરસદમાં મુસ્લિમ વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી બંધ પાળયો



(સંવાદદાતા દ્વારા) આણંદ, તા. ૧૯

નાગરીકતા સુધારા બીલને લઈને મુસ્લિમ સમુદાયમાં ભારે વિરોધ પ્રવર્તી રહ્યો છે,ત્યારે બંધનાં એલાનનાં સમર્થનમાં આજે આણંદ જિલ્લાનાં બોરસદ શહેરમાં મુસ્લિમ વેપારીઓ દ્વારા પોતાનાં વેપાર ધંધા દુકાનો બંધ રાખીને સજ્જડ બંધ પાળ્યો હતો,બંધ દરમિયાન મુસ્લિમ સમાજ દ્વારા શાંતી જાળવી રાખી હતી.તકેદારીનાં પગલા રૂપ પોલીસ દ્વારા સમગ્ર શહેરમાં પેટ્રોલીંગ સઘન બનાવ્યું હતું.

નાગરિકતા સુધારા બિલના વિરોધમાં મુસ્લીમ સમાજે આપેલા બંધને લઈને બોરસદ શહેરમાં મુસ્લીમ વેપારીઓ દ્વારા આજે પોતાનાં વ્યાપાર ધંધા અને દુકાનો સજ્જડ બંધ રાખીને વિરોધ પ્રદર્સીત કર્યો હતો,બંધનાં એલાનને લઈને સવારથી રબારી ચકલા મલેકવાળા રાજા મહોલ્લા લાયબ્રેરી વિસ્તાર વાવડી મહોલ્લા વિસ્તારોમાં મુસ્લિમ વેપારીઓ નાની મોટી દુકાનો લારી ગલ્લા વાળાઓ દ્વારા વેપાર ધંધા બંધ રાખીને સજ્જડ બંધ પાળ્યો હતો, તેમજ બસ સ્ટેન્ડ જનતા બજાર જૂની શાક માર્કેટ ફુવારા ચોક બ્રાહ્મણની ધર્મશાળા સિલ્વર પોઈન્ટ વાસદ ચોકડી સહીતના વિસ્તારોમાં મુસ્લિમ વેપારીઓ દ્વારા પોતાની દુકાનો તેમજ ધંધા વ્યાપાર બંધ રાખી બંધમાં જોડાયા હતા,

સીએબી અને એનઆરસીનાં કાળા કાયદાનાં વિરોધમાં મુસ્લિમ સમાજ દ્વારા અપાયેલા શાંતિપૂર્ણ બંધનાં એલાનનાં સમર્થનમાં તમામ મુસ્લિમ વેપારીઓ દ્વારા આજે પોતાનાં ધંધા વેપાર દુકાનો સજ્જડ બંધ રાખીને બંધને સફળ બનાવ્યો હતો. બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ કરી તેમજ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો,જો કે બંધ સંપૂર્ણ સફળ રહ્યો હતો.

# નડિયાદ નોલેજ હાઈસ્કૂલ દ્વારા શૈક્ષણિક સેમિનાર યોજાયો



(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

નડિયાદ, તા.૧૯

નડિયાદમાં આવેલ નોલેજ હાઈસ્કુલ દ્વારા નાગરપાલિકાના ઈપ્કોવાલા હોલ ખાતે શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. અને અભ્યાસમાં આગળ કેવી રીતે વધાય તેની વિસ્તૃત માહિતીથી વાકેફ થયાં હતાં.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના શિક્ષકોએ શાળાની વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓની રૂપરેખા રજુ કરી હતી. શાળા દ્વારા બાળકોમાં રહેલી રચનાત્મક શક્તિઓને ખીલવવા માટે શાળા દ્વારા કરવામાં આવતાં કાર્યોની માહિતી રજુ કરી હતી.

આ સેમિનારમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ૨૦૦૦ કરતાં વધુ વાલીઓ હાજર રહ્યાં હતાં. નિષ્ણાંત વક્તા પવન દ્વિવેદીએ બાળકો અને વાલીઓને માર્ગદર્શન મળે તેવુ વક્તવ્ય આપ્યુ હતુ. બાળકોના સર્વાંગી વિકાસમાં મોબાઈલ ફોન કેટલી હદે બાધારૂપ બને છે. તેની વિસ્તૃત છણાવટ કરી વિવિધ ઉદાહરણ દ્વારા તેના દુષ્પરિણામો ગણી બતાવ્યા હતાં. વિદ્યાર્થીઓની દિનચર્યા તેમજ પેરેટીંગ વિષે ચર્ચા કરી હતી. તેમજ વિદ્યાર્થીઓમાં ઘર કરી ગયેલ પરીક્ષાનો હાઉ દૂર કરવા વિષે તેમજ તેમના અંદર રહેલી શક્તિઓને જાગૃત કરવા લક્ષ કેવી રીતે નક્કી કરવુ તથા ભવિષ્યમાં ઉભી થનારી નવી તકો વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

# મહેસાણા શહેરનો સિદ્ધપુરી બજાર તથા નંદાસણના મુસ્લિમ વેપારીઓનો સ્વયંભૂ બંધ

(સંવવાદદાતા દ્વારા) મહેસાણા, તા. ૧૯

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલ નાગરિક સંશોધન કાળા કાયદાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. તેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં પણ નારાજગી પ્રગટ કરવામાં આવી છે. મહેસાણા શહેરના સિદ્ધપુરી બજારના વેપારીઓએ ગુરૂવારે પોતાના વેપાર ધંધા બંધ રાખ્યા હતા. જયારે કડીના નંદાસણના મુસ્લિમોએ પણ તમામ દૂકાનો સ્વયંભૂ બંધ રાખીને આક્રોશ વ્યક્ત કર્યો હતો.



(તસવીરઃ રઈશ સૈયદ, મહેસાણા)

આ ઉપરાંત વિજાપુરમાં કાળા કાયદાનો વિરોધ કરવા આગામી શનિવારના રોજ શહેરના ચક્કર વિસ્તારમાં સવારે ૧૦ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ધર્મના આધારે દેશમાં એકતાનું વાતાવરણ તોડવાના હેતુથી કેન્દ્રની મોદી સરકારે નાગરીક સંશોધનનો કાયદો મંજૂર કર્યો છે. જેમાં મુસ્લિમોની સાથે સાથે ભારતનું અર્થતંત્ર પણ ખાડે જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરાયું છે. આ કાયદાનો દેશભરમાં બુદ્ધિજીવીઓ અને અર્થશાસ્ત્રીએ વિરોધ પ્રગટ કરી રહ્યા છે. વળી વિવિધ યુનિવર્સિટીના છાત્રો પણ રસ્તાઓ પર ઉતરી પડી રોષ વ્યક્ત કરી રહ્યા છે. દેશભરમાં ઉઠેલા વિરોધી સૂરની અસરો મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં પણ જોવા મળે છે. ગુરૂવારે મહેસાણા અને નંદાસણના મુસ્લિમ વેપારીઓએ પોતાની દુકાનો સ્વયંભૂ બંધ રાખી રોષ ઠાલવ્યો હતો.

### અલ્પસંખ્યક અધિકાર દિવસે

# ભરૂચમાં મૂળનિવાસી સંઘના સભ્યો દ્વારા ડેલિગેશનને લઈ કલેક્ટરને આવેદન

ભરૂચ, તા.૧૯

અલ્પ સંખ્યક અધિકાર દિવસ (આંતરરાષ્ટ્રીય) નિમિત્તે ગુજરાત જમીઅત એડહોક કમિટીના મુખ્ય કન્વીનર તથા સહ કન્વીનર અ. કય્યુમ હક તથા હનીફ હાંસલોદ દ્વારા એક ડેલિગેશન લઇ NRC & CAA વિરૂદ્ધ આક્રમક રજૂઆતો કરી હતી. ભારતની સૌથી મોટી ધાર્મિક લઘુમતિ એવા મુસ્લિમ સમુદાય સહિત અન્ય તમામ લઘુમતિ સમાજના સળગતાં મુદ્દાઓની લેખિત સ્વરૂપમાં તથા મૌખિક રૂપે કલેક્ટરના માધ્યમથી રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી સુધી પહોચાડવા આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ ડેલિગેશનમાં વિવિધ સમાજના અગ્રણીઓ પર શામેલ હતા. મૂળનિવાસી સંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરેશભાઈ મહેતા ભરુચ જિલ્લાના મૂળ નિવાસી સંઘના પ્રમુખ કિશોરભાઈ મહંત, મહેશભાઈ વાઘેલા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના

# માઈનોરિટી વિભાગ દ્વારા NRC-CAAના વિરોધમાં કલે.ને આવેદન

### જો કે, કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યો ગેરહાજર રહેતા કાર્યકરોમાં રોષ



મોડાસા, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં સંસદમાં નાગરિકતા સુધારણા કાયદા (સીએએ)નો અમલ કરવાની મક્કમતા દર્શાવતા દેશના વિવિધ ભાગોમાં આ કાયદાનો વિરોધ ઉઠ્યો છે. અરવલ્લી જિલ્લામાં લઘુમતી સમાજ અને કોંગ્રેસમાં વિરોધ જોવા મળી રહ્યો છે. જિલ્લા કોંગ્રેસ સમિતિ માઈનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા સીએએ અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆર્સી)ના મુદ્દે વિરોધ વ્યક્ત કરી અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી બિલ પરત લેવામાં આવેની માંગ સાથે બિલ પરત લેવામાં નહીં આવે ત્યાં સુધી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

અરવલ્લી જિલ્લામાં ત્રણે વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયેલા છે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને માઈનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા સીએએ અને એનઆરસી કાયદાના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવા અંગે જાણ કરવા છતાં ત્રણે ધારાસભ્યમાંથી એક પણ ધારાસભ્ય હાજર ન રહેતા કોંગ્રેસના કાર્યકરોમાં રોષ ફેલાયો હતો લઘુમતી સમાજ કોંગ્રેસની કમિટેડ વોટબેંક હોવા છતાં ત્રણે ધારાસભ્યોની ગેરહાજરી આંખે ઉડીને વળગી હતી ત્રણે ધારાસભ્યોની ગેરહાજરી ચર્ચાનું કેન્દ્ર બની હતી

શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, હુસેનભાઈ ખાલક, ઝુલ્ફી મનવા, નઈમ મિરઝા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો અને બંધારણ બચાવો ની માંગ કરી હતી.

### NRC-CAAના વિરોધમાં

# ગોધરાના મુસ્લિમ વિસ્તારોએ સજ્જડ બંધ પાળી વિરોધ દર્શાવ્યો



ગોધરા, તા.૧૯

ગુજરાત સહિત દેશમાં આજે એનઆરસી અને સીએએ જેવા કાળા કાયદાના વિરોધમાં સ્વૈચ્છિક બંધ રાખવા અપીલ કરવામાં આવી હતી. જેમાં ગોધરા ખાતે મુસ્લિમ સમાજ દ્વારા સ્વૈચ્છિક બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેમાં ગોધરામાં મુસ્લિમ સમુદાય સ્વયંમભૂ જોડાયો હતો. ગોધરામાં બંધ દરમિયાન અફવાઓથી બચવા તેમજ શાંતી અને ભાઈચારો રાખવાની સમાજના અગ્રણીઓ દ્વારા અપીલ કરવામાં આવી હતી. ગોધરા શહેરના મુસ્લિમ બહુમતીવાળા પોલનબજાર સિગ્નલ ફળિયા, સાવલીવાડ, સીમલા કબાડી માર્કેટ વહોરવાડ, સ્ટેશન રોડ, રાણી મસ્જિદ વિસ્તાર અને સૈયદવાડામાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. પોલીસ પ્રશાસન દ્વારા શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રેલવે સ્ટેશનગેટ, નીલમ લોજ, ચોકી નં.૬ પાસે, ચોકી નં.૭ સહિતના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# ભરૂચની સનસાઈન ગ્લોબલ હોસ્પિટલના તબીબ આરીફ મીથવાનીની ડિગ્રી નકલી, પોલીસ મથકમાં ફરિયાદ દાખલ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૯

ભરૂચની નામાંકિત હોસ્પિટલ સનસાઈન ગ્લોબલ હોસ્પિટલના તબીબી ડૉ. આરીફ મીથવાનીએ મુંબઈના તબીબની ડિગ્રીની નકલમાં નામ ફેર કરી હોસ્પિટલમાં તબીબ તરીકે ફરજ બજાવતા શહેર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થઈ છે. શહેર એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં મૂળ આમોદના નાહીપેર ગામના રહીશ પ્રકાશ નરસિંહભાઈ પટેલે આપેલી ફરિયાદમાં ભરૂચના પાંચબત્તી ખાતે આવેલ સનસાઈન ગ્લોબલ હોસ્પિટલમાં તેમના માતાને ડેન્ગ્યુ થતા ઈમરજન્સીમાં ડૉ. મુનીબ શાહ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવતા ત્યાં ડૉ. આરીફ મીથવાનીએ સારવાર કરી હતી. જો કે, પ્રકાશભાઈની માતાનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થતા આ મામલે પાલિકામાંથી મરણનો દાખલો લેવા માટે ડૉ. આરીફ દ્વારા સહી સિક્કા કરી આપવામાં આવતા તેમની તબીબી ડિગ્રી અંગે શંકા જતા તપાસ કરતા તેઓની આ ડિગ્રી નકલી હોવાનું બહાર આવ્યું હતું. આરીફ મીથવાનીએ મુંબઈના તબીબ ફૈઝલ રહેમાનખાનનું એમબીબીએસનું પ્રમાણપત્ર મેળવી લઈને પોતાનું નામ મીથવાની આરીફઅલી હોવા છતાં એફિડેવીટ કરીને ગેઝેટમાં મીથવાની ફૈઝલ હેદરઅલીના નામે પ્રસિદ્ધ કરીને પોતાને તબીબ તરીકે પ્રસ્થાપિત કરીને ભરૂચની ગ્લોબલ હોસ્પિટલમાં તબીબ તરીકે ફરજ બજાવી લોકોના જીવ સાથે ચેડા કર્યા હતા. જ્યારે મુંબઈના તબીબી ફૈઝલ રહેમાનખાનનું પોતાની ડિગ્રીનું પ્રમાણપત્ર જે-તે સમયે ચોરી થયું હતું અને આરીફ મીથવાની તેમની સાથે હોસ્પિટલમાં સાથે રહેતા હતા ત્યારે જ આ પ્રમાણપત્રની ચોરી થઈ હોવાનું પ્રકાશભાઈને જણાવતા તેમણે આરીફ મીથવાની સામે ભરૂચ શહેર એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી છે.

# વડોદરાના કમાટીબાગ ખાતે ૨૧મીએ પ્રથમ વખત જુનિયર મેરેથોન યોજાશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૯

વડોદરા મેરેથોન દ્વારા ઉડાન સંસ્થાનાં સહયોગથી વડોદરામાં પ્રથમ વખત જુનિયર મેરેથોનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી ૨૧મી ડિસેમ્બરનાં રોજ કમાટીબાગ ખાતે આ બાળકોની મેરેથોન યોજાશે. આ પ્રસંગે જણાવતા વડોદરા મેરેથોનનાં ચેર પર્સન તેજલ અમીન તેમજ સુનિલ દલવાડીએ જણાવ્યું હતું કે, ૨.૫ વર્ષથી ૬ વર્ષ સુધીનાં બાળકો આ જુનિયર મેરેથોનમાં ભાગ લઇ શકશે. વડોદરા મેરેથોન ઓફિસ તેમજ તેમની શાળાઓમાંથી ફોર્મ મેળવી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી શકશે. સાથે જ જુનિયર મેરેથોનમાં ભાગ લેનાર તમામ બાળ દોડવીરોને આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે. આ મેરેથોન ૩ કેટેગરીમાં ૨.૫ થી ૪ વર્ષ સુધી ૧૦૦ મીટર જુનિયર ફન રન, ૪ થી ૫ વર્ષ માટે જુનિ. હાફ મેરેથોન ૨૧૦ મીટર તેમજ ૫ થી ૬ વર્ષ માટે જુનિ. ફુલ મેરેથોન ૪૨૦ મીટર યોજાશે. આ સાથે બાળકોને તથા વાલીઓને તંદુરસ્તી અને સ્વાસ્થ્ય જાળવવાનો સંદેશો આપવામાં આવશે.

# હિંમતનગર : CAAના વિરોધમાં દેખાવો

હિંમતનગર, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં સંસદમાં તથા રાજયસભામાં પસાર કરાયેલા નાગરિકતા સુધારા કાનૂનને અમલી બનાવ્યો છે ત્યારે દેશના વિવિધ ઠેકાણે તેના પ્રત્યાઘાત પડ્યા છે. કેટલેક ઠેકાણે આગજની તથા હિંસાના બનાવો બની રહ્યા છે. દરમ્યાન ગુરૂવારે હિંમતનગર ખાતે સામ્યવાદી પક્ષના કાર્યકરોએ નાગરિકતા સુધારા કાનૂનનો વિરોધ કરવા માટે હિંમતનગરના ટાવર પાસે આવેલ બગીચામાં વિરોધ પ્રદર્શન કરી કાનૂન પાછો ખેંચવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. એમ એક યાદીમાં સીપીઆઈએમના અગ્રણી દિનેશ પરમારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# શાહેઆલમમાં રેલી, અટકાયત, પોલીસ પર પથ્થરમારો, દોડધામ, ટીયરગેસના સેલ છોડાયા, અંતે મામલો થાળે





શહેરના શાહેઆલમ વિસ્તારમાં સીએએની વિરૂદ્ધમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં પોલીસે ટોળાને વિખેરવા અટકાયત કરવાની કાર્યવાહી શરૂ કરતા જ મામલો બિચકયો હતો. દરમ્યાન પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ત્યારે કેટલાક તોફાની તત્વોએ પોલીસ પર પથ્થરમારો કરતા કેટલાક પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. ત્યારે પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કર્યો ત્યારે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ટીયર ગેસના સેલ છોડયા હતા. ત્યાર બાદ પરિસ્થિતિ કાબુમાં આવી હતી. પ્રસ્તુત પ્રથમ તસવીરમાં નાસભાગ કરતા લોકો, બીજી તસવીરમાં નાસભાગને લીધે કેટલાક લોકો ચપ્પલ પણ છોડીને ભાગવા લાગ્યા હતા. ત્યારે ચપ્પલો રસ્તા પર વિખેરાયેલા પડયા હતા. જયારે ત્રીજી તસવીરમાં પરિસ્થિતિને થાળે પાડવા ટીયર ગેસનો સેલ છોડતો પોલીસ કર્મી નજરે પડે છે.

### એક તરફ તોફાનીઓ પથ્થરમારો કરતા હતા ત્યારે

## ટોળા વચ્ચે ફસાઈ ગયેલા પોલીસ કર્મીઓને કેટલાક યુવાનોએ બચાવ્યા

અમદાવાદ,તા.૧૯


શાહઆલમમાં વિરોધ પ્રદર્શન વેળા મામલો બિચકતા કેટલાક તોફાની તત્વોએ પોલીસ ઉપર પથ્થરમારો કરતા મામલો ગરમાયો હતો. દરમ્યાન ચારથી પાંચ પોલીસ કર્મી બે દુકાનો વચ્ચે ફસાઈ જતા કેટલાક તોફાનીઓએ તેમને ઘેરી પથ્થરો મારવા લાગ્યા હતા ત્યારે પોલીસ કર્મીઓએ હાથમાં ટેબલ, ખુરશી કે જે વસ્તુ આવી તે લઈને માથુ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમ છતાં તોફાનીઓએ તેમને ટાર્ગેટ બનાવ્યા હતા ત્યારે કેટલાક યુવાનોએ વચ્ચે પડીનો તોફાનીઓને પથ્થરમારો કરતા રોકીનો પોલીસ કર્મીઓને બચાવ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. જેમાં સ્પષ્ટ દેખાવ છે કે ટોળામાં ફસાઈ ગયેલા પાંચ જેટલા પોલીસ કર્મીઓ ઉપર કેટલાક તોફાનીઓ જોરદાર પથ્થરમારો કરી રહ્યા હતા. ત્યારે જ કેટલાક યુવાનો દોડી આવ્યા હતા અને તેમણે જ ફસાઈ ગયેલા પોલીસ કર્મીઓને બચાવ્યા હતા.

### NRC-CAAના વિરોધમાં

## અમદાવાદમાં ડાબેરી મોરચા દ્વારા દેખાવો યોજાયા : કાર્યકરોની ધરપકડનો વિરોધ

અમદાવાદ, તા.૧૯

સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) (એસયુસીઆઈ(સી), કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ), કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ) (સીપીઆઈ(એમ), કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (એમએલ) (સીપીઆઈ(એમએલ)) તથા સોશિયાલિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (એસપીઆઈ)ના સંયુક્ત ઉપક્રમે આજે બપોરે ૧ વાગે સરદાર બાગ, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (એનઆરસી) અને નાગરિકતા સંશોધન કાનૂન-૨૦૧૯ (સીએએ) વિરૂદ્ધ રાષ્ટ્રવ્યાપી વિરોધ દિવસના ભાગરૂપે ઈસ્લામિયા યુનિવર્સિટી તથા દેશભરની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ દ્વારા આ બંને કાયદાનો વિરોધ કરવા બદલ થયેલ પોલીસ અત્યાચારને પણ વખોડી કાઢવામાં આવ્યો હતો. આ દેખાવો એકદમ શાંતિપૂર્ણ રીતે યોજાયા હોવા છતાં પોલીસ તંત્ર દ્વારા



જોરજબરદસ્તી, ધાક-ધમકી અને વાહનોમાં તોડફોડ કરીને હિંસાત્મક રીતે કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત સરદાર બાગમાં બેઠેલા નિર્દોષ વિદ્યાર્થીઓની પણ પોલીસે ધરપકડ કરી છે. જેને અમે સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. દેશના બંધારણના લોકશાહી અને બિનસાંપ્રદાયિક મૂલ્યો વિરૂદ્ધ પોતાની બહુમતીના જોરે કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (એનઆરસી) અને નાગરિકતા સંશોધન કાનૂન-૨૦૧૯ (સીએએ)ના વિરોધમાં દેશભરમાં વિરોધનો સૂર ફાટી નીકળ્યો છે. આ વિરોધમાં વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, વૈજ્ઞાનિકો સહિત દરેક ક્ષેત્રના લોકો જોડાયા છે. તેની સામે સરકાર અને પોલીસ તંત્ર દ્વારા આ વિરોધને ક્રૂર રીતે કચડી નાખવા માટે અત્યાચારની તમામ હદ વટાવી ચૂક્યા છે જે દેશના બંધારણીય મૂલ્યો વિરૂદ્ધની વાત છે. એસયુસીઆઈએ આ બંને કાયદાને તાત્કાલિક ધોરણે રદ કરવા લોકશાહી ઢબે વિરોધ કરતા લોકો ઉપર અત્યાચાર બંધ કરવામાં આવે તથા અત્યાચારી પોલીસને કડક સજાની માંગ કરી હતી.

### ખાદ્ય-ખોરાક ૨૦૧૯ પ્રદર્શનને ખુલ્લું મૂકતા મુખ્યમંત્રી રૂપાણી

## શુદ્ધ-સાત્વિક હાઈજેનિક ખોરાક અને આહારથી જ રોગમુક્ત સમાજ બનશે

### આગામી દિવસોના પડકારો સામે નવા ઈનોવેશન્સ માટે આહવાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નાગરિકોની હેલ્થી ફૂડ-ઓર્ગેનિક પ્રાકૃતિક ખેતી દ્વારા થતા ખાન-પાન પ્રત્યેની સજાગતા વધી હોવાનું જણાવતા ઉમેર્યું કે, ખાન-પાન સાથે તંદુરસ્તીનો સીધો સંબંધ છે ત્યારે શુધ્ધ-સાત્વિક હાઈજેનિક ખોરાક-આહારથી જ રોગમુકત સમાજ બનશે. ઈન્ફ્રાસ્ટ્રકચર-સોશિયલ સેકટર, સર્વિસીસ સેકટર, એગ્રીકલ્ચર સેકટરમાં સાર્વત્રિક વિકાસ સાથે અગ્રેસર ગુજરાતની શુદ્ધ હાઈજેનિક હેલ્થી ફૂડ ખાદ્ય ખોરાકની વિશ્વમાં બ્રાન્ડ ઈમેજ ઉભી કરવાની સરકારની નેમ હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં ખાદ્ય ખોરાક ૨૦૧૯ પ્રદર્શનને ખુલ્લુ મુકતા જણાવ્યું કે, હવે સમય બદલાયો છે અને લોકોને પોતાની હેલ્થ આરોગ્યની સતત ચિંતા છે. એટલું જ નહી, લોકો હેલ્થી ફૂડ પ્રત્યે સજાગ થયા છે ત્યારે ગુજરાતની ખાન-પાન ચીજવસ્તુઓ પણ ઓર્ગેનિકથી આગળ વધીને પ્રાકૃતિક ખેત ઉત્પાદન સાથે સાત્વિક અને આરોગ્યપ્રદ બની છે. આપણી આ શુદ્ધતાનું હાઈજેનિક ફૂડનું માર્કેટીંગ ગ્લોબલી થાય તે માટે આવા પ્રદર્શનો ઉપયુકત માધ્યમ છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. ખાદ્ય ખોરાક ૨૦૧૯ની આ પ્રદર્શની ગાંધીનગરના હેલિપેડ મેદાન ખાતે તા.૧૯થી ૧૨ ડિસેમ્બર દરમ્યાન યોજાઈ રહી છે. આ પ્રદર્શનીમાં ૧૧૦૦ જેટલા વિવિધ સ્ટોલ્સમાં ૧ હજારથી વધુ પ્રોડકટસ પ્રદર્શિત થવાની છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ખાન-પાનનો સીધો સંબંધ માનવીની તંદુરસ્તી સાથે જોડાયેલો છે. ત્યારે એવો શુદ્ધ-ચોખ્ખો-સાત્વિક અને હાઈજીન ફૂડ સમાજમાં સૌના પેટનો ખાડો પુરે અને કીડની, લીવર, હૃદયના રોગ, કેન્સર, જેવા રોગનો સામનો ન કરવો પડે તેની તકેદારી પણ એટલી જ આવશ્યક છે. તેમણે ફૂડ ઈન્ડસ્ટ્રી અને હોસ્પિટાલીટી સેકટરમાં આવનારા દિવસોના પડકારો ચેલેન્જીસ સામે નવા ઈનોવેશન્સ નવા આઈડીયાઝથી નયા ભારતના નિર્માણ માટે ફૂડ ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારો પ્રદર્શકોને આહવાન કર્યું હતું.

### શાહી જામા મસ્જિદના મુફ્તિ શબ્બીર અહમદની અપીલ

## હિંદુ-મુસ્લિમ સહિતની પ્રજા અફવાઓથી ન દોરાય, શાંતિ-ભાઈચારો જાળવી રાખે

### ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે બંધ વેળા લોકોને અલ્લાહનો વાસ્તો આપી શાંતિ જાળવવા અપીલ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં આજરોજ બંધ દરમિયાન શહેરના લાલદરવાજા અને શાહેઆલમ વિસ્તારમાં પોલીસની અટકાયતના વિરોધમાં જે ઘર્ષણ સર્જાયું હતું, તે મુદ્દાને વધારે પડતો ઊછાળવામાં આવતા રાજ્યભરમાં દહેશતનો માહોલ સર્જાયો છે. અફવાઓનું જોર વધી ગયું છે અને એકાદ બે છૂટક બનાવોને લઈ આખા મામલાને ડાયવર્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોય તેમ લોકોને જણાવ્યું છે. આ અંગે અહમદાબાદની શાહી જામા મસ્જિદના ખતીબો-ઈમામ મુફ્તિ શબ્બીર અહમદ સિદ્દીકીએ અપીલ કરતા જણાવ્યું છે કે, લોકો અફવાઓથી ન દોરાય, હિંદુ-મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી સહિત તમામ પ્રજા શાંતિ અને ભાઈચારાથી રહે તે સમયની માંગ છે. કારણ કે, નાની અમથી ભૂલ મોટું સ્વરૂપ લઈ શકે છે, જ્યારે શહેરના લાલ દરવાજા વિસ્તારમાં ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાતા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે બે હાથ જોડી અલ્લાહનો વાસ્તો આપી લોકોને વિનંતી કરી હતી કે, લોકો શાંતિપૂર્ણ રીતે બંધ પાળી રહયા છે, ત્યારે જાહેર મિલકતોને નુકસાન ન પહોંચાડવું જોઈએ. લોકોનો અભૂતપૂર્વ સહકાર મળી રહ્યો હોય ત્યારે ઉશ્કેરણી કરવાનો પ્રયાસ ન કરો, તેવી વિનંતી કરી હતી.

## પથ્થરમારામાં કયા-કયા પોલીસ કર્મીઓ ઘાયલ થયા

શાહઆલમ સહિતના મુસ્લિમ વિસ્તારોમાં તોફાની તત્વો દ્વારા પોલીસને જે પ્રકારે ટાર્ગેટ કરી પથ્થરમારો અને હિંસાનો ભોગ બનાવી તે ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. મુસ્લિમ સમુદાયના પથ્થરમારામાં ઈજા પામનારા પોલીસ કર્મીઓમાં એસીપી આર.બી.રાણા, પીઆઈ જે.એમ.સોલંકી(ઈસનપુર), ત્રણ પોલીસ કોન્સ્ટેબલ યશપાલસિંહ કે.જાડેજા(એસઆરપી), કુલદીપસિંહ હનુભા(ઈસનપુર), ભારતી બહેન પૂંજાભાઈ(દાણીલીમડા), એએસઆઇ યાસિનમિંયા, બે હેડ કોન્સ્ટેબલ ઝાકીર ખાન(ઈસનપુર), રાજેન્દ્રસિંહ ગંભીરસિંહ, શબાના રફીક હુસેન, પીએસઆઈ આઈ.એચ.ગઢવી(મણિનગર), લોકરક્ષક અશોકભાઈ રાઘવભાઈ(દાણીલીમડા) તેમજ હોમગાર્ડ સાબિરભાઈ ફતેહ મહમ્મદ સહિતના અન્ય પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

## શાહઆલમની ઘટનાને મામલે ફરિયાદ નોંધાશે : પોલીસ કમિશનર

### પથ્થર બાજોની ઓળખ કરીને તેમને પકડવાની કાર્યવાહી શરૂ કરાઈ

અમદાવાદ, તા.૧૯

શાહઆલમ વિરોધ પ્રદર્શન વેળા પોલીસ પર પથ્થરમારા મામલે અમદાવાદ પોલીસ કમિશનર આશિષ ભાટીઆએ એલ.જી. હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત પોલીસ કર્મીઓની મુલાકાત લીધી હતી. ઉપરાંત તેમને ઝડપથી સારવાર મળે તે માટે હોસ્પિટલ તંત્રને તાકીદ કરી હતી. પથ્થરમારાની ઘટનામાં ઈજાગ્રસ્ત પોલીસ કર્મીઓને હાલ એલજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. ૧૯ જેટલા પોલીસ કર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે. ત્યારે બનાવ સંદર્ભે ફરીયાદ નોંધવાનું નિવેદન કમિશનર આશિષ ભાટીઆ આપ્યું હતું. વધુમાં કમિશનર ભાટીઆએ કહ્યું કે, સીસીટીવી ફૂટેજ અને વિડિઓ ફૂટેજના આધારે પથ્થરબાજોને શોધીને કાર્યવાહી થઇ રહી છે. તદુપરાંત સોશિયલ મીડિયામા ઉશ્કેરણીજનક ભાષાનો કરનારા સામે પણ કાર્યવાહી થશે. અમદાવાદમાં શાહપુર, ઈસનપુર સહિતના અલગ અલગ પોલીસ મથકોમાં અલગ-અલગ ગુનાઓ નોંધાશે. શાહઆલમ વિસ્તારમાં હાલ તકેદારીના ભાગરૂપે પોલીસ ફોર્સ તૈનાત રખાશે.

## NRC-CAAના વિરોધમાં ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા કલેકટરને આવેદન અપાયું



એનઆરસી અને સીએએનો ડાયદો દેશના બંધારણ ઉપર કુઠરાઘાત છે અને દેશની ગંગા-જમની તહેઝીબને ખતમ કરવા માટેનું આયોજન છે, તેમ જણાવી આ કાયદાને વખોડી ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન યુસુફખાન પઠાણ અને જિલ્લા કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટના વાઈસ ચેરમેન રજાકખાન પઠાણ, વાઈસ ચેરમેનો જયાબેન લાડ, શહેનાઝબાનુ રાઠોડ તથા શ્રીપોલ જે.ક્રિષ્ટી સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### ઘર્ષણના બનાવો અંગે ગૃહમંત્રીનું નિવેદન

## વીડિયો અને સીસીટીવી ફૂટેજમાંથી તોફાની તત્ત્વોની ઓળખ કરી પગલાં ભરાશે

અમદાવાદ, તા.૧૯

નાગરિકતા સુધારણા કાયદાના વિરોધમાં કેટલાક સંગઠનો દ્વારા અપાયેલું બંધનું એલાન સદંતર નિષ્ફળ ગયું છે. આજે બંધના એલાનને ગુજરાતની પ્રજાએ જાકારો આપીને રાજ્યની શાંતિ સલામતી ડહોળવાનો હિન પ્રયાસ કરનારા તત્ત્વોને સંકેત આપી દીધો છે કે, રાજ્યની શાણી અને સમજુ પ્રજા હવે આવા તત્ત્વોના બહેકાવામાં આવવાની નથી. મંત્રી જાડેજાએ કહ્યું કે, રાજ્યમાં શાંતિ સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રએ પણ કુશળતા-કુનેહથી શાંતિનું જતન કર્યું છે. કોંગ્રેસ સહિતના કેટલાક પક્ષો અને તત્ત્વો લોકોને ભરમાવી, ગેરમાર્ગે દોરી બંધના એલાન આપી રહ્યા છે. રાજ્યની પ્રજાએ એકાદ-બે ઘટનાઓ બાદ કરતાં તેને સરેઆમ નિષ્ફળ બનાવ્યા છે. ગૃહ રાજ્ય મંત્રીએ આવા શાંતિ સલામતી ડહોળવા માંગતા તત્ત્વોને ચેતવણી આપતા જણાવ્યું છે કે, આગામી દિવસોમાં પણ રાજ્યની શાંતિ સલામતિમાં કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો થશે તો રાજ્ય સરકાર સાખી લેશે નહીં. ગૃહ રાજ્યમંત્રીએ એમ પણ જણાવ્યું છે કે, આજે દિવસ દરમિયાન કયાંક કયાંક ટોળાઓએ એકત્રિત થઇને અશાંતિ સર્જવા માટેના કરેલા પ્રયાસોમાં અમારી પાસેના ઉપલબ્ધ વીડિયો-સીસીટીવી ફૂટેજમાંથી આવા તત્વોને ઓળખી કાઢીને તેમની સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે. રાજ્ય સરકાર રાજ્યમાં શાંત, સલામતિ અને સુરક્ષામાં કોઈપણ પ્રકારનો અવરોધ ન આવે કે જોખમ ઉભું ન થાય તે માટે કડક પગલાં ભરવા સંપૂર્ણ કટિબદ્ધ છે.

### રાજ્યના ટુ-વ્હીલર ચાલકો હેલ્મેટ સાથે તૈયાર થઈ જાવ !

## હેલ્મેટ ફરજિયાતનો કાયદો રદ થયો નથી, માત્ર સ્થગિત કરાયો છે

### રોડ સેફ્ટી કાઉન્સિલે ખુલાસો માંગતા રાજ્ય સરકારનો યુ-ટર્ન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

દ્વિ-ચક્રી વાહનચાલકો માટે ફરજિયાત હેલ્મેટના કાયદામાં થોડાક દિવસો પહેલાં જ રાહત આપી શહેરી વિસ્તારોમાં તેને મરજિયાત બનાવનાર ગુજરાત સરકાર હવે ભેરવાઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રોડ સેફ્ટી કાઉન્સિલે હેલ્મેટ મરજિયાત કરવા અંગે પૂછવામાં આવતા આખરે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ ચોખવટ કરવી પડી છે. મુખ્યમંત્રીએ શહેરમાં હેલ્મેટ મરજિયાતને થોડાક સમયની રાહત સમાન ગણાવી તે કામ-ચલાઉ ગણાવ્યું છે. આ સાથે તેમણે હેલ્મેટ ફરીથી ફરજિયાત થશે, તેવો ઈશારો પણ આજે કરી દીધો હતો.

થોડા દિવસો પહેલાં જ ગુજરાત સરકારે હેલ્મેટને લઈ શહેરમાં રહેતાં લોકોને રાહત સમાચાર આપ્યા હતા કે હવેથી શહેરોમાં હેલ્મેટ પહેરવું મરજિયાત છે. જે બાદ શહેરોમાં રહેતાં લોકો ખુશખુશાલ થઈ ગયા હતા. પણ હવે આ ખુશી થોડા દિવસોની જ મહેમાન છે, કેમ કે, મુખ્યમંત્રી રૂપાણીએ હેલ્મેટ ફરીથી ફરજિયાત થશે તેવું જણાવી દીધું છે.

હેલ્મેટ મરજિયાત કરવા અંગે સીએમ રૂપાણીએ સ્પષ્ટતા કરી હતી. રાજ્ય સરકારના નિર્ણય અંગે ખુલાસો કરતાં સીએમ રૂપાણીએ કહ્યું કે, આ કાયદો થોડા સમય માટે જ મોકૂફ રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રોડ સેફ્ટી કાઉન્સિલે રાજ્યના મુખ્ય સચિવ પાસે હેલ્મેટનો કાયદો મરજીયાત કરવા અંગે ખુલાસો માંગ્યો હતો. જેને પગલે મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, કાયદો કાઢી નાંખવામાં આવ્યો નથી.

ગાંધીનગરમાં સીએમ રૂપાણીએ રોડ સેફ્ટી કાઉન્સિલના પત્ર અંગે કહ્યું કે, કાઉન્સિલનો પત્રા ચીફ સેક્રેટરીને મળ્યો છે. જેનો જવાબ આપવામાં આવશે. પરંતુ હાલમાં જે શહેરી વિસ્તારોમાં હેલ્મેટનો કાયદો મરજીયાત કરવામાં આવ્યો છે તે માત્ર કામ ચલાઉ ધોરણે છે કાયમી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૫ દિવસ પહેલાં જ ગુજરાત સરકારે શહેરી-અર્ધશહેરી વિસ્તારોમાં ટૂ-વ્હીલરચાલક માટે હેલ્મેટ પહેરવું મરજિયાત કર્યું હતું. ત્યારે ફરી હવે આ પ્રકારની સ્પષ્ટતા કરવામાં આવતા વાહનચાલકોના પેટમાં ફાળ પડી રહી છે. રાજ્ય સરકારના હેલ્મેટ અંગેની છૂટછાટના નિર્ણયની રોડ સેફ્ટી કાઉન્સિલે આકરી ટીકા કરી હેલ્મેટ ફરીથી ફરજિયાત કરવાના સરકારને નિર્દેશ આપ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

### ઈન્ડિયા ફાર્મા એન્ડ ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ કોન્ફરન્સ ગાંધીનગર ખાતે યોજાશે

## ગુજરાત રાજ્ય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને મેડિકલ ડિવાઈસીસ ક્ષેત્રે મોખરે : કેન્દ્રીય મંત્રી

અમદાવાદ, તા.૧૯

કેન્દ્રીય શિપિંગ તથા કેમિકલ અને ફર્ટિલાઈઝર રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, ‘‘પથી ૭ માર્ચ દરમિયાન ‘ઈન્ડિયા ફાર્મા એન્ડ ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ-૨૦૨૦’’નું ગુજરાતમાં આયોજન થઈ રહ્યું છે, ત્યારે ગુજરાત માટે આ એક ગર્વની વાત છે, કેમ કે આ ક્ષેત્રમાં યુવાનો અને આંત્રપિન્યોર્સ માટે ઘણી બધી તકો રહેલી છે. કેન્દ્રીય રાજ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત રાજ્ય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને મેડિકલ ડિવાઈસીસ ક્ષેત્રે મોખરે છે. ભારત સરકારના ફાર્માસ્ટુટિકલ વિભાગ, કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રાલય, ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ‘ઈન્ડિયા ફાર્મા એન્ડ મેડિકલ ડિવાઈસ-૨૦૨૦’ ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસ ઉદ્યોગની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ અને એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ પથી ૭ માર્ચ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. આ સંદર્ભમાં કેન્દ્રીય રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ‘ઈન્ડિયા ફાર્મા એન્ડ ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ-૨૦૨૦’એ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને મેડિકલ ડિવાઈસીસ ઉદ્યોગમાં ખૂબ જ અગત્યનો કાર્યક્રમ છે. જેમાં નીતિ ઘડનાર સમુદાય, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને મેડિકલ ડિવાસીસ ઉદ્યોગના અગ્રણીઓ એકત્રિત થશે. હેલ્થ કેર સેક્ટરમાં અને ખાસ કરીને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને મેડિકલ ડિવાઈસીસ ક્ષેત્રે હવે પછી થનારા વિકાસ અંગે પણ પરામર્શ આ કોન્ફરન્સમાં કરવામાં આવશે. કેન્દ્રીય કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રી સદાનંદ ગૌડાએ જણાવ્યું હતું કે, આ ત્રિ-દિવસીય કોન્ફરન્સ માટે ફાર્મા અને મેડિકલ ડિવાઈસ ઉદ્યોગના ૧૫૦થી વધુ સીઈઓને, ૧૮ દેશોનો ઈન્ટરનેશનલ ડ્રગ રેગ્યુલેટર્સ, ૫૦થી વધુ દેશોના એમ્સેડર્સ અને કોમર્શિયલ કાઉન્સેલર્સને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# અટકાયત હેઠળ જીંદગી : કાશ્મીરના રાજકીય હરીફો હવે ગાઢ મિત્રો બની ગયા છે

## મોટા ભાગના આ રાજકીય નેતાઓ કોમન રૂમમાં અથવા મેસમાં ટીવી જુએ છે

(એજન્સી) તા.૧૯

એવું કહેવાય છે કે રાજનીતિ વિરોધાભાસી વલણ ધરાવતાં લોકોને પણ નજીક લાવે છે પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં તો બે પ્રતિકૂળ સ્થિતિ પ્રવર્તે છે તેના કારણે હવે રાજકીય હરીફો મિત્રો બની રહ્યાં છે. શ્રીનગરમાં એમએલએ હોસ્ટેલ ખાતે મુખ્યધારાના નેતાઓની અટકાયતને કારણે કેન્દ્રશાસિત પ્રદેશમાં અલગ રાજકીય હરીફ હોવા છતાં તેમની વચ્ચે મૈત્રીનું આત્મીય બંધન સુદ્રઢ બન્યું છે.



મુખ્ય ધારાના નેતાઓ કે જેઓ હજુ ગઈ સાલ સુધી કટ્ટર રાજકીય શત્રુઓ હતા તેઓ હવે એક જ હોસ્ટેલમાં સાથે ભોજન લે છે અને પ્રદેશની વિવિધ ઘટનાઓ અંગે સાથે મળીને કલાકો સુધી ચર્ચા કરે છે. હાલ એમએલએ હોસ્ટેલ ખાતે જુદા જુદા મુખ્યધારાના રાજકીય પક્ષોના ૩૩ રાજકીય નેતાઓને હાલ રાખવામાં આવ્યાં છે. આ નેતાઓમાં મુખ્યત્વે પીડીપી, નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ કોન્ફરન્સના પૂર્વ પ્રધાનો અને ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

આ નેતાઓની સૌપ્રથમ સેન્ટોર હોટલ ખાતે અટકાયત કરવામાં આવી હતી. પરંતુ હવે પાંચ મહિનાની અટકાયત બાદ આ નેતાઓ વચ્ચે મૈત્રીનું નવું બંધન રચાઈ રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ પ્રધાન નઈમ અખ્તરના નિવાસસ્થાનેથી ખાસ દહીં લાવવામાં આવ્યું હતું. હવે પ્રત્યેક અટકાયતીને પ્રધાન બનેલા પૂર્વ બ્યુરોક્રેટના ઘરે તૈયાર કરવામાં આવતા દહીં માટે ખાસ રુચિ જોવા મળે છે. તેમના ઘરેથી દરરોજ દહીં લાવવામાં આવે છે. એ જ રીતે પી સી ચેરમેને સજ્જાદ લોન માટે તેમના સગાસંબંધીઓ અને તેમના પરિચિતો ચોકલેટ અને ફ્રૂટ લાવી રહ્યાં છે.

આમ તમામ નેતાઓ માટે તેમના સગાસંબંધીઓ ભોજન લાવે છે અને મોટા ભાગના અટકાયતીઓ એક બીજાના ભોજનમાંથી શેર કરે છે. મોટા ભાગના નેતાઓ આજકાલ અટકાયત દરમિયાન પુસ્તકોનું વાંચન કરે છે. આ નેતાઓ તેમનો મોટા ભાગનો સમય પુસ્તકોના વાંચનમાં અથવા કાશ્મીર અને ભારતની રાજનીતિની ચર્ચા કરવામાં ગાળે છે કેટલાક નેતાઓએ ધર્મ અને બોયોગ્રાફી પરના પુસ્તકો ખરીદવાનું શરુ કર્યુ છે.

# જામિયા પર હુમલા સામે પંજાબના વિદ્યાર્થીઓનો સંગઠિત વિરોધ : અમે સૌ એક છીએ

## જુદા જુદા વિદ્યાર્થી સંગઠનોએ વૈચારીક મતભેદ ભૂલી જઈને નાગરિકતા કાયદા સામે ઉગ્ર વિરોધ કરવા નિર્ધાર વ્યક્ત કર્યો




(એજન્સી) તા.૧૯

પંજાબમાં નાગરિકતા સુધારા કાયદો, નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) અને જામિયા મિલ્લિયા ઈસ્લામિયા, દિલ્હી યુનિવર્સિટી અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી સહિત દેશભરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પર પોલીસની આતંકી કાર્યવાહી સામે જે વિરોધ વંટાળ ઊભો થયો છે તેમાં એક રસપ્રદ પેટર્ન જોવા મળી રહી છે.

જમણેરી પાંખના અપપ્રચારની વિરુદ્ધ આ વિરોધ દેખાવો માત્ર મુસ્લિમો નહીં પરંતુ તમામ ધર્મોના પંજાબીઓ દ્વારા યોજવામાં આવી રહ્યાં છે. બીજું વિદ્યાર્થી સંગઠનોએ સંગઠિત થવા અને કોમી ધોરણે લોકોમાં ભાગલા પડાવવાનો કોઈ પણ પ્રયાસ સાંખી લેવાશે નહીં એવો કડક સંદેશો આપીને વિદ્યાર્થીઓ તેમના વૈચારીક મતભેદો ભૂલીને સંગઠિત થઈ રહ્યાં છે.

તમામ બાબતો પર પંજાબીયત હવે છવાઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબ એક માત્ર રાજ્ય છે જ્યાં લઘુમતીઓ બહુમતીમાં છે. જમ્મુ અને કાશ્મીર ઓગસ્ટમાં કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત થયાં પહેલા આવું જ રાજ્ય હતું. આ ઉપરાંત પંજાબ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ પણ ધરાવે છે. અત્રે એ જણાવવું પણ જરુરી છે કે પંજાબે બંગાળ સાથે મળીને દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતને કારણે ઘણુ સહન કરવું પડ્યું છે અને તેઓ એવું ઈચ્છતા નથી કે ઈતિહાસ દોહરાય.

ગત સપ્તાહે પતિયાલા, માલેર કોટલા અને લુધિયાણામાં પંજાબ યુનિવર્સિટી દ્વારા શ્રેણીબદ્ધ વિરોધ-દેખાવો અને ત્યાર બાદ ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટી અને ગુરુનાનકદેવ યુનિવર્સિટી અને સરકારી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ મંગળવારે કેન્દ્ર સરકાર અને પોલીસ આતંક સામે બે અલગ અલગ વિરોધમાં અમૃતસરની કાતિલ ઠંડીની પરવાહ કર્યા વગર પોતાનો આક્રોશ વ્યક્ત કરવા એકત્ર થયાં હતા. ગુરુનાનકદેવ યુનિવર્સિટી ખાતે વૈચારીક રીતે અલગ અલગ વલણ ધરાવવા છતાં લોકો સામૂહિક રીતે એકત્ર થયાં હતાં તેમાં શીખ યુથ ઓફ પંજાબ, રીસર્ચ સ્કોલર એસોસિએશન, સ્ટુડન્ટ ફોર સોસાયટી, પંજાબ સ્ટુડન્ટ યુનિયન, મૂળ નેવાસી સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન, ફુલે-આંબેડકર એસોસિએશન અને પંજાબ સ્ટુડન્ટ યુનિયનના પ્રતિનિધિઓએ આ દેખાવમાં ભાગ લીધો હતો. દેખાવકારોએ ભાજપ અને કેન્દ્ર સરકાર પર હિંદી-હિંદુ-હિંદુત્વનો એજન્ડા ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો.

# નાગરિકતા કાયદા વિરૂદ્ધ આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા મુલાકાતો રદ થઈ, પ્રતિબંધો મૂકવા આહ્‌વાન

**ભારત સરકાર નાગરિકતા બિલ મુદ્દે ઘેરાઈ, દેશ અને વિદેશ બંનેમાં ટીકા, ટીકાકારોએ બિલને મુસ્લિમો વિરૂદ્ધ ગણાવ્યું**




(એજન્સી) તા.૧૯

નાગરિકતા સુધારા બિલ વિરૂદ્ધ હવે આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. મોટાભાગના દેશોએ આ બિલને મુસ્લિમ વિરોધી ગણાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ વિવાદિત બિલનો સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, આખું વિશ્વ આ દેખાવોને જોઈ રહ્યું છે. આ સુધારેલા બિલ મારફતે ભારત સરકાર ગેરકાયદે શરણાર્થીઓ જે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી ભારતમાં આવેલા છે તેમને નાગરિકતા આપવાની વાત કરવામાં આવી છે. જો કે, તેમાં દાવ એ કર્યો છે કે, તેમાં મુસ્લિમોને બાકાત રાખી તમામ ધર્મના લોકોને નાગરિકતા આપવાનો દાવો કરવામાં આવ્યો છે. મોદી સરકારે ધાર્મિક ઉત્પીડનના બહાને આ લોકોને નાગરિકતા આપવાની વાત કહી છે. બિલમાં મુસ્લિમોને સમાવાયા નથી. તેમાં અહેમદીઓને સામેલ કરાયા નથી જેઓ પાકિસ્તાની મુસ્લિમ કહેવાય છે. આ બિલમાં ફક્ત હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ પારસી, ખ્રિસ્તીઓને નાગરિકતા આપવાની વાત કહેવામાં આવી છે જેઓ બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ભારતમાં આવ્યા હતા. સરકારે કહ્યું કે, તે ભારતીય નાગરિકોની નાગરિકતા નહીં છીનવે. તેણે આ બિલ મુસ્લિમ વિરોધી હોવાના આરોપોને પણ નકારી કાઢ્યા હતા. તેણે વાયદો કર્યો કે તે ઉત્તર-પૂર્વના સ્થાનિક લોકોની સુરક્ષા અને અધિકારો સુનિશ્ચિત કરશે. અહીં આ બિલને કારણે લોકોની સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ જોખમાઈ ગઈ છે. તદ્‌ઉપરાંત નાગરિકતા સુધારા એક્ટની જોરદાર રીતે ચોતરફી ટીકા કરવામાં આવી રહી છે. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાનખાને પણ આ મામલે પ્રતિક્રિયા આપી હતી. પાકિસ્તાનની વિધાનસભાએ આ મામલે પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો અને આ બિલને ભેદભાવપૂર્ણ ગણાવ્યું હતું.

# CAA સામેના વિરોધ દરમિયાન હિંસા અંગે UN ચિંતિત, અભિવ્યક્તિની સ્વતંત્રતાનો આદર કરવા અનુરોધ કર્યો

(એજન્સી) સંયુક્ત રાષ્ટ્ર, તા.૧૯

સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે ભારતમાં નાગરિકતા સુધારા કાયદા (સીએએ) સામે કરવામાં આવી રહેલા વિરોધ દરમિયાન સર્જાયેલી હિંસા અને પોલીસ તેમજ સુરક્ષા દળો દ્વારા કરાયેલા વધુ પડતા બળપ્રયોગ અંગે ચિંતા વ્યક્ત કરીને અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારોનો આદર કરવાનો અનુરોધ કર્યો છે. ચાલુ મહિનાના પ્રારંભમાં સંસદમાં નાગરિકતા સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારથી



સમગ્ર ભારતમાં તેનો વિરોધ થઈ રહ્યો છે. સંસદમાં આ બિલ પાસ થઈ ગયું છે અને રાષ્ટ્રપતિએ તેમના હસ્તાક્ષર કર્યા બાદ આ બિલ હવે કાયદો બની ગયો છે. સીએએનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓએ જણાવ્યું કે, મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા હોવાથી આ કાયદો ગેરબંધારણીય અને વિભાજનકારી છે. ગુટેરેસના પ્રવક્તા સ્ટિફન દુજારિકે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું કે, નાગરિકતા સુધારા કાયદાનો વિરોધ કરી રહેલા દેખાવકારો પર સુરક્ષા દળોના વધુ પડતા બળપ્રયોગ અને હિંસાને અમે નિહાળ્યા છે અને તેના વિશે અમે ચિંતિત છીએ. અમે સંયમ જાળવવાની અપીલ કરીએ છીએ.

# અંતરાત્માને વેચશે નહીં, અભિનેતા સુશાંતસિંહે સાવધાન ભારત કરાર સમાપ્તિ અંગે જણાવ્યું હતું

## તેમણે ટ્વીટ પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે સીએએ વિરુદ્ધ બોલવા બદલ અને જામિયા અને એએમયુ વિદ્યાર્થીઓ પર પોલીસે કરેલી કાર્યવાહીને કારણે કરાર સમાપ્ત થયો હોય તો તે બહુ ઓછી કિંમત છે

(એજન્સી) તા.૧૯

ફિલ્મ અને ટેલિવિઝન અભિનેતા સુશાંતસિંહે કહ્યું કે તેમનો સાવધાન ભારત માટેનો કરાર પૂરો થયો છે. સુશાંતે મુંબઈમાં એક વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધા પછી જ આ સમાચાર પ્રકાશિત થયા હતા. જેણે નવા સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ વિરુદ્ધ આંદોલન કરી રહેલા જામિયા મિલ્લિયા ઈસ્લામિયાના વિદ્યાર્થીઓ સામેની પોલીસ હિંસાની નિંદા કરી હતી.



સીએએ વિરુદ્ધ બોલવા બદલ અને વિદ્યાર્થીઓ સામે કરેલા પોલીસ કાર્યવાહી પર બોલવા બદલ આ કિંમત છે કે કેમ તે અંગે સિંઘને પૂછવામાં આવેલા એક ટ્વીટ પર પ્રતિક્રિયા આપતાં સુશાંતે કહ્યું હતું કે તે બહુ ઓછી કિંમત છે.

ધ ઈન્ડિયન એક્સપ્રેસ મુજબ અભિનેતાએ કહ્યું કે, તે પોતાની ભાવના અને અંતઃકરણને નહીં વેચે. જ્યારે મારા બાળકો મોટા થાય અને મને પૂછે કે વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરવામાં આવે છે ત્યારે મેં શું કર્યું ત્યારે મારી પાસે જવાબ હોવો જોઈએ.

... મને લાગે છે કે જો તે ખરેખર મારા પગલાંનું પરિણામ હતું, તો તે ખૂબ જ ઓછી કિંમત છે જે હું ચૂકવી શકું છું. જે કંઈ પણ થઈ રહ્યું છે તેનાથી હું હચમચી ગયો છું અને મારી ક્રિયાઓનો મને અફસોસ નથી.

# મળો તે બહાદૂર વિદ્યાર્થીઓને જેઓ પોલીસના લાઠીચાર્જ સામે પણ નીડર થઈને ઊભી રહી

(એજન્સી) તા.૧૯

રવિવારે સાંજે દિલ્હીની જામિયા યુનિ.માં પોલીસ સામે આંખ બતાવીને મોરચા લેતી એક વિદ્યાર્થિનીની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. આ વિદ્યાર્થિની પોતાના એક મિત્રને છોડાવવા માટે પોલીસવાળાના એક સમૂહ સાથે અથડાઈ ગઈ. જે નિર્દયતાપૂર્વક લાકડીઓ ચલાવી રહ્યા હતા. નાગરિકતા કાયદાની વિરૂદ્ધ સાઈલેન્ટ પ્રોટેસ્ટ કરી રહેલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પર પોલીસના અત્યાચારની વાર્તા બધાની જીભ પર છે પરંતુ તે જ અત્યાચાર દરમિયાન આ વિદ્યાર્થિની પોતાની સાથી વિદ્યાર્થિનીઓ સાથે પોલીસની લાકડીઓની આગળ ઢાલ બનીને ઊભી રહી. હિઝાબ પહેરેલી આ વિદ્યાર્થિનીનું નામ આયશા રેના છે અને બરાબર તેની પાછળ છે. લદીદા શકલુન અને જે વિદ્યાર્થીને પોલીસ નિર્દયતાથી લાકડીઓથી મારી રહી હતી તેનું નામ શાહીન અબ્દુલ્લા છે. આ બધા કેરળના રહેવાસી છે. જામિયાના ઈતિહાસ વિભાગમાં પોસ્ટ ગ્રેજયુએશનની વિદ્યાર્થિની ૨૨ વર્ષની આયશા જણાવે છે. રવિવારે અમે સામે ન હતા. સરાય જુલેનામાં પ્રદર્શનકારીઓની માર્ચમાં અમે સૌથી અંતમાં હતા. ઓચિંતા અમે જોયું કે, બધા વિદ્યાર્થી દોડી રહ્યા છે. અમને ખબર ન હતી કે, શું થયું છે ત્યારે પોલીસે ટીયર ગેસ છોડવાનું શરૂ કરી દીધું. અમે પણ ત્યાર પછી પાછળ ખસી ગયા. અમે એક વૃક્ષની પાછળ સંતાવાનો પ્રયાસ કર્યો. પરંતુ પોલીસે અમને જોઈ લીધા. આ દરમિયાન અસ્થમાની દર્દી લદીદાને ટીયર ગેસના કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી થવા લાગી તો અમે એક ઘરમાં દોડયા



જેથી પોલીસ અમારી પર હુમલો ન કરે. લદીદા જણાવે છે કે, અસ્થમાના કારણે મારો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. અમારી સાથે વધુ બે વિદ્યાર્થિનીઓ હતી જેમને પોલીસે મારી હતી અને તેમને ફર્સ્ટ એડની જરૂરત હતી. અમે આ વિચારીને ઘરમાં ગયા કે અમે ત્યાં સુરક્ષિત રહીશું પરંતુ પોલીસે અમારો પીછો કર્યો. આ જોઈ અમે સૂત્રો લગાવવાનું શરૂ કરી દીધા. અમને હતું કે, પુરૂષ પોલીસવાળા વિદ્યાર્થિનીઓ પર હાથ નહીં ઉઠાવે. પરંતુ અમે ખોટા હતા. તેમણે નિર્દયતાથી લાઠીચાર્જ શરૂ કરી દીધો. આયશાએ જણાવ્યું કે, શાહીન અમને શોધતા આવ્યો હતો અને જ્યારે તે અમારી મદદ કરી રહ્યો હતો ત્યારે પોલીસવાળાઓએ અમારી પર હુમલો કરી દીધો. આયશા જણાવે છે કે, અમે પોતાની આસપાસ હાજર લોકોની સુરક્ષા માટે અવાજ ઉઠાવતા રહીશું. અમે ડરવાના નથી. અમે માત્ર પોતાના અધિકારોની માંગ કરી રહ્યા છીએ. જો અમે હવે ઊભા નહીં થઈએ તો ક્યારે ઊભા થઈશું. શાહીને જણાવ્યું કે, મેં તેમને બતાવવાનો પ્રયાસ કર્યો કે હું એક પત્રકાર છું પરંતુ તેમણે કોઈની વાત સાંભળી નહીં તે માત્ર અમને મારવા જ ઈચ્છતા હતા. આ બધા વિદ્યાર્થીઓના પરિવાર આ લડાઈમાં તેમની સાથે છે. આયશાના પતિ અસલ રહમાન એક સ્વતંત્ર પત્રકાર છે. બે-ત્રણ દિવસ પહેલાં એક આંદોલનમાં પોલીસે તેમને પણ માર્યા હતા. આયશાએ જણાવ્યું કે, મારા પતિ રવિવારે મારી સાથે ન હતા પરંતુ તે પણ આ વિરોધ પ્રદર્શનોમાં આવતા રહ્યા છે. અમારા પરિવાર પણ અમારી સાથે છે. તે સમજે છે કે, નાગરિકતા કાયદો આવવાથી કયા પ્રકારનું વિભાજન થશે. આ અમારા અધિકારોને છીનવી લેવાવાળો કાયદો છે. લદીદા પણ જણાવે છે કે, તેના માતા-પિતા પણ ન્યાય માટે લડાઈમાં હંમેશા તેની સાથે રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, જામિયા યુનિ.ના વિદ્યાર્થી તે નાગરિકતા કાયદાનો વિરોધ કરી રહ્યા છે જેમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના બિન-મુસ્લિમોને નાગરિકતા આપવાની જોગવાઈ કરી છે.

# અયોધ્યા કેસમાં વિજય સાથે હિંદુત્વ એજન્ડા સમાપ્ત થતો નથી : સુબ્રમણ્યમ સ્વામી

## રાજ્યસભાના ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ એક મુલાકાતમાં ઘેરી આર્થિક સ્થિતિથી લઈને અયોધ્યા કેસમાં સુપ્રીમકોર્ટના ચુકાદા સુધીની વિવિધ બાબતો પર વિષદ છણાવટ કરી

(એજન્સી) તા.૧૯

હફિંગ્ટન પોસ્ટ ઈન્ડિયા સાથેની મુલાકાતના બીજા ભાગમાં રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ભારતની ઘેરી આર્થિક મંદીથી લઈને અયોધ્યા મુદ્દે સુપ્રીમકોર્ટના ચુકાદા અને તેની અનુવર્તી અસરો અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

RSS અને વિશ્વ હિંદુ પરિષદ જેવા જમણેરી પાંખના સંગઠનોના એક સમયના આલોચક રહેલા સ્વામી હવે છેલ્લા એક દાયકાથી હિંદુત્વ અને હિંદુ રાષ્ટ્રવાદના હિમાયતી તરીકે ઊભરી આવ્યાં છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ જણાવ્યું છે કે અયોધ્યામાં વિજયના સાથે હિંદુત્વ એજન્ડાનો અંત આવી જતો નથી. તેમણે જણાવ્યું હતું કે અયોધ્યા કેસમાં સુપ્રીમકોર્ટે જ્યાં એક વખત બાબરી મસ્જિદનું અસ્તિત્વ હતું તે જમીન હિંદુઓને આપવા આદેશ કર્યો છે તેનો અર્થ એ થાય છે કે ભારતે પોતાની ઐતિહાસિક વિરાસત પુનઃ પ્રાપ્ત કરી છે.

જો કે તેમણે ઉમેર્યુ હતું કે અહીં આ મામલાનો અંત આવી જતો નથી.



હિંદુત્વના દ્રષ્ટિકોણથી સુબ્રમણ્યમ સ્વામીના જણાવ્યા પ્રમાણે જ્યારે મથુરા અને વારાણસીમાં મંદિરોનું પુનઃ સ્થાપન થશે ત્યારે જ હિંદુઓની આશાઓ અને સપનાઓ સાકાર થશે.૧૯૯૨માં જ્યારે બાબરી મસ્જિદ શહીદ થઈ ત્યારે નરસિંહરાવ સરકારમાં કેન્દ્રીય પ્રધાન રહેલા સ્વામીએ ધાર્મિક સ્થળોના સ્વરુપને બદલવા સામે રક્ષણ આપતા કાયદો સુધારવા માટેના પોતાના પ્લાન અંગે વાત કરી હતી.

ડો.સુબ્રમણ્યમ સ્વામીએ જણાવ્યું હતું કે સુપ્રીમકોર્ટે ધાર્મિક સ્થળ કાયદા ૧૯૯૧નો અમલ કર્યો છે પરંતુ તે પ્રાર્થના કરવાના મૂળભૂત અધિકારને સુપરસીડ કરી શકે નહીં. આથી આ કાયદાને ગેરબંધારણીય જાહેર કરવા હું સુધારો લાવીશ. જેમ રામ મંદિર માટે કાયદામાં સુધારો કર્યો તેમ તમે અન્ય બે મંદિરો માટે પણ કાયદો સુધારો કારણ કે તેમાં મૂળભૂત અધિકારો સંકળાયેલા છે. આ માટે હું સંસદમાં પણ પ્રયાસ કરીશ.

જ્યારે સુબ્રમણ્યમ સ્વામીને પૂછવામાં આવ્યું કે ભારતીય મુસ્લિમોને વિદેશી તરીકે જોવા માટે તમે કેમ આગ્રહ રાખો છો ? ત્યારે તેમણે જણાવ્યું હતું કે હું આવો આગ્રહ રાખતો નથી. મેં એવું જણાવ્યું છે કે જો તેઓ સમંત થાય કે તેમના પૂર્વજો હિંદુઓ હતા તો પછી તેઓ મારા પરિવારના ભાગ ગણાશે. મેં તમને ગયા વખતે પણ કહ્યું હતું કે મારા જમાઈ મુસ્લિમ છે. તેઓ એક અગ્રણી રાજદૂત હતા, વિદેશી સચિવ હતા. તે તમને કહેશે કે મેં તેમના પ્રત્યે કોઈ પૂર્વગ્રહ રાખ્યો નથી.


અમદાવાદ



વડોદરા


છાપી


ગોધરા

એનઆરસી અને સીએએનો વિરોધ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. આ વિરોધને પગલે અમદાવાદ બંધના આપેલા એલાનને અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોએ ટેકો આપતા અમદાવાદ સહિત વડોદરા, ગોધરા, શહેરા, કાલોલ, લુણાવાડા, હિંમતનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેમદાવાદ, બોરસદ, છાપી, પાલનપુર સહિત અનેક શહેરોએ બંધને ટેકો આપી અભૂતપૂર્વ અને સજ્જડ બંધ પાળ્યો હતો. અમદાવાદના તમામ મુસ્લિમ વિસ્તારો તો સવારથી જ સજ્જડ બંધ રહ્યા હતા, પરંતુ શાહપુર, દરિયાપુર, શાહેઆલમ, દાણીલીમડા વિસ્તારમાં તથા કેટલાક શહેરોમાં હિંદુ ભાઈઓએ પણ બજારો બંધ રાખી બંધને સમર્થન આપ્યું હતું અને ટેકો જાહેર કર્યો હતો.

### NRC અને CAAના કાળા કાયદાના વિરોધમાં અમદાવાદ બંધના આપેલા એલાન સંદર્ભે

# અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરો અભૂતપૂર્વ સજ્જડ બંધ

### અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા, ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, છાપી, વડગામ સહિત અનેક શહેરોના લોકો બંધમાં જોડાયા

## અમદાવાદ સહિત અનેક શહેરોમાં હિંદુ પ્રજાએ પણ બંધને સમર્થન આપી બંધ પાળ્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૯

દેશભરમાં એનઆરસી અને સીએએના વિરોધમાં સળગેલી વિરોધની આગ ગુજરાતમાં પણ ફેલાઈ રહી છે અને છેલ્લા એક સપ્તાહથી જુદા જુદા શહેરોમાં વિરોધનો વંટોળ ઉઠી રહ્યો છે. દરમ્યાન અલ્પસંખ્યક નાગરિક અધિકાર મંચ દ્વારા આજે ગુરૂવારના રોજ અમદાવાદ બંધના આપેલા એલાનને રાજયના અન્ય વિસ્તારના લોકોએ પણ ટેકો આપી બંધ પાળતા સજ્જડ બંધ રહ્યું હતું. ખાસ કરીને અમદાવાદના તમામ લઘુમતી વિસ્તારોમાં હિન્દુ-મુસ્લિમ વેપારીઓએ અભૂતપૂર્વ બંધ પાળી એનઆરસી અને સીએએનો જબ્બર વિરોધ નોંધાવ્યો હતો. જો કે અમદાવાદ અને બનાસકાંઠામાં રેલી બાદ લોકો રસ્તા પર ઉતરી આવતા પોલીસને લાઠીચાર્જ અને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. શાહેઆલમ વિસ્તારમાં સાંજના સુમારે કાઢવામાં આવેલી રેલી દરમ્યાન કેટલાક તોફાની તત્વોએ પોલીસ પથ્થરમારો કરતા ડઝનથી વધુ પોલીસ જવાનો અને પત્રકારો ઘાયલ થયા હતા. નાગરિક સંશોધન કાયદાના વિરોધમાં અલ્પસંખ્યક નાગરિક અધિકાર મંચના કન્વીનર

## અમદાવાદમાં લાલદરવાજા સરદારબાગ ખાતે ડાબેરી સંગઠનો દ્વારા રસ્તા રોકવાનો પ્રયાસ કરતા અનેકની અટકાયત

શમશાદખાન પઠાણે અમદાવાદ શહેર બંધનું એલાન આપ્યું હતું. જેને વિવિધ શહેરના લોકોએ પણ ટેકો જાહેર કરતા બંધ વ્યાપક બને તેવી શકયતા વર્તાતી હતી. ગતરોજથી જ અમદાવાદ, વડોદરા, ગોધરા, શહેરા, કાલોલ, લુણાવાડા, બનાસકાંઠા સહિત શહેર જિલ્લાના લોકોએ બંધને ટેકો જાહેર કરી આજે સવારથી જ સજ્જડ બંધ પાળ્યો હતો. અમદાવાદમાં સવારથી જ બંધની અસર જોવા મળી હતી. શાહેઆલમ, દાણીલીમડા, બહેરામપુરા, વટવા, જુહાપુરા, જમાલપુર, રાયખડ, દરિયાપુર, કાલુપુર, શાહપુર, મીરઝાપુર, લાલદરવાજા, ત્રણ દરવાજા, પાનકોરનાકા, રખિયાલ, ગોમતીપુર સહિતના વિસ્તારોમાં લોકોએ અભૂતપૂર્વ બંધ પાળ્યો હતો. શાહપુર, શાહેઆલમ, દાણીલીમડા, બહેરામપુરા જેવા વિસ્તારમાં તો હિન્દુ વેપારીઓએ પણ બંધ પાળી સહકાર આપ્યો હતો. અમદાવાદમાં ઝાંસી કી રાણી ચાર રસ્તા પાસે વિરોધ પ્રદર્શન કરી રહેલા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિત ૩૦ લોકોની પોલીસે અટકાયત કરી હતી. જ્યારે લાલ દરવાજા દિનબાઈ ટાવર પાસે એનએસયુઆઈના દેખાવકારો દ્વારા એએમટીએસની બસમાં તોડફોડ

## મિરઝાપુરમાં બસ પર પથ્થરમારો, શાહેઆલમમાં રેલીને પોલીસે અટકાવતાં ટોળાનો પથ્થરમારો : અનેક પોલીસ જવાનોને ઈજા

કરી હતી તો લાલ દરવાજા સરદારબાગ પાસે દેખાવો કરી રહેલા ડાબેરી સંગઠનોના કાર્યકરોએ રસ્તા પર સૂઈ જઈ ચક્કાજામ કરવાનો પ્રયાસ કરતાં પોલીસે લાઠીચાર્જ કરી અનેક લોકોની અટકાયત કરી હતી. જ્યારે શાહેઆલમ વિસ્તારમાં સ્થાનિક કાઉન્સિલર દ્વારા રેલી કાઢવાનો કાર્યક્રમ હતો તે દરમિયાન પોલીસે પોલીસ પરમિશન ન હોવાથી રેલીમાં રહેલા લોકોની અટકાયત શરૂ કરતાં રેલીમાં સામેલ કેટલાક તોફાની શખ્સોએ પોલીસ પર પથ્થરમારો શરૂ કરતાં ડઝનબંધ પોલીસ અને પત્રકારો ઘવાયા હતા. આમ એનઆરસી અને સીએબીના વિરોધમાં અપાયેલા બંધના એલાનને અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોના મુસ્લિમોએ તેમના વેપાર-ધંધા-રોજગાર સજ્જડ બંધ રાખી સજ્જડ વિરોધ નોંધાવ્યો હતો. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, બંધનું એલાન માત્ર અમદાવાદ શહેર પૂરતું જ આપવામાં આવ્યું હતું પરંતુ હિંમતનગર, વડોદરા, કાલોલ, ગોધરા, શહેરા, લુણાવાડા, છાણી, પાટણ, વડગામ, બનાસકાંઠા, સાબરકાંઠા સહિત અનેક શહેર અને જિલ્લાના લોકોએ બંધને સમર્થન આપી સજ્જડ બંધ પાળ્યો હતો.


શાહેઆલમ રેલી


રખિયાલ રેલી









## અમદાવાદ શાહેઆલમ વિસ્તારમાં મંજૂરી વિના કાઢેલી રેલીને અટકાવતાં પોલીસ પર ટોળાના પથ્થરમારામાં અનેક ઘાયલ

સિટીઝનશીપ એમેન્ડમેન્ટ એકટ (સીએએ) અને એનઆરસીના વિરોધમાં દેશભરમાં થઈ રહેલા ઉગ્ર પ્રદર્શનોમાં ગુજરાત પણ જોડાયું છે અને રાજ્યમાં ઠેર-ઠેર રેલી, ધરણાં, દેખાવો સહિત વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. આજ સંદર્ભે ગુરૂવારના રોજ અલ્પસંખ્યક નાગરિક અધિકાર મંચ દ્વારા અમદાવાદ બંધનું એલાન આપવામાં આવ્યું હતું પરંતુ આ બંધને રાજયના અન્ય શહેરોના લોકોએ પણ ટેકો આપી બંધમાં જોડાયા હતા. અમદાવાદ શહેરમાં શાહેઆલમ વિસ્તારમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારોની સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા. જો કે, રેલીને પોલીસની મંજૂરી ન હોવાથી પોલીસે અટકાયત શરૂ કરી હતી જેમાં કેટલાક તોફાની તત્ત્વોએ પોલીસ પર પથ્થરમારો કરતાં ડઝનથી વધુ જવાનોને ઈજા પહોંચી હતી. બીજી તરફ અમદાવાદના રખિયાલ કલંદરી મસ્જિદમાં પણ હજારોની સંખ્યામાં લોકોએ એકઠા થઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

### ટોળાને વિખેરવા પોલીસે પ્રયાસ કરતાં મામલો બિચક્યો

# શાહેઆલમમાં CAAના વિરોધ પ્રદર્શન વેળા પોલીસ પર પથ્થરમારો : ટીયરગેસના સેલ છોડાયા

### વિરોધ પ્રદર્શન વેળા કેટલાક તોફાની તત્ત્વોએ પથ્થરમારો કરતાં ૧૨થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ, પોલીસના ધાડેધાડા ઘટના સ્થળે ઉતારી દેવાયા બાદ અંતે મામલો થાળે પડ્યો

અમદાવાદ, તા.૧૯

નાગરિક સંશોધન કાયદાના (CAA) વિરોધમાં અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા. જેમાં શાહેઆલમ વિસ્તારમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોની અટકાયત કરતા મામલો બિચક્યો હતો. જેમાં પોલીસ અને લોકોના ટોળા વચ્ચે ઘર્ષણ થતા કેટલાક તોફાની લોકોએ પથ્થરમારો કરતા દોડધામ મચી ગઈ હતી. તેમાં કેટલાક પોલીસકર્મીઓને પણ ઈજા થઈ હતી ત્યારે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટીયરગેસના સેલ પણ છોડવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસના ધાડેધાડા ઉતારી દેવાતા મામલો થાળે પડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ નાગરિક સંશોધન બિલને લઈને ગુરૂવારે અમદાવાદ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ત્યારે આ કાળા કાયદાના વિરૂદ્ધમાં શહેરના શાહેઆલમ વિસ્તારમાં સાંજે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જોડાવા માટે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા ત્યારે બંધોબસ્ત માટે ગોઠવાયેલી પોલીસે ટોળાને વિખેરવા માટે પ્રયાસ કર્યો પરંતુ ટોળું વિખેરાયું નહીં એટલે પોલીસે લોકોની અટકાયત કરવાની શરૂઆત કરી હતી. જેને પગલે ટોળું ઉશ્કેરાઈ ગયું હતું. ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો તેમજ પોલીસના વાહનો ઉપર પથ્થરમારો કરતા તેના કાચ તૂટી ગયા હતા. તેમજ આ ઘર્ષણમાં ડીસીપી બિપીન આહિર અને એસીપી આર.બી.રાણા સહિત ૧૨થી વધુ પોલીસકર્મીઓ અને બે મીડિયાકર્મીઓને ઈજા થઈ હતી. જો કે ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ૧૦થી વધુ ટીયરગેસના શેલ છોડ્યા હતા. ત્યારબાદ ટોળું વિખેરાઈ ગયું હતું. તેમ છતાં મામલો થાળે પડ્યો ન હતો. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ઝોન-૪ અને ઝોન-૬ પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. એક તબક્કે રસ્તો પણ બંધ થઈ ગયો હતો. પરંતુ પોલીસે મોડે સુધી ફૂટ પેટ્રોલીંગ કરીને મામલે થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. દરમ્યાન કેટલાક સ્થાનિક આગેવાનોએ પણ બહાર આવીનો લોકોના ટોળાને વિખેરવા અને મામલો થાળે પાડવા પ્રયત્ન કર્યો હતો. એક તબક્કે ડીસીપી બિપીન આહિરને પણ સમગ્ર ઘટનામાં ઈજા થઈ હતી. પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે પોલીસના ધાડેધાડા શાહેઆલમ વિસ્તારમાં ઊતારી દેવામાં આવ્યા હતા. જો કે સ્થિતિ વણસે નહીં તે માટે સેકટર-૨ જેસીપી નિર્પૂણા તોરવણે, ક્રાઈમ બ્રાંચના સ્પેશિયલ સીપી અજય તોમર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા તેમજ કેટલાક સ્થાનિક આગેવાનોએ પણ પોલીસને મામલો થાળે પાડવાની અને પરિસ્થિતિ શાંત રાખવાની દિશામાં સાથ સહકાર આપ્યો હતો.

જો કે થોડા સમય બાદ પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લઈને વાહન વ્યવહાર ફરી શરૂ કરાવી દીધો હતો. આમ સમગ્ર દિવસ દરમ્યાન બંધના એલાનને પગલે શાહેઆલમ વિસ્તાર સૂમસામ હતો. પરંતુ સાંજે નાગરિક સંશોધન બિલના વિરોધમાં પ્રદર્શનોને લઈને ભેગા થયેલા ટોળાને પોલીસે વિખેરવાનો પ્રયાસ કરતા મામલો બિચકયો હતો. જેને ગંભીર સ્વરૂપ ધારણ ટોળામાં રહેલા કેટલાક તોફાનીઓએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. જેમાં કેટલાક પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. ત્યારે પોલીસે પણ લાઠીચાર્જ કરતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. સમગ્ર બનાવને પગલે પોલીસે કેટલાક લોકોની અટકાયત પણ કરી હતી. જો કે પથ્થરમારાના બનાવને પગલે હવે પોલીસ સીસીટીવી કેમેરા ફૂટેજના આધારે તોફાની તત્ત્વોની ઓળખ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

### MSME ઉદ્યોગો બંધ થઈ રહ્યા હોવાની વિગતોને પગલે સરકારનો નિર્ણય

## રાજ્યના માંદા નાના-મધ્યમ ઉદ્યોગોને વીજદરમાં રિએમ્બર્સમેન્ટ અપાશે

### પ્રતિ યુનિટ રૂા.૧ની રાહત; વાર્ષિક રૂા.૩૦ કરોડનો સરકારને બોજ વધશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૯

રાજયમાં નાના-મધ્યમ ઔદ્યોગિક એકમો બંધ થઈ રહ્યા હોવાની વિગતો બહાર આવી રહી છે ત્યારે રાજય સરકાર દ્વારા આ નાના-મધ્યમ-લઘુઉદ્યોગના વિકાસ માટે એક પછી એક નિર્ણય લેવાઈ રહ્યા છે. જેમાં આજે મુખ્યમંત્રીએ રાજયના આવા માંદા નાના-મધ્યમ ઉદ્યોગ એકમોને પુનઃજીવિત કરવા વીજ દરમાં પ્રતિ યુનિટ રૂા.૧નું રિએમ્બાર્સમેન્ટ આપવાનો નિર્ણય લીધો છે સરકાર ચાર વર્ષ માટે ઉદ્યોગોને આ રાહત આપશે અને તેને લઈને સરકાર પર વાર્ષિક રૂા.૩૦ કરોડનો આર્થિક બોજ થશે. મુખ્યમંત્રી સમક્ષ ગુજરાત અને કચ્છ ચેમ્બાર્સ ઓફ કોમર્સે માંદા એકમોનો પુનઃજીવીત કરવાના હેતુસર રાજય સરકારે આપેલી રાહતોમાં ખાસ કરીનો વીજ દરમાં પ્રતિ યુનિટ રિએમ્બાર્સમેન્ટ રૂપે રાહત આપવા અવારનવાર રજૂઆતો કરી હતી. આ રજૂઆતોનો સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આપીનો તેમજ આવા માંદા એકમો ઝડપથી પુનઃજીવિત થાય તો હજારો કામદારોની રોજી-રોટી જળવાઈ રહે તો હેતુસર આવા માંદા એકમોને વીજ દરમાં પ્રતિ યુનિટ રૂા.૧નું રિએમ્બર્સમેન્ટ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ રિએમ્બર્સમેન્ટ ચાર વર્ષના સમયગાળા માટે અપાશે તેમજ આના પરિણામે રાજય સરકાર દર વર્ષે અંદાજ સરેરાશ રૂા.૩૦ કરોડનો આર્થિક બોજ વહન કરશે. મુખ્યમંત્રીએ રાજયમાં ઉદ્યોગો-વેપાર દ્વારા મહત્તમ રોજગારી મળે તેવા ઉદાત અભિગમથી એમએસએમઈ એકમો માટે અનેક પ્રોત્સાહનો, સબસિડી, અગાઉ જાહેર કરેલા છે. હવે તેમણે માંદા-સીક એકમોને પણ ઝડપીથી પુનઃજીવીત થવા પ્રતિ યુનિટ રૂા. ૧ પ્રમાણે વીજ રિએમ્બર્સમેન્ટ આપવાનો અભિગમ અપનાવી વધુ એક રાહતની જાહેરાત કરી છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS